પાના -૮, કિંમત રૂ.૨, તા. ૨૮ -૦૬-૨૦૨૪- શુક્રવાર, સુરત

સાંધ્ય દૈનિક

પ્રતાપ દર્પણ

RNI NO : 67531/97 | મુદ્રક તથા પ્રકાશક : રાજેશ બાલુભાઈ પટેલ ● તંત્રી : પ્રવીણ ગોહિલ ● સહતંત્રી : જગદીશ વાલજીભાઈ ચાવડા ● વર્ષ : ૨૮ ● મોબાઈલ નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫

www.pratapdarpan.in | pratapdarpan_official | pratapdarpansrt@gmail.com | pratapdarpan_official11

દિલ્હી એરપોર્ટની છત તૂટી પડતા એકનું મોત, છ ઘાયલ

વહેલી સવારે ભારે વરસાદ વચ્ચે ટર્મિનલ ૧ પર એરપોર્ટની છત કેટલીક ગાડીઓ પર તૂટી પડતાં મોટી દુર્ઘટના

નવી દિલ્હી, તા.૨૮

દિલ્હી એરપોર્ટના ટર્મિનલ-૧ પર છત પડી જવાને કારણે મોટી દુર્ઘટના થઈ છે. શુક્રવારે સવારે ટર્મિનલ ૧ પર એરપોર્ટની છત કેટલીક ગાડીઓ પર પડી હતી. આ અકસ્માતમાં ૬ લોકો ઘાયલ થયા છે અને એકનું મોત થયું છે. ઘટનાની જાણ થતાં જ ફાયર બ્રિગેડની ગાડીઓ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને બચાવ કામગીરી શરૂ કરી હતી. દિલ્હી ફાયર સર્વિસ દ્વારા



પ્રાપ્ત માહિતી અનુસાર, દરેકને બચાવીને હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા.સારવાર દરમિયાન એકનું મોત થયાના સમાચાર છે.

માહિતી મળતાની સાથે જ ફાયરનો કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો અને મોરચો સંભાળી લીધો હતો. દિલ્હી ફાયર સર્વિસના એક અધિકારીએ જણાવ્યું હતું કે, "સવારે લગભગ ૫.૩૦ વાગ્યે, અમને દિલ્હી એરપોર્ટના

અનુસંધાન પાના ૭ પર

દુર્ઘટનાને પગલે ટર્મીનલ વન બંધ: ૨૮ ફ્લાઈટ રદ કરાઈ

નવી દિલ્હી, તા.૨૮

આજે, શુક્રવાર, ૨૮ જૂનના રોજ, વહેલી સવારે દિલ્હી અને તેની આસપાસના વિસ્તારોમાં ઘણી જગ્યાએ વરસાદ શરૂ થયો કે એવું લાગી રહ્યું હતું કે જાણે દિલ્હી-નોઈડા સહિત ઘણા વિસ્તારો સંપૂર્ણપણે પાણીમાં ડૂબી ગયા હતા. દિલ્હીના ઈન્દિરા ગાંધી ઈન્ટરનેશનલ એરપોર્ટના ટર્મિનલ-૧ની છત પડી ગઈ હતી. અનેક વાહનો તેની ઝપેટમાં આવી ગયા હતા. જેના કારણે અહીની ફ્લાઈટ પ્રભાવિત થઈ રહી છે. અત્યાર સુધીમાં કુલ ૨૮ ફ્લાઈટ્સ રદ કરવામાં આવી છે.

દિલ્હીના ઈન્દિરા ગાંધી ઈન્ટરનેશનલ એરપોર્ટના ટર્મિનલની ભારે છત વાહનો પર પડી હતી. કારમાં બેઠેલા લોકો દટાઈ ગયા. જેમાં સારવાર દરમિયાન એક વ્યક્તિનું મોત થયુ છે. આ અકસ્માતમાં ઘણા લોકો ગંભીર

અનુસંધાન પાના ૭ પર

૧૬ ઉડતી અને ૧૨ લેન્ડ કરનાર ફ્લાઈટ તાકીદની અસરથી રદ

જિયો ટેલીકોમના રિચાર્જમાં ૧૫થી ૨૫ ટકા સુધીનો ભાવ વધારો કરાયો

નવી દિલ્હી, તા.૨૮

રિલાયન્સા જિયોના કરોડો યુઝર્સ માટે ખરાબ સમાચાર છે. બુધવારે કંપનીએ કહ્યું કે ટેલિકોમ કંપનીના રિચાર્જ પ્લાપન ૧૫ થી ૨૫ ટકા મોંઘા થવા જઈ રહ્યા છે. નવા ટેરિફ પ્લાયન ૩ જુલાઈથી અમલમાં આવશે. તમને જણાવી દઈએ કે જિયોની રાહત બાદ ભારતી એરટેલ અને વોડાફોન આઈડિયા પણ જુલાઈમાં તેમના રિચાર્જ પ્લા?નને મોંઘા કરી શકે છે.

રિલાયન્સે જિયોએ તેના પ્રીપેડ અને પોસ્ટરપેડ પ્લાપનની કિંમતોમાં ૧૫% થી ૨૫% સુધીનો વધારો કર્યો છે. નવા ટેરિફ પ્લાન ૩ જુલાઈથી અમલમાં આવશે. હવે ૨૩૯ રૂપિયાનો સૌથી

લોકપ્રિય પ્લાન ૨૯૯ રૂપિયાનો બની ગયો છે.

આ સિવાય જિયો એ તમામ યુઝર્સને અનલિમિટેડ 5G ડેટા આપવાનું પણ બંધ કરી દીધું છે. આ લાભ ફક્તય રજીબી પ્રતિ દિવસ અથવા તેનાથી વધુનો પ્લાપન લેનારા વપરાશકર્તાઓને જ મળશે. તેનો અર્થ એ છે કે, જે યુઝર્સે ૨૯૯, ૩૪૯, ૩૯૯, ૫૩૩, ૭૧૯, ૯૯૯ અને ૨૯૯૯ રૂપિયાના પ્લાન લીધા છે તેમને જ અનલિમિટેડ ડેટાનો લાભ મળશે.

જિયો એ તેના વપરાશકર્તાઓને કૌભાંડો અને છેતરપિંડીથી બચાવવા માટે જિયો લૈલ્ફ્લ સેવા શરૂ કરી છે. આ એક ક્વોન્ટરમ સિક્યોમર કોમ્યુનનિકેશન એપ છે, જેના માટે તમારે દર મહિને ૧૯૯ રૂપિયા ચૂકવવા પડશે. આ સિવાય

અનુસંધાન પાના ૭ પર

નવા દરો 3 જુલાઈથી અમલમાં: જિયોએ ૧૯ પ્લાન્સના ટેરિફ વધાર્યા

કર્ણાટકમાં ઉભેલી ટ્રક સાથે ટેમ્પો ટ્રાવેલર અથડાતા ૧૩ લોકોનાં મોત

પૂણે-બેંગ્લુરુ નેશનલ હાઈ-વે પર ગમખ્વાર વાહન દુર્ઘટના

બેંગ્લોર, તા.૨૮

કર્ણાટકમાં એક ભયાનક અકસ્મા ત થયાના સમાચાર સામે આવી રહ્યા છે. રાજ્યલના હાવેરી જિલ્લામાં પુણે-બેંગલુરુ નેશનલ હાઈવે પર એક માર્ગ અકસ્મા?તમાં ૧૩ લોકોના મોત થયા છે. આ અકસ્માાત જિલ્લાના બગડી તાલુકામાં ગુંદેનહલ્લી ક્રોસ પાસે થયો હતો. આ માર્ગ અકસ્માોતમાં જીવ એક બાળક સહિત ૧૩ લોકોએ જીવ ગુમાવ્યાં છે. નેશનલ હાઈવે પર થયેલા અકસ્માોતમાં ઘાયલ લોકોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યાહ છે, જ્યાંવ તેમની સારવાર ચાલી રહી છે.

જયામરે ટેમ્પો ટ્રાવેલર પૂણે-બેંગ્લોવર નેશનલ હાઈવે પરથી પસાર થઈ રહ્યો હતો ત્યારે આ માર્ગ અકસ્માોત થયો હતો. તે હાઈવે પર પાર્ક કરેલી ટ્રક સાથે ધડાકાભેર અથડાયો હતો. ટક્કર એટલી જોરદાર હતી કે ટ્રાવેલરનો આગળનો ભાગ સંપૂર્ણ રીતે ચકનાચૂર થઈ ગયો હતો. આગળ બેઠેલા લોકોના મૃતદેહ ચોંટી ગયા. ઘટનાની તસવીરો પણ સામે આવી છે, જેમાં રેસ્કેયુ ટીમ ઘાયલ અને મૃતકોને હટાવતી જોઈ શકાય છે. આ અકસ્માોતમાં પ્રવાસીને ઘણું નુકસાન થયું હતું. ચિંચોલી માયમ્મા ના દર્શન કરીને લોકો પરત ફરી રહ્યા હતા.

અનુસંધાન પાના ૭ પર

ઝારખંડના પૂર્વ મુખ્યમંત્રી હેમંત સોરેનને જામીન આપતી હાઈકોર્ટ

પૂર્વ મુખ્યમંત્રીની જમીન કૌભાંડ કેસમાં થઈ હતી ધરપકડ

નવી દિલ્હી, તા.૨૮

ઝારખંડના પૂર્વ CM હેમંત સોરેનને મળ્યા જામીન, જમીન કૌભાંડ કેસમાં થઈ હતી ધરપકડ. ઝારખંડના પૂર્વ ઝસ હેમંત સોરેન પર મનીલોન્ડ્રીંગનો આરોપ. ઝારખંડ હાઈકોર્ટે જામીન મંજૂર કર્યા ઝારખંડ હાઈકોર્ટે શુક્રવારે જમીન કૌભાંડ કેસમાં હેમંત સોરેનને જામીન આપ્યા છે. ૩૧ જાન્યુઆરીએ EDએ હેમંત સોરેનની ધરપકડ કરી હતી. જો કે, આ દરમિયાન હેમંત સોરેન જામીન પર બહાર આવ્યા અને પછી જેલમાં

ગયા. હેમંત સોરેન લગભગ ૫ મહિના જેલમાં રહ્યા હતા.

કેન્દ્રીય તપાસ એજન્સી ઈઢ્ઢએ ૩૧ જાન્યુઆરીએ ઝારખંડ મુક્તિ મોરચા (JMM) નેતા સોરેનની ધરપકડ કરી હતી.ત્યારબાદ તેમણે EDની કસ્ટડીમાં રહીને મુખ્ય પ્રધાન પદ પરથી રાજીનામું આપી

અનુસંધાન પાના ૭ પર

ડીમેટ એકાઉન્ટ હેક કરી ૧.૨૬ કરોડનાં શેરની કરાયેલી ચોરી

હવે ડીમેટ એકાઉન્ટ પર હાથ અજમાવતા ઠગબાજો

મુંબઈ, તા.૨૮

મહારાષ્ટ્રમાં છેતરપિંડીની એક મોટી ઘટના સામે આવી છે. એક વ્યક્તિનું ડીમેટ એકાઉન્ટ હેક કરીને ૧ કરોડ ૨૬ લાખ રૂપિયાના શેરની ચોરી કરી વેચી દેવામાં આવ્યા હતા. એક અધિકારીએ જણાવ્યું કે પીડિતાએ મહારાષ્ટ્રના થાણે જિલ્લામાં કેસ નોંધાવ્યો છે. અધિકારીએ કહ્યું કે કોઈએ તેનું ડીમેટ એકાઉન્ટ હેક કર્યું અને ૧.૨૬ કરોડ રૂપિયાના શેરની ચોરી કરી.

પોલીસ અધિકારીએ જણાવ્યું કે પીડિતાના કહેવા પ્રમાણે જાન્યુઆરી ૨૦૧૭થી ડિસેમ્બર ૨૦૧૮ વચ્ચે શેર્સની કથિત ચોરી કરવામાં આવી હતી. જો કે, અધિકારીએ કહ્યું કે તે વ્યક્તિએ પોલીસનો સંપર્ક કરવામાં આટલો સમય કેમ લીધો તેનું કોઈ કારણ જણાવ્યું નથી. ન્યૂઝ એજન્સીના અહેવાલ મુજબ બુધવારે ડોમ્બિવલી વિસ્તારના માનપાડા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી એફઆઈઆરને ટાંકીને અધિકારીએ કહ્યું, 'કોઈએ તેના નકલી આઈડીનો ઉપયોગ કરીને ફરિયાદીના નામે બેંક ખાતું ખોલાવ્યું.'

આ પછી, આરોપીએ ફરિયાદીનું ડીમેટ એકાઉન્ટ ગેરકાયદેસર રીતે એક્સેસ કર્યું અને પ્રખ્યાત પેઈન્ટ કંપનીના ૯,૨૧૦ શેર વેચ્યા, જેની કિંમત

અનુસંધાન પાના ૭ પર

દિલ્હીમાં અતિભારે વરસાદ ઝીંકાતા અનેક વિસ્તારો પાણીમાં ગરકાવ

કાલથી બે દિવસ ભારે વરસાદ અંગે એલર્ટ જાહેર કરાયું

નવી દિલ્હી, તા.૨૮

ઉત્તર ભારતમાં વરસાદે ધમાકેદાર એન્ટ્રી કરી દીધી છે. ગુરુવારે મોડી રાત્રે દિલ્હી તેમજ એનસીઆરના વિવિધ વિસ્તારોમાં જબરદસ્ત વરસાદ જોવા મળ્યો છે. ભારે વરસાદને કારણે રોડ રસ્તા પર પાણી ભરાયા છે. તો વરસાદની આ સ્થિતિ વચ્ચે હવામાન વિભાગે ૨૯ અને ૩૦ જૂને દિલ્હીમાં ભારે વરસાદનું

એલર્ટ આપવામાં આવ્યું છે.

ભારતીય હવામાન વિભાગના જણાવ્યાનુસાર ૨૭ જૂન રાતે ૮ વાગ્યાથી ધોધમાર વરસાદ પડ્યો. સવારે પાંચ વાગ્યા સુધી ભારે

અનુસંધાન પાના ૭ પર

નીટ પેપર લીક મુદ્દે સંસદમાં વિપક્ષી દળો દ્વારા ભારે હોબાળો

ભારે હંગામો મચતા લોકસભાની કાર્યવાહી સોમવાર સુધી સ્થગિત

નવી દિલ્હી, તા.૨૮

NEET મુદ્દે વિપક્ષના હોબાળાને લીધે લોકસભા સોમવાર સુધી સ્થગિત, રાજ્યસભામાં પણ ઘમસાણ

૧૮મી લોકસભાના સંસદ સત્રના ૫મા દિવસની કાર્યવાહી શરૂ થતાં હોબાળો મચી ગયો હતો. સંસદના બંને ગૃહો લોકસભા અને રાજ્યસભામાં NEET મુદ્દે વિપક્ષ દ્વારા ચર્ચાની માગ કરવામાં આવી હતી. જેના પગલે હોબાળો થતાં કાર્યવાહી બપોરના ૧૨ વાગ્યા સુધી અટકાવી દેવામાં આવી હતી. જો કે NEET મુદ્દે જોરદાર બબાલ વચ્ચે ફરી એકવાર ૧૨ વાગ્યે રાજ્યસભા અને લોકસભાની કાર્યવાહી શરૂ થઈ હતી પરંતુ વિપક્ષ NEET પર ચર્ચાની માગ પર અડગ રહેતાં હોબાળાની સ્થિતિ જળવાઈ રહી હતી. જેના પગલે ફરી એકવાર કાર્યવાહી અટકાવવી પડી હતી. લોકસભાની કાર્યવાહી સોમવાર સુધી સ્થગિત કરી દેવામાં આવી છે. જ્યારે રાજ્યસભામાં પણ ભારે હોબાળાની સ્થિતિ વચ્ચે હાલ કાર્યવાહી ચાલી રહી છે.

ઉલ્લેખનીય છે કે સંસદના બંને ગૃહોમાં આજે રાષ્ટ્રપતિ દ્રૌપદી મૂર્મુના અભિભાષણ બાદ ધન્યવાદ પ્રસ્તાવ અંગે ચર્ચા થવાની હતી. લોકસભાની કાર્યવાહી શરૂ થતાં જ સ્પીકર ઓમ બિરલાએ ગૃહના ૧૩ પૂર્વ સભ્યોના નિધનની જાણકારી

અનુસંધાન પાના ૭ પર

જમ્મુથી અમરનાથ યાત્રીઓના પ્રથમ સમૂહને રવાના કરાયો

આવતીકાલથી અમરનાથ યાત્રાનો વિધિવત આરંભ

જમ્મુ, તા.૨૮

શુક્રવારે જમ્મુથી અમરનાથ યાત્રા માટે યાત્રીઓનો પ્રથમ સમૂહ રવાના થયો. આ પ્રસંગે જમ્મુ કાશ્મીરના ઉપરાજ્યપાલ હાજર રહ્યા હતા. તેમણે અમરનાથ બેઝ કેમ્પ ખાતે પૂજા કરી અને ધ્વજવંદન પણ કર્યું. મહત્વનું છે કે ૨૯ જૂનથી અમરનાથ યાત્રા શરૂ થઈ રહી છે ત્યારે આજે યાત્રીઓનો પ્રથમ સમૂહ રવાના થયો હતો.

આ પ્રસંગે મનોજ સિન્હાએ કહ્યું કે અમરનાથ યાત્રા માટે જમ્મુથી શ્રદ્ધાળુઓની પહેલી ટુકડી રવાના થઈ છે. સુરક્ષા અંગે વાત

અનુસંધાન પાના ૭ પર

તેજીને પગલે શેરબજાર ફરી ઉછાળા સાથે નવી રેકોર્ડ ટોચે

નિફ્ટીએ ૨૫ હજાર તરફ જોરદાર ગતિ પકડી

મુંબઈ, તા.૨૮

ભારતીય શેરબજાર સળંગ તેજીની ચાલ સાથે રોજ નવી ઐતિહાસિક સપાટી બનાવી રહ્યા છે. વિદેશી રોકાણકારોની આકર્ષક લેવાલી સાથે આજે સેન્સેક્સ અને નિફ્ટી ફરી નવી રેકોર્ડ ટોચે પહોંચ્યા છે. ટેલિકોમ અને ટેક્નો શેર્સમાં પણ આકર્ષક ઉછાળા સાથે ઈન્ડેક્સ સર્વોચ્ચ ટોચ નોંધાવી છે.

સેન્સેક્સ આજે ૪૨૮.૪ પોઈન્ટના ઉછાળા સાથે ૭૯૬૭૧ની નવી ઐતિહાસિક સપાટી નોંધાવ્યા બાદ ૧.૪૬ વાગ્યે ૩૦૧ પોઈન્ટના ઉછાળા સાથે ટ્રેડ થઈ રહ્યો હતો. નિફ્ટી પણ ૨૪૧૭૪ની રેકોર્ડ ટોચ નોંધાવ્યા બાદ ૯૪.૬૦ પોઈન્ટ સુધારા સાથે ટ્રેડ થઈ રહ્યો છે. રોકાણકારોની મૂડી આજે વધુ રૂ. ૨.૦૪ લાખ કરોડ વધી છે. બીએસઈ માર્કેટ કેપ ૪૪૦.૭૬ લાખ કરોડ થઈ છે.

બીએસઈ ખાતે આજે ૨૧૦ શેર્સ વર્ષની ટોચે પહોંચ્યા છે. જ્યારે ૨૨૪ શેર્સમાં અપર સર્કિટ વાગી છએ. ૧૫૮ શેર્સ લોઅર સર્કિટ સાથે અને ૧૭ શેર્સ વર્ષના તળિયે

આભાર - નિહારીકા રવિયા પહોંચી છે. સેક્ટોરલ ઈન્ડેક્સમાં નિફ્ટી પીએસયુ બેન્ક ટોપ પર્ફોર્મર રહ્યો છે. પીએનબી, બેન્ક ઓફ બરોડા, એસબીઆઈ સહિત

અનુસંધાન પાના ૭ પર

ટીવી ડીબેટમાં બાઈડન અને ડોનાલ્ડ ટ્રમ્પ વચ્ચે તડાફડી

વોશિંગ્ટન, તા.૨૮

અમેરિકામાં નવેમ્બ રમાં યોજાનારી પ્રમુખપદની ચૂંટણીના ૫ મહિના પહેલા જો બિડેન અને ડોનાલ્ડા ટ્રમ્પર વચ્ચેર પ્રથમ રાષ્ટ્રપતિની ચર્ચા થઈ હતી.ટ્રમ્પ અને બિડેન રાષ્ટ્રપતિ પદની ચર્ચા માટે CNNના સ્ટુસડિયો પહોંચ્યામ છે. બંને નેતાઓએ એકબીજા સાથે હાથ પણ મિલાવ્યો ન હતો.

રિપબ્લિકન પાર્ટીના ઉમેદવાર ટ્રમ્પ અને ડેમોક્રેટ ઉમેદવાર બિડેન વચ્ચે ૪ વર્ષમાં બીજી વખત આ સ્પાર્ધા થઈ. આ પહેલા બંને ૨૦૨૦ની ચૂંટણીમાં સામસામે આવી ગયા હતા.

આ ડિબેટ જયોર્જિયાના એટલાન્ટા.માં CNNના સ્ટુણડિયોમાં યોજાઈ હતી. આ દરમિયાન બંને નેતાઓએ ૭૫ મિનિટ સુધી મહત્વટપૂર્ણ મુદ્દાઓ પર પોતાના વિચારો વ્યાક્તા કર્યા હતા. ટ્રમ્પેન ચર્ચામાં પ્રમુખ બિડેન કરતાં લાંબુ બોલ્યામ.

આ ચર્ચામાં બિડેન મતદારોને સમજાવવાનો પ્રયાસ કરી રહ્યા છે કે ૮૧ વર્ષની ઉંમરે તેઓ ફરીથી અમેરિકાના રાષ્ટ્રપતિ બનવા અને દેશને પડકારોમાંથી બહાર કાઢવા સક્ષમ છે, જ્યારે ૭૮

અનુસંધાન પાના ૭ પર

ચૂંટણીની પ્રેસિડેશિયલ ડિબેટ પૂર્વે બંનેએ હાથ પણ ન મિલાવ્યા

10-વર્ષનો ઈંતજાર ખતમ: અક્ષર-કુલદીપની 3-3 વિકેટ, જીત સાથે ઈન્ડિયાની ફાઇનલમાં એન્ટ્રી

ટી20 વર્લ્ડકપની બીજી સેમિફાઈનલમાં આજે ભારતે ઈંગ્લેન્ડને જીતવા માટે 172 રનનો ટાર્ગેટ આપ્યો હતો. ભારતે નિર્ધારીત 20 ઓવરમાં સાત વિકેટ ગુમાવીને 171 રન બનાવ્યાં હતાં. જેમાં ઈંગ્લેન્ડની ટીમની ખરાબ શરૂઆત થઈ હતી અને ભારતીય બોલરોએ દમદાર બોલિંગ કરીને હરીફ ટીમને સારી શરૂઆત કરવા દીધી ન હતી. ભારતની શાનદાર બોલિંગ સામે ઈંગ્લેન્ડની ટીમ 103 રન પર ઓલઆઉટ થતા ટીમ ઈન્ડિયાની 68 રને જીતીને સેમિ ફાઈનલ પોતાના નામે કરી હતી. આ જીતની સાથે ટીમ ઈન્ડિયા ફાઈનલમાં પહોંચી ગઈ છે અને હવે શનિવારે 29 જૂને બાર્બાડોસમાં દ.આફ્રિકા સામે ટકરાશે.

ટીમ ઈન્ડિયાની પ્રથમ ઈનિંગમાં રોહિત-સૂર્યાએ દમદાર બેટિંગનું પ્રદર્શન દર્શાવ્યુ હતું ત્યારે બોલિંગ ડિપાર્ટમેન્ટમાં પણ અક્ષર અને કુલદીપે રીતસર ઈંગ્લેન્ડના બેટરોને ઘૂંટણિયે પાડી દીધા હતા. ભારત તરફથી કુલદીપ-અક્ષરે 3-3 વિકેટ લીધી હતી અને બુમરાહે 2 વિકેટ લીધી હતી.

ભારત તરફથી અક્ષર પટેલે શાનદાર પ્રદર્શન કરતા પહેલા બેટિંગમાં પણ જ્યારે જરૂર હતી ત્યારે મહત્વના 10 રન જોડ્યા હતા. જ્યારે બોલિંગમાં પણ બટલર, મોઈન અલી અને બેયરસ્ટોની મહત્વની 3 વિકેટો ઝડપી હતી. જેના પરિણામે અક્ષરને મેન ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યો હતો.

આજની મેચમાં રોહિત શર્મા (57) અને સૂર્યકુમાર યાદવ(47) ની દમદાર બેટિંગ જોવા મળી હતી. જો કે વિરાટ કોહલી (9), ઋષભ પંત (4) અને શિવમ દુબે (0) સસ્તામાં આઉટ થયા હતા. પરંતુ મિડલ ઓર્ડરમાં આવેલા હાર્દિક પંડ્યાએ તાબડતોબ 13 બોલમાં 23 રન, રવિન્દ્ર જાડેજાએ 9 બોલમાં અણનમ 17 રન અને અક્ષર પટેલે 6 બોલમાં 10 રન નોંધાવ્યા હતા. આજની ખરાખરીની મેચમાં જીતેલી ટીમ ફાઈનલમાં પહોંચશે. આ પહેલા ઈંગ્લેન્ડના સુકાની જોશ બટલરે ટોસ જીત્યો છે અને તેણે ભારતના સુકાની રોહિત શર્માને બેટિંગ કરવાનું આમંત્રણ આપ્યું હતું.

રોહિતે ઈંગ્લેન્ડ સામેની સેમીફાઈનલમાં અડધી સદી ફટકારી, ચાહકોમાં ખુશી

T20 વર્લ્ડ કપ 2024ની ફાઈનલીસ્ટ નક્કી થઈ ગઈ છે. આ વર્ષે ભારતીય ટીમનું પ્રદર્શન શાનદાર રહ્યું છે અને ટીમ ફાઈનલમાં પહોંચી છે. સેમિફાઈનલમાં ભારતે ડિફેન્ડિંગ ચેમ્પિયન ઈંગ્લેન્ડને હરાવીને 2022ના વર્લ્ડ કપનો બદલો પણ લઈ લીધો હતો. સેમિફાઈનલમાં કેપ્ટન રોહિત શર્માએ શાનદાર ઈનિંગ રમીને ઘણા રોકોર્ટ પોતાને નામે કર્યા હતા.

ભારતીય ટીમનો કેપ્ટન રોહિત શર્મા પોતાના કરિયરમાં એક પછી એક મોટી ઉપલબ્ધિઓ હાંસલ કરી રહ્યો છે. ગુરુવારે ઈંગ્લેન્ડ સામે રમાયેલી T-20 વર્લ્ડ કપની બીજી સેમિફાઇનલ મેચમાં રોહિતે શાનદાર બેટિંગ કરીને ફિફ્ટી ફટકારી હતી. હિટમેને 39 બોલમાં 6 ચોગ્ગા અને 2 છગ્ગા ફટકાર્યા હતા. તેમ મેચમાં 146.15ના સ્ટ્રાઈક રેટથી 57 રન બનાવ્યા હતા. આ સાથે સિક્સર કિંગે બે મોટા રેકોર્ડ પોતાના નામે કર્યા હતા.

રોહિત શર્મા T20 વર્લ્ડ કપમાં 50 છગ્ગા મારનાર એકમાત્ર ભારતીય ખેલાડી બની ગયો છે. હવે તે માત્ર ક્રિસ ગેલના રેકોર્ડથી પાછળ છે. જેણે વર્લ્ડ કપમાં 63 સિક્સર ફટકારી છે. રોહિત માત્ર બીજો ખેલાડી છે જેણે 50 સિક્સરનો આંકડો પાર કર્યો છે. આ સાથે હિટમેને સાબિત કરી દીધું છે કે તેને અસલી સિક્સર કિંગ કેમ કહેવામાં આવે છે.

રોહિત શર્માએ સિક્સર ફટકારી અને અવાજ સ્ટમ્પ માઈકમાં કેદ થયો; આ ઈનિંગ દરમિયાન તેની અને સૂર્યકુમાર વચ્ચેની વાતચીત સ્ટમ્પ માઈક પર રેકોર્ડ કરવામાં આવી; રોહિત શર્માએ ઈંગ્લેન્ડ સામેની સેમીફાઈનલ મેચમાં શાનદાર અડધી સદી ફટકારી હતી

સૂર્યકુમારે ફટકારી ગગનચુંબી સિક્સર, દર્શકો રહી ગયા દંગ

ટીમ ઈન્ડિયાનો સ્ટાર બેટ્સમેન સૂર્યકુમાર યાદવ T20 વર્લ્ડકપમાં સારા ફોર્મમાં જોવા મળી રહ્યો છે. સૂર્યાએ યુએસએ સામે અણનમ 50 રન અને અફઘાનિસ્તાન સામે 53 રનની ઇનિંગ રમી હતી. તેણે ઓસ્ટ્રેલિયા સામે પણ 31 રન બનાવીને મોટું યોગદાન આપ્યું હતું. હવે તેણે ઈંગ્લેન્ડ સામે ચાલી રહેલા T20 વર્લ્ડકપની સેમિફાઇનલમાં પોતાની સ્ટાઇલિશ બેટિંગ સ્ટાઈલ બતાવી છે.

સૂર્યાએ ક્રિસ જોર્ડનની ઓવરમાં શાનદાર શોટ વડે સિક્સ ફટકારી હતી, જે ઘા ઈંગ્લેન્ડે ગત T20 વર્લ્ડકપમાં ભારતીય ટીમને આપ્યો હતો. સૂર્યાએ અમુક અંશે આની ભરપાઈ કરવાનો પ્રયાસ કર્યો. સૂર્યાએ આઠમી ઓવરમાં પોતાની સ્ટાઇલિશ બેટિંગની આ ઝલક દેખાડી. પ્રથમ ત્રણ બોલમાં ક્રિસ જોર્ડને માત્ર 3 રન બનાવ્યા. ત્યારે સૂર્યા વિચલિત થઈ ગયો હતો. તે મોટો શોટ મારવાની તક શોધવા લાગ્યો. તેને ચોથા બોલ પર જ આ તક મળી હતી. જોર્ડને આગલો બોલ ફેંકતાની સાથે જ સૂર્યાએ કાંડાની મદદથી ઓફ-સ્ટમ્પની બહાર જતા બોલને ઉપાડ્યો અને ફાઇન લેગ પર ગગનચુંબી સિક્સર ફટાકારી હતી. આ સિક્સ જોઈને કરોડો ભારતીય ચાહકો ખુશ થઈ ગયા હતા.

રોહિતે રચ્યો ઇતિહાસ, આ કારનામું કરનારો વિશ્વનો પ્રથમ બેટ્સમેન

ભારતીય કેપ્ટન રોહિત શર્મા ફોર્મમાં પરત ફર્યો; રોહિત શર્માએ કેપ્ટન તરીકે 5000 રન પૂરા કર્યા; રોહિત શર્મા આ કારનામું કરનારો પાંચમો ભારતીય

ટીમ ઈન્ડિયાનો કેપ્ટન રોહિત શર્મા ફોર્મમાં પરત ફર્યો છે. ઓસ્ટ્રેલિયા સામે 92 રન બનાવીને તબાહી મચાવનાર રોહિત ઈંગ્લેન્ડ સામે રમાઈ રહેલી T20 વર્લ્ડકપની સેમિફાઈનલ મેચમાં પણ શાનદાર ફોર્મમાં જોવા મળી રહ્યો છે. રોહિતે અત્યાર સુધી 26 બોલમાં 6 ફોર ફટકારીને 37 રન બનાવ્યા છે. આ સાથે તેણે એક મોટી સિદ્ધિ હાંસલ કરી છે.

રોહિત શર્માએ કેપ્ટન તરીકે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં 5000 રન પૂરા કર્યા છે. આ સાથે તે ઈલિટ લિસ્ટમાં સામેલ થઈ ગયો છે. સૌથી વધુ રન બનાવનાર ભારતીય કેપ્ટનોની યાદીમાં રોહિત પાંચમા સ્થાને પહોંચી ગયો છે. આ યાદીમાં વિરાટ કોહલીનું નામ ટોચ પર છે. કોહલીએ ભારતીય કેપ્ટન તરીકે 12883 રન બનાવ્યા છે. જ્યારે એમએસ ધોની બીજા સ્થાને છે. ધોનીએ 11207 રન બનાવ્યા હતા. મોહમ્મદ અઝહરુદ્દીન 8095 રન સાથે ત્રીજા અને સૌરવ ગાંગુલી 7643 રન સાથે ચોથા સ્થાન પર છે. હવે આ યાદીમાં રોહિત શર્માનું નામ પણ જોડાઈ ગયું છે.

રોહિત શર્મા T20 ઈન્ટરનેશનલમાં સૌથી વધુ રન બનાવનાર બેટ્સમેન છે. અત્યાર સુધી તેણે 158 મેચમાં 140.77ની સ્ટ્રાઈક રેટ અને 32.32ની એવરેજથી 4202 રન બનાવ્યા છે. જેમાં 5 સદી અને 31 ફિફ્ટી સામેલ છે. રોહિત બાદ પાકિસ્તાનનો કેપ્ટન બાબર આઝમ બીજા નંબર પર છે. બાબરના નામે 123 મેચમાં 4145 રન છે. વિરાટ કોહલી 4112 રન બનાવીને આ યાદીમાં ત્રીજા સ્થાને છે. કોહલી આ વર્લ્ડકપમાં ફ્લોપ સાબિત થયો છે. તેના બેટથી રન બનાવવા મુશ્કેલ બની રહ્યા છે.

મોઈન અલીના ઉડ્યા હોશ: પંતની સ્ફૂર્તી જોઈને સૌ કોઇ દંગ રહી ગયા

T-20 વર્લ્ડ કપની સેમીફાઈનલ મેચમાં ટીમ ઈન્ડિયાએ શાનદાર પ્રદર્શન કર્યું હતું; ભારતીય ટીમે બેટિંગ, બોલિંગ અને ફિલ્ડિંગમાં શ્રેષ્ઠતા દર્શાવી; આ મેચમાં ટીમ ઈન્ડિયા ખૂબ જ સંતુષ્ટ દેખાઈ રહી હતી

ગુયાના: ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે ગુરુવાર રમાયેલી T-20 વર્લ્ડ કપની સેમીફાઈનલ મેચમાં ટીમ ઈન્ડિયાએ શાનદાર પ્રદર્શન કર્યું હતું. ભારતીય ટીમે બેટિંગ, બોલિંગ અને ફિલ્ડિંગમાં શ્રેષ્ઠતા દર્શાવી હતી. આ મેચમાં ટીમ ઈન્ડિયા ખૂબ જ સંતુષ્ટ દેખાઈ રહી હતી. ટીમના ખેલાડીઓએ દરેક ક્ષેત્રમાં શાનદાર પ્રદર્શન કર્યું હતું. તે સિવાય ઋષભ પંતની શાનદાર ફિલ્ડિંગ જોઈને દર્શકો ખુશખુશાલ થઈ ગયા હતા. પંતે મોઈન અલીને એવી રીતે સ્ટમ્પ કર્યા કે અંગ્રેજો દંગ રહી ગયા.

આ દ્રશ્ય આઠમી ઓવરના પહેલા જ બોલ પર જોવા મળ્યું હતું. શરૂઆતથી જ મુશ્કેલીમાં રહેલી ઈંગ્લિશ ટીમને સંભાળવા માટે મોઈન અલી ત્રીજા સ્થાને આવ્યો હતો. તે 9 બોલમાં 8 રન બનાવીને રમી રહ્યો હતો. દરમિયાન અક્ષર પટેલ બોલિંગ કરવા આવ્યો હતો. જ્યારે તેણે પહેલો બોલ નાખ્યો ત્યારે મોઈનને માર પડ્યો હતો. મોઈને બોલને આગળ રમવાનો પ્રયાસ કર્યો, પરંતુ બોલ તેના પેડ સાથે અથડાયો અને વિકેટની નજીક ગયો.

આ દરમિયાન ઋષભ પંતે ચપળતા બતાવી અને તરત જ બોલ ઉપાડ્યો અને સ્ટમ્પ પર મુકેલી વિકેટો વેરવિખેર કરી દીધી. મોઈન પરત ફરે તે પહેલા પંતે તેને મોટો ઝટકો આપ્યો અને તેને પેવેલિયનનો રસ્તો બતાવ્યો. પંતની આ શાનદાર ફિલ્ડિંગ જોઈને કેપ્ટન રોહિત શર્મા પણ ખુશ થઈ ગયો. તેણે પંતની પીઠ થપથપાવી. ઓસ્ટ્રેલિયા સામેની છેલ્લી મેચમાં પંત એક કેચ ચૂકી ગયો હતો. જેના પર રોહિત શર્મા ખૂબ જ ગુસ્સામાં જોવા મળ્યો હતો. જોકે, હવે તે તેમની સાથે ખૂબ જ ખુશ દેખાઈ રહ્યો હતો. જોકે આ મેચમાં ઋષભ પંતનું બેટ કામ નહોતું કર્યું. તે માત્ર 4 રન બનાવીને આઉટ થયો હતો, પરંતુ તેણે ફિલ્ડિંગમાં તેની ભરપાઈ કરી હતી.

આઉટ થયા બાદ કોહલી થયો નિરાશ, દ્રવિડે કર્યો પ્રોત્સાહિત

ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે રમાયેલી T20 વર્લ્ડકપની બીજી સેમીફાઈનલમાં સ્ટાર બેટ્સમેન વિરાટ કોહલીએ ફરી એકવાર ફ્લોપ રહ્યો હતો. કોહલી ઓપનિંગ કરવા આવ્યો હતો અને માત્ર 9 રન બનાવીને આઉટ થયો હતો. તેણે સિક્સર ફટકારીને ચાહકોને ખુશ કરી દીધા, પરંતુ આ ખુશી વધુ સમય ટકી શકી નહીં. ત્રીજી ઓવરમાં ચોથા બોલ પર રીસ ટોપલીએ તેને બોલ્ડ કરીને પેવેલિયનનો રસ્તો બતાવ્યો હતો.

વિરાટ કોહલીના આઉટ થતા જ કરોડો ચાહકોના ચહેરા પર નિરાશા છવાઈ ગઈ હતી. કોહલી પોતે પણ પોતાની વિકેટથી નિરાશ જોવા મળ્યો હતો. તે ડ્રેસિંગ રૂમની બહાર ચહેરો લટકાવીને બેઠો હતો. તેને નિરાશ જોઈને કોચ રાહુલ દ્રવિડ તરત જ સીડીઓ ચઢીને તેની પાસે પહોંચ્યા. દ્રવિડે જતાની સાથે જ તેના પગ પર હાથ મૂકી તેને પ્રોત્સાહિત કર્યો. દ્રવિડના આ ઈશારે કરોડો ક્રિકેટ ચાહકોના દિલ જીતી લીધા. એક સ્ટાર ખેલાડી માટે તેના કોચ ખરાબ સમયમાં તેને પ્રોત્સાહિત કરે તેનાથી વધુ મહત્વનું શું હોઈ શકે?

ટીમ ઈન્ડિયા સાથે રાહુલ દ્રવિડની આ છેલ્લી ટૂર્નામેન્ટ છે. આ પછી તેમનો કાર્યકાળ સમાપ્ત થશે. આ પહેલા પણ દ્રવિડ ખરાબ સમયમાં વિરાટ કોહલીને સપોર્ટ કરતો જોવા મળ્યો હતો. કોહલી અને દ્રવિડની આ ક્ષણ ક્રિકેટ પ્રેમીઓના દિલ જીતી રહી છે.

વિરાટ કોહલી આ વર્લ્ડકપમાં ફ્લોપ સાબિત થયો છે. ઓસ્ટ્રેલિયા અને યુએસએ સામે તે શૂન્ય પર આઉટ થયો હતો. તે પાકિસ્તાન સામે માત્ર 4 રન બનાવી શક્યો હતો. કોહલી આ વર્લ્ડકપમાં સાત મેચમાં માત્ર 75 રન જ બનાવી શક્યો છે. આવી સ્થિતિમાં તેના નંબર-3 પર બેટિંગ કરવા પર પણ સવાલો ઉઠી રહ્યા છે.

વરસાદ વચ્ચે વિરાટ કોહલીએ કરી એક્ટિંગ, હસીને લોટપોટ થયા

T-20 વર્લ્ડકપની બીજી મેચ ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે રમાઇ રહી છે. ગયાનામાં વરસાદને કારણે તેમાં વિલંબ થયો હતો. ગયાનામાં સમયાંતરે વરસાદ પડી રહ્યો છે. જેના કારણે ટોસમાં વિલંબ થયો છે. બંને ટીમો અને કરોડો ચાહકો વરસાદ રોકવા માટે પ્રાર્થના કરી રહ્યા છે કારણ કે તેઓ નથી ઈચ્છતા કે આ મોટી મેચની મજા વરસાદને કારણે બગડે.

દિનેશ કાર્તિક અને ઈયોન મોર્ગનનો એક વીડિયો શેર કરવામાં આવ્યો છે. જેમાં દિનેશ કાર્તિક રોહિત શર્માની પ્રશંસામાં લોકગીતો સંભળાવી રહ્યો છે. ત્યારબાદ કેમેરાનો એંગલ ડ્રેસિંગ રૂમની બહાર બેઠેલા ટીમના ખેલાડીઓ પર જાય છે. જેમાં વિરાટ કોહલી, રિષભ પંત, સૂર્યકુમાર યાદવ અને મોહમ્મદ સિરાજ જોવા મળી રહ્યા છે.

વીડિયોમાં જોઈ શકાય છે કે પંત ચોકલેટ ખાઈ રહ્યો છે, ત્યારે વિરાટ કોહલી જમીન તરફ કંઈક જોવા લાગે છે. આ પછી તે સૂર્યકુમાર યાદવને કંઈક કહે છે. પછી અચાનક જ બંને ખભા ઉંચા કરીને અને મોં ફુલાવીને કોઈની નકલ કરવા લાગે છે. આ જોઈને સૂર્ય ખડખડાટ હસી પડ્યો. જોકે કોહલી કોની એક્ટિંગ કરી રહ્યો હતો તે જાણી શકાયું નથી, પરંતુ તેની ખાસ સ્ટાઈલ ચાહકોમાં ચર્ચાનો વિષય બની ગઈ છે.

વર્લ્ડકપ 2024માં જીત બાદ પણ ખુશ નથી એડન માર્કરામ

ICC T20 વર્લ્ડ કપ 2024ની પ્રથમ સેમિફાઈનલ યોજાઈ ગઈ છે. જેમાં દક્ષિણ આફ્રિકા અને અફઘાનિસ્તાનની ટીમો આમને-સામને હતી. એવું માનવામાં આવતું હતું કે આ ટીમોએ અત્યાર સુધી કરેલા પ્રદર્શન બાદ સેમિફાઈનલ પણ રસપ્રદ બની રહેશે, પરંતુ એવું બિલકુલ થયું નહીં. લગભગ એકતરફી મેચમાં દક્ષિણ આફ્રિકાએ અફઘાનિસ્તાનને હરાવી ફાઈનલમાં પ્રવેશ કર્યો અને અફઘાનિસ્તાનની સફરનો અંત આવ્યો. આ વર્ષના વર્લ્ડકપમાં ફરી એકવાર પીચના મુદ્દાઓ શરૂ થયા છે. સાઉથ આફ્રિકા જીતવા છતાં ટીમનો કેપ્ટન એડન માર્કરામ ખુશ નથી અને મજાકમાં પણ કહ્યું કે સારું છે, અમારે આ પીચ પર ફરીથી રમવાની જરૂર નથી. તેનો અર્થ સમજી શકાય છે.

એડન માર્કરામે મેચ બાદ કહ્યું કે અમે આ પીચ પર ફરીથી નહીં રમવા માટે ખુશ છીએ. તેણે કહ્યું કે સમગ્ર ટૂર્નામેન્ટ દરમિયાન પિચો પડકારજનક હતી. તે કહેવું મુશ્કેલ છે કે વિકેટ મુશ્કેલ હતી, કારણ કે તે હંમેશા બેટ્સમેનની રમત ન હોઈ શકે. આવી વિકેટો પર જીત મેળવવાના રસ્તાઓ શોધવું મહત્વપૂર્ણ હતું. માર્કરામે કહ્યું કે અમે અમારી આખી કરિયર દરમિયાન આ જ કરી રહ્યા છીએ. એક જગ્યાએથી બીજી જગ્યાએ, વિવિધ પરિસ્થિતિઓમાં રમવું. ફરી એકવાર અમારે પિચને અનુરૂપ થવું પડશે. ફરી એકવાર જીતવાનો માર્ગ શોધી કાઢવામાં આવશે. માર્કરામે કહ્યું કે આ અમારા માટે આગળનું પગલું છે. અમે પ્રથમ વખત ફાઈનલ રમવા જઈ રહ્યા છીએ, પરંતુ ડરવાની કોઈ વાત નથી. તેને કહ્યું કે આ જીત અમારા માટે ઘણું અર્થપૂર્ણ છે. અમારી પાસે ઘણા મોટા ખેલાડીઓ છે, પરંતુ આ પ્રકારના પ્રદર્શન માટે સમગ્ર ટીમે એક યુનિટ તરીકે રમવું પડશે.

ટોસ હાર્યા પછી પણ કેમ થયો ખુશ રોહિત શર્મા?

ઈંગ્લેન્ડના કેપ્ટન જોસ બટલરે ટોસ જીતીને પ્રથમ બોલિંગ કરવાનું પસંદ કર્યું; બટલરના આ નિર્ણયે બધાને હેરાન કરી દીધા હતા; રોહિત શર્મા ટોસ હાર્યા પછી પણ ખુશ જોવા મળ્યો હતો

વર્તમાન ચેમ્પિયન ઈંગ્લેન્ડે ગયા T20 વર્લ્ડ કપની સેમીફાઈનલમાં ભારતને હરાવીને ચેમ્પિયન બનવાનું સપનું ચકનાચૂર કરી દીધું હતું. ટીમ ઈન્ડિયા પાસે આ હારનો બદલો લેવાની તક છે. ગુરુવારે T20 વર્લ્ડ કપ-2024ની બીજી સેમિફાઈનલમાં બંને ટીમો આમને-સામને છે. આ મેચમાં ઈંગ્લેન્ડના કેપ્ટન જોસ બટલરે ટોસ જીતીને પહેલા બોલિંગ કરવાનો નિર્ણય લીધો છે.

બંને ટીમોએ તેમના પ્લેઈંગ-11માં કોઈ ફેરફાર કર્યો નથી. એટલે કે રોહિત શર્મા અને બટલરે એ જ ટીમોને મેદાનમાં ઉતાર્યા છે જે તેઓ અગાઉની મેચમાં મેદાનમાં ઉતર્યા હતા. ટીમ ઈન્ડિયાએ ત્રણ સ્પિનરો સાથે એન્ટ્રી કરી છે.

પીચ રિપોર્ટમાં ભારતીય ટીમના પૂર્વ કેપ્ટન સુનીલ ગાવસ્કરે કહ્યું હતું કે પીચ સ્પિનરો માટે મદદરૂપ છે અને અહીં બેટિંગ કરવી આસાન નહીં હોય. તેણે કહ્યું હતું કે અહીં જે પણ કેપ્ટન ટોસ જીતે તે પહેલા બેટિંગ કરવા માંગે છે, પરંતુ બટલરે તેનાથી વિપરીત નિર્ણય લીધો અને બોલિંગ પસંદ કરી. બટલરના આ નિર્ણયથી સ્ટાર સ્પોર્ટ્સની પેનલના તમામ નિષ્ણાતો આશ્ચર્યચકિત થઈ ગયા હતા.

પિચ અંગે બટલરે કહ્યું, "તે સારી પિચ જેવી લાગે છે. દરેક જણ આ મેદાન પર ઓછા ઉછાળાની વાત કરી રહ્યા છે. વરસાદ પડી રહ્યો છે તેથી અમને લાગે છે કે પહેલા બોલિંગ કરવી ફાયદાકારક રહેશે."

બટલરે પ્રથમ બોલિંગ કરવી ભારત માટે ફાયદાકારક હતી કારણ કે રોહિત શર્માએ ટોસ સમયે કહ્યું હતું કે તે પહેલા બેટિંગ કરવા માંગે છે. એટલે કે ટીમ ઈન્ડિયાને જે જોઈતું હતું તે મળ્યું. રોહિતે કહ્યું, "અમે પહેલા બેટિંગ કરવા માંગતા હતા. હવામાન સાફ દેખાઈ રહ્યું છે. આ એક મોટી મેચ છે અને અમે બોર્ડ પર રન લગાવવા માંગીએ છીએ. પિચ સૂકી લાગે છે. આશા છે કે પછીથી પિચ ધીમી પડશે."

રાણી લક્ષ્મીબાઇની યશગાથા વર્ણવતો ભવ્ય ઝાંસીનો કિલ્લો

ભારતના ઉત્તર પ્રદેશ રાજયનું વિશ્વવિખ્યાત અવિસ્મરણીય સિટી 'ઝાંસી'નો ઇન્ટરેસ્ટિંગ ઝાંસીનો કિલ્લો ભવ્યતાતિભવ્ય અને ઐતિહાસિક વિરાસતથી તરબતર પર્યાવરણ પ્રેરણાત્મક ગતિવિધિઓનું ગુરુત્વાકર્ષણને વિરતાની યશગાથા અહીં ઢબૂરાયેલી છે. તો ઝાંસીનો કિલ્લો જોતા તેની અનુપમ સુરક્ષાનો નઝારો બરકરાર છેપ! પ્રાચીનતમ કિલ્લાની કથા સંગાથે તસવીરી વિહંગાવલોકન કરીએ. ઝાંસીનો કિલ્લો ઉત્તર પ્રદેશનો નહીં ભારતના સૌથી બહેતરીન કિલ્લામાંનો એક છેપ.! ઓરછાના રાજા વિરસિંહ દેવે આ કિલ્લાને ઇ. સ. ૧૬૧૩માં બનાવવામાં આવ્યો. આ કિલ્લાને બંગરા નામના ઊંચા પહાડ પર બનાવેલ છે.

વિરાટકાય કિલ્લામાં પ્રવેશવા માટે દશ તો દરવાજા મૂકવામાં આવેલા છેપ! આ દરવાજાના નામ ખન્દેરો, દતિયા, ઉન્નાવ, ઝરણા, લક્ષ્મી, સાગર, ઓરછા, સૈનવર અને ચાંદ દરવાજાનાં નામો છે. વિરાટ કિલ્લાની અંદર લીલોછમ રંગબેરંગી પુષ્પો, વૃક્ષોવાળો ગાર્ડન છે. તો હિન્દુ ધર્મનું આસ્થાનું કેન્દ્ર શિવમંદિર છે અને ગુલામ ગૌસખાન, મોતીબાઇ, ને ખુદા બકશની મજાર પણ છે, આ કિલ્લો પ્રાચીનને

વૈભવી સાથે પરાક્રમ માટે જીવતો જાગતો દસ્તાવેજ છે.

૧૭મી (સતરમી) શતાબ્દીમાં બુંદેલા રાજા છત્રસાલે સન ૧૭૩૨માં મરાઠા સામ્રાજય પાસે મદદ માગી મરાઠાઓ મદદ માટે આગળ આવ્યા અને સન ૧૭૩૪માં રાજા છત્રસાલનું મૃત્યુ થયુ તેના મૃત્યુ બાદ એકનો ત્રીજો ભાગ મરાઠાને આપવામાં આવેલ મરાઠાઓ આ સિટીનો વિકાસ કરેલ ને ઓરછાથી માણસોને લાવીને વસવાટ કરાવેલ. સન ૧૮૦૬માં મરાઠાની શક્તિ કમજોર પડતા બ્રિટિશને રાજ અને મરાઠાઓ વચ્ચે સમજૂતી થઇ જેમાં બ્રિટિશ સામ્રાજયનું પ્રભુત્વ સ્વીકારી લીધું. સન ૧૮૧૭માં પુણેમાં બૂંદેલ ખંડ ક્ષેત્રના તમામ અધિકાર બ્રિટિશ ઇસ્ટ ઇન્ડિયા કંપનીને આપી દીધા. સન ૧૮૫૩માં ઝાંસીના રાજા ગંગાધર રાવનું મૃત્યુ થતા તત્કાલીન ગવર્નર જનરલે બધી રીતે પોતાના અધિકારમાં લઇ લીધું. રાજા ગંગાધર રાવના વિધવા રાણી લક્ષ્મીબાઇએ તેનો વિરોધ કર્યો અને કીધું કે રાજા ગંગાધર રાવના દત્તક પુત્રને તેનો ઉત્તરાધિકારી માનવો જોઇએ, પરંતુ બ્રિટિશ રાજે આ માનવાનો ઇન્કાર કર્યો. આ પરિસ્થિતિએ ઝાંસીમાં સન ૧૮૫૭નો સંગ્રામ થયો તે આઝાદીનો પાયો નાખવાનો સાબિત થયો. જૂન ૧૮૫૭માં ૧૨મી પૈદલ સેનાએ કિલ્લા પર કબજો કરી લીધો. અને કિલ્લામાં રહેલ બ્રિટિશ ઓફિસરોને મારી નાખવામાં આવેલ. ૪ જૂન ૧૮૫૭માં ભારતીય સૈનિકોએ અંગ્રેજો સાથે ખેલાડી યુદ્ધ કરેલ. ૯ જૂને રાણી લક્ષ્મીબાઇને ઝાંસી સોપેલ. ૧ જૂન ૧૮૫૭ના દત્તક પુત્ર દામોદર રાવ નેવાલકરના નામ સાથે મહારાણી લક્ષ્મીબાઇનો રાજ્યાભિષેક થયો અને સમગ્ર બુંદેલ ખંડની સામ્રાજ્ઞી બની ગઇ. રાજમાતા બનતા જ તેમણે પ્રજાના હિતાના અસંખ્ય નિર્ણયો લીધા. અને બુંદેલ ખંડના કિશાનોની જકાત નાબૂદ કરી અને મહારાણી લક્ષ્મીબાઇનો સુવર્ણ રાજકાળ પ્રથમ ૨૧ નવેમ્બર ૧૮૫૩થી ૧૦ માર્ચ ૧૮૫૪ અને રાજકાળ બીજો ૪ જૂન ૧૮૫૭થી ૪ એપ્રિલ ૧૮૫૮ સુધી રાજ કરેલ. ભારતના ઇતિહાસમાં ઝાંસીની રાણી લક્ષ્મીબાઇનું નામ સુવર્ણ અક્ષરે અંકિત થયેલ છે તેનો ઝાંસીનો કિલ્લો એકવાર જોવા અચૂક આવજો.

સામાન્ય ચૂંટણી ૨૦૧૪ની ટ્વિટર અને ૨૦૧૯ની વોટ્સએપ પર

૨૦૨૪મનું ચુનાવ યું ટયુબ પર લડાશે?



એવું માનવામાં આવે છે કે ૨૦૧૪ની સામાન્ય ચૂંટણી ટ્વિટરના માધ્યમથી લડાઈ હતી, જયારે ૨૦૧૯ની સામાન્ય ચૂંટણીમાં વોટ્સએપની બોલબાલા હતી અને હવે ૨૦૨૪ ની ચૂંટણી યુ-ટ્યૂબ ઈન્ફ્લ્યુએન્સર્સ દ્વારા લડવાની તૈયારી થઈ રહી છે. કદાચ એ જ કારણ છે કે મધ્ય પ્રદેશ, રાજસ્થાન અને છત્તીસગઢની વિધાનસભા ચૂંટણીઓ પહેલા જ ચૂંટણીલક્ષી રાજનૈતિક પ્રચારમાં સ્થાનિક પ્રભુત્વવાળા નાના કંટેન્ટ ક્રીયેટર અને લાખો ફોલોઅરવાળા યુ-ટ્યૂબરને સામેલ કરવામાં આવી રહ્યા છે. મંત્રીઓ અને નેતાઓ પણ આ ક્રીયેટર અને યુ-ટ્યૂબરને ઈન્ટરવ્યૂ આપી રહ્યા છે, જેમાં રાજનૈતિક સાથે વ્યક્તિગત વાતો પણ વિશેષ રૂપે સામેલ કરવામાં આવે છે, જેથી સામાન્ય નાગરિક સાથે જોડાવું સરળ બને. પરંતુ સૌથી મોટો સવાલ એ છે કે લાઇક્સ અને વ્યૂઝ વોટિંગમાં પરિવર્તિત થશે? વિદેશમંત્રી એસ. જયશંકર ગયા મહિને કપાળે લાલ તિલક લગાવીને યુ-ટ્યૂબ ઈન્ફ્લ્યુએન્સરો સાથે વાત કરી રહ્યા હતા અને જયારે એક યુવા યુ-ટ્યૂબરે એમની બોડી લેન્ગવેજ અને વ્યવહારને મિત્રતાપૂર્ણ કહ્યો, તો પરંપરાગત મંત્રીઓથી વિરૂદ્ધ જયશંકરે હસીને જવાબ આપ્યો, "હું અન્ય મંત્રીઓને પણ ફ્રેન્ડલી રહેવા કહીશ. આ ઉદાહરણ એ બતાવવા માટે પર્યાપ્ત છે કે નજીક આવી રહેલી ચૂંટણીને ધ્યાનમાં રાખીને ખાદીધારી ટીવી સ્ટુડિયો તરફ નથી ભાગતા અને ન તો હાથ મિલાવવા કે બાળકોને પ્રેમ કરવા મતદાતાઓના ઘરે જાય છે પણ આ યુ-ટ્યૂબ ઈન્ફ્લુએન્સર પાસે જાય છે, જે પોતાની ટેક્નોલોજીટિપ્સ અને ટ્રાવેલ વીડિઓઝની વચ્ચે એમના સંદેશ યુવા મતદાતાઓ સુધી પહોંચાડી દે છે. આ વાત કોઈ એક પાર્ટીના નેતા સુધી સીમિત નથી પરંતુ દરેકેદરેક નેતા કે પક્ષ સોશિયલ મીડિયાનો ફાયદો ઉપાડવામાં પડ્યા છે. કામિયા જાની એના યુ-ટ્યૂબ ચેનલ ક્લીં ટેલ્સ પર સન્ડે બ્રન્ચ હોસ્ટ કરે છે. તેના બે મિલિયનથી વધારે સબસ્ક્રાઈબર છે. આ વર્ષના જાન્યુઆરીમાં તેણે કૉંગ્રેસ નેતા રાહુલ ગાંધી સાથે એમના પહેલા વેતન અને ફિટનેસ રૂટિન વિશે વાત કરી અને પછી શિવસેનાના આદિત્ય ઠાકરે પાસેથી જાણ્યું કે મુંબઈમાં ભોજન માટે એમનું મનપસંદ સ્થળ કયું છે. રણવીર અલાહાબાદિયાની યુ-ટ્યૂબ ચેનલ 'બિયરબાયસેપ્સ' તો એવું લાગે જાણે કેન્દ્ર સરકાર દ્વારા પ્રાયોજિત યુ-ટ્યૂબ ચેનલ હોય. એમાં એક પછી એક મંત્રી જઈ રહ્યા છે. જયશંકર પછી વાણિજ્ય મંત્રી પીયૂષ ગોયલે શોમાં જઈને કહ્યું કે કેવી રીતે નાનપણમાં અટલ બિહારી બાજપાઈએ એમને ગોટી રમતા શીખવાડ્યું હતું. પછી આઈટી મંત્રી રાજીવ ચંદ્રશેખરે જઈને કહ્યું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી મંત્રીઓને કેવી રીતે માર્ગદર્શન આપે છે અને એમની સફળતામાં યોગદાનઆપે છે. ચેનલે સ્પષ્ટતા કરી કે આ પૈસા લઈને કરેલું પ્રમોશન નહોતું. જો કે પૈસા લઈને કે મફતમાં, યુ-ટ્યૂબ ઈન્ફ્લ્યુએન્સરોનો પ્રયોગ કોઈ નવી વાત નથી, પણ હવે એ પહેલા કરતાં વધારે વ્યાપક થઈ ગયું છે. અને એ પણ સાચું છે કે પહેલા કરતાં ઘણી મોટી સંખ્યામાં વરિષ્ઠ નેતાઓ યુ-ટ્યૂબ માટે સમય કાઢી રહ્યા છે. ઉદાહરણ તરીકે યુ-ટ્યૂબર રાજ શમાનીએ જલદી જલદીમાં મધ્ય પ્રદેશ મુખ્યમંત્રી શિવરાજ સિંહ ચૌહાણ અને માર્ગ પરિવહન મંત્રી નીતિન ગડકરીના ઇન્ટરવ્યૂ કર્યા. એ અલગ વાત છે કે મોટેભાગે આ ઈન્ટરવ્યૂ અક્ષય કુમાર ટાઈપ હોય છે. જેમકે તમે કેરી કેવી રીતે ખાઓ છો, કાપીને કે ચૂસીને? પર્સ રાખો છો કે નહીં? મતલબ એમાં કોઈ કામની અથવા નીતિગત વાતો નથી થતી. નેતાઓને અભિનેતા તરીકે પ્રસ્તુત કરીને એમને સ્ટાર બનાવવાનો પ્રયાસ હોય છે. કદાચ નેતાઓને સમજાઈ ગયું છે કે એમની રાજકીય કારકિર્દી માટે યુવાનોના મત કેટલા મહત્ત્વપૂર્ણ છે. ઈન્ફ્લુએન્સર માર્કેટિંગ ફર્મ જેપમોનો રિપોર્ટ જણાવે છે કે ૨૦૨૩-૨૪માં ઈન્ફ્લુએન્સર માર્કેટિંગ સેક્ટર ૩૦૦૦ કરોડથી વધારેનું થઇ જશે; જેમાં માઈક્રો ઈન્ફ્લુએન્સરનો હિસ્સો જે ૨૦૨૨-૨૩ માં ૯% હતો એ વધીને ૧૪% થઇ જશે. રિપોર્ટ છે કે ભારત વિશ્વવમાં ઈન્ફ્લુએન્સરોનું મોટું બેઝ બની જશે. સસ્તા ડેટા અને સ્માર્ટફોન કવરેજમાં વૃદ્ધિની આમાં મુખ્ય ભૂમિકા છે. મોટાભાગે ૧૮-૩૫ વર્ષની ઉંમરના લોકો યુ-ટ્યૂબ ઈન્ફ્લુએન્સર પાસેથી જ માહિતીમેળવે છે.

નોંધપાત્ર છે કે ઈન્ફ્લુએન્સરોને હાયર કરવા માટે રાજસ્થાન સરકારે ઔપચારિક પગલાં લીધા છે. ૨૬ જૂન ૨૦૨૩ના નોટિફિકેશન પ્રમાણે એમની ચેનલો ઉપર સરકારી વિજ્ઞાપન પોસ્ટ કરવા માટે ઈન્ફ્લુએન્સરને મહિનાના ૧૦,૦૦૦ થી લઈને ૫ લાખ રૂપિયા સુધી મળે છે. યુ-ટ્યૂબ ઈનફ્લુએન્સરને તેના ફોલોઅર્સ પ્રમાણે એ, બી, સી વગેરે શ્રેણીમાં રાખવામાં આવે છે અને આ આધારે એમને વિજ્ઞાપનના પૈસા મળે છે. એનો અર્થ એ પણ છે કે ફક્ત મોટા ક્રીયેટરના પ્રયોગ નથી થતા, પણ નાના યુ-ટ્યૂબ ઈન્ફ્લુએન્સરો પણ સ્થાનિક લોકો પર પકડ ધરાવે છે.

આમ એક ઉમેદવાર પોતાના સ્થાનિક મુદ્દાઓ પણ ઉઠાવી શકે છે, અને એ ક્ધટેન્ટને વિશ્વવસનીયતા તેમજ ભરોસો મળે છે. પ્રત્યેક અભિયાન માટે માઈક્રો ઈન્ફ્લુએન્સરને ૧૦ થી ૧૫ હજાર રૂપિયા મળે છે. મેક્રો ઈન્ફ્લુએન્સરોને લાખો રૂપિયા મળે છે, બસ એમની વિચારધારા ઉમેદવાર સાથે મળવી જોઈએ.

પાણી માટે દર પાંચમો માણસ વીસ કિમી યાત્રા કરે છે

રિવરફ્રન્ટ ધરાવતાં શહેરો નદી પરત્વે જાગૃતિ કેળવે

ભારતમાં લગભગ ચાલીસ કરોડ લોકોના જીવન સાથે જોડાયેલી ગંગા નદીની ઉત્પત્તિ પર અદભુત કથાઓ લખવામાં આવી છે. ગંગા નદીને માનવજાતના કલ્યાણ માટે ધરતી પર લાવવામાં ભગવાન શિવની જટાઓ વાપરવામાં આવી. ગંગા નદીના મેદાન વિસ્તારોમાં અધ્યાત્મ કેન્દ્રોથી માંડીને માનવસભ્યતાઓ નો હજારો વર્ષનો ઈતિહાસ છે. ભવિષ્યની હજારો પેઢીઓ સુધી ગંગા પ્રાગટ્ય કથાઓ સંભળાવવામાં આવશે. જે રીતે ગંગા નદીની કથા છે એ રીતે નર્મદાના નીરને પવિત્ર માનવામાં આવ્યા છે. નર્મદા નદીના પ્રત્યેક કંકરમાં શંકર વસેલાં છે એવું વારંવાર કહેવામાં આવે છે. શા માટે નદીઓની પવિત્રતા અંગે હજારો વર્ષથી વિવિધ કથાઓ મારફતે જનજાગૃતિ કેળવવામાં આવી છે? મહીસાગર નદી હોય કે તાપી, શેત્રુંજી હોય કે ભોગાવોપ લગભગ દરેક નદીઓ સાથે પવિત્ર કથાઓ જોડાયેલી છે. જ્યાં પાણીના વિશાળ સ્ત્રોત છે એ તમામ સ્ત્રોત જળવાયેલા રહે એ માટે પૌરાણિક સમયથી પ્રયત્ન થતાં રહ્યા છે.

આપણા વડવાઓ સમજદાર હતા કે ભારતની લગભગ દરેક નદીઓને પૌરાણિક કથાઓ સાથે જોડી છે. માણસ અન્ય કોઈ રીતે ન સમજે તો કમસેકમ ધર્મથકી નદીઓનું મહત્ત્વ સમજે. નદીઓ થકી પાણી અને પર્યાવરણ સમજે તો પૃથ્વી પર કોઈ વાતે દુઃખ ના રહે એવું વડવાઓ અનુભવો થકી સમજતાં હતાં.

આશ્ચર્યની વાત તો એ છે કે આ કથાઓ જ્યારે લખવામાં આવી ત્યારે વસ્તી ઘણી ઓછી હતી, જરૂરિયાત નહિવત હતી. પ્રકૃતિમાંથી જે ઘટકો વાપરવામાં આવતા હતાં એ પ્રકૃતિ પાસે પાછા પહોંચી જતાં હતાં. એક તબક્કે યુરોપમાં હરિત રાજનીતિ થઈ તો ભારત જેવા દેશે હરિત ક્રાંતિ કરીને દુનિયાને મજબૂત મનોબળ ધરાવતા ભારતના દર્શન કરાવ્યાં હતાં.

એક ક્લાસિક ફિલ્મ આવી હતી, શાબાશ અબ્બા. બોમન ઈરાની અને મિનીષા લાંબા અભિનીત ફિલ્મમાં કૂવો ખોદવાના પૈસા અધિકારીઓ પચાવી જાય છે, કૂવો ખોવાયો છેની થીમ પર બનેલી ફિલ્મના કેન્દ્રમાં પાણીની સમસ્યા હતી. લગાન ફિલ્મમાં ભલે ક્રિકેટ થકી દર્શકોનું મનોરંજન કરવામાં આવ્યું હતું, પણ ફિલ્મના કેન્દ્રમાં વરસાદ વિના જીવનમાં આવતી ગંભીર સમસ્યા પર ધ્યાન દોર્યું છે. આપણા ગુજરાતી સાહિત્યમાં દુકાળની ત્રાસદી પર અસંખ્ય અસરકારક કથાઓ લખવામાં આવી છે. હિન્દી, અંગ્રેજી અને વિશ્વવભરના સાહિત્ય અને સિનેમામાં પાણીને કેન્દ્રમાં રાખીને સર્જન કરવામાં આવ્યા છે. ફરી યાદ રાખો કે, પૌરાણિક અને આધુનિક કથાઓ કે સિનેમાસર્જકોનો આશય પાણી અંગે જાગૃતતા કેળવવાનો હતો. જે પ્રજા પાણીનું મહત્ત્વ સમજશે એની પાસે ભવિષ્ય છે.

યુવા પ્રજામાં પર્યાવરણ બાબતે સારી જાગૃતિ આવી રહી છે, છતાં યાદ રાખવું જરૂરી છે કે દુનિયામાં દર ત્રીજી વ્યક્તિને પીવાના પાણીની અછત અસર કરે છે. વિશ્વની ૨૦% પ્રજા એવરેજ પાંચ માઈલ ચાલીને પીવાનું પાણી લાવે છે

ચોમાસામાં પાણીની વાત એટલા માટે યાદ રાખવાની છે, આજે પણ દુનિયાની ૨૫% વસ્તી પાસે પાણી માટે કૂવાઓ જ સ્ત્રોત છે, બીજી રીતે કહીએ તો દુનિયાના ઘણા વિસ્તારમાં ભૂગર્ભ પાણી જ એકમાત્ર ઉપાય છે. ધીમે ધીમે ખેતી અને પાણીની જરૂરિયાત ૧૦% ગ્રોથ થી વધશે. હાલ ખેતીમાં ૬૫% ભૂગર્ભ જળ વપરાય છે. ભૂગર્ભ જળનો ૧૧% ઉપયોગ ઈન્ડસ્ટ્રી કરવા લાગી છે.

હા, એ પણ તૈયારી રાખજો કે આગામી દાયકાઓમાં જમીનનો દુષ્કાળ આવી રહ્યો છે.

ચોમાસાની તૈયારી કરવાની વાતો થશે. આ વાત એટલા માટે કરવી છે કે વિશ્વવમાં લગભગ ૩૦% પાણી ભૂગર્ભ જળ છે, જેના સંગ્રહ માટે વરસાદી પાણી મહત્ત્વનું છે. નદી પર એક હદ કરતાં વધુ ડેમ પાણીનો સંગ્રહ કરી શકે પણ ઈકો સિસ્ટમને ખતમ કરી રહ્યા છે દરિયા કિનારા તરફની જમીનોમાં ડેમને કારણે ખારાશ વધી રહી છે.

અમદાવાદની પોળોનાં ઘરો હોય કે સિંધુ સંસ્કૃતિ, ટાંકાઓની પદ્ધતિ હતી ઈન શોર્ટ, વરસાદી પાણીનો સંગ્રહ થતો હતો.

ખેતી માટે પાણીની વાતો, સિંચાઈની પદ્ધતિઓ ઋગ્વેદથી મિન્સ સનાતન યુગથી પ્રચલિત છે. કૂવાઓમાંથી દોરડા અને ચક મારફતે પાણી ખેંચી શાખાઓ અને પ્રશાખાઓ મારફતે કૂવામાં પહોંચાડવામાં આવતું હતું. ખેતીમાં પાણી પહોંચાડવા ઘોડાઓનો પણ ઉપયોગ થતો હતો.

ભારતીય પરંપરામાં પાણી સંગ્રહ માટે અનેક માર્ગ દર્શાવવામાં આવ્યા છે. નદીઓના મૂળની પવિત્ર કથાઓ એટલા માટે લખવામાં આવી હતી કે નદીઓની ઉત્પત્તિ સ્થાનોની પવિત્રતા જાળવતા શીખીએ. કમસેકમ એ સ્થળોને પ્રદૂષણ મુક્ત રાખીએ પણ દરેક સ્થળ પર પ્લાસ્ટિક કચરાથી માંડીને જ્યાં ત્યાં ગંદકી ફેલાવવી એ આપણો ધર્મ શીખવતું નથી. જે નદીઓ પર રિવરફ્રન્ટ બને છે એ નદીઓએ એમના પાણીના સ્ત્રોત શુદ્ધ કરીને નદીઓને જીવંત કરવા પ્રયત્ન કરવા જોઈએ. સાબરમતી જેવી નદી રિવરફ્રન્ટ પછી વિશ્વવમાં ગંદી નદીઓમાં આવે છે. રિવરફ્રન્ટ જેવી સુવિધા પ્રાપ્ત કરનારા શહેરીજનો કમસેકમ પોતાની નદીના પર્યાવરણ પરત્વે જાગૃતિ કેળવે એ ફરજ આપણે બજાવીએ છીએ? સરકાર રિવરફ્રન્ટ આપી શકે પણ નાગરિક તરીકે ફક્ત સુવિધા ભોગવવાની કરતાં શક્ય એટલો ભોગ આપતા શીખવું પડશે. અમદાવાદના નાગરિકોએ તો ખાસ યાદ રાખવું જોઈએ કે બારેમાસ ભરપૂર પાણી દેખાય છે એ ઉધારનું પાણી છે. નર્મદા નદી પર ખેતી, ઉદ્યોગ, રિવરફ્રન્ટ સહિત કેટલો ભાર આપીશું? નદીઓના પ્રશ્નને આજે નહીં તો ક્યારે જાગૃત બનીશું?

આ વાત બીજી રીતે પણ સમજવાની કોશિશ કરીએ. વિશ્વવમાં એવરેજ પાંત્રીસ ઈંચ વરસાદ પડે છે. વરસાદી પાણીનો સંગ્રહ થશે અને જો જમીનમાં ઉતારવામાં આવે તો કમસેકમ પચાસ ટકા સમસ્યા દૂર કરી શકીશું. પાણીના બચાવ માટે એક ઉદાહરણ સમજીએ. આધુનિક મકાનમાં સરેરાશ એક સ્કવેર ફૂટમાં એક ઈંચ વરસાદ પડે તો છસો ગેલન પાણીનો સંગ્રહ કરી શકાય. (એક ગેલન એટલે ૩.૭ લિટર) એક વ્યક્તિ એવરેજ એંસી ગેલન પાણીનો વપરાશ કરતો હોય છે. નહાવા તથા દૈનિક ક્રિયાઓમાં અડધોઅડધ પાણી વાપરે છે, વૈશ્વિક અભ્યાસ એવું માને છે કે દશ ટકા પાણી તો એક યા બીજા લીકેજ જેવા ટેકનિકલ કારણોસર વેડફાય છે. હવે જો પેલા હજાર સ્ક્વેર ફૂટ પર પડતાં પાણીનો સંગ્રહ કરવામાં આવે અથવા જમીનમાં ઉતારવામાં આવે તો પ્રતિ વ્યક્તિની અડધોઅડધ જરૂરિયાત સંતોષી શકાય. ઔદ્યોગિકરણ વધતા પાંત્રીસ ચાલીસ ટકા પાણીનો ઉપયોગ ઈન્ડસ્ટ્રી કરે છે, એમાં પણ પાણીનો સૌથી વધુ ઉપયોગ ઈલેક્ટ્રિક પાવર ઉત્પન્ન કરતાં યુનિટ કરતાં હોય છે. ખેતી માટે પાણીનો ઉપયોગ વધતા આપણે વધુને વધુ ઊંડા બોર કરવા લાગ્યા છીએ. સરવાળે પાણીનો વ્યય વધવા લાગ્યો છે, ત્યારે કમસેકમ પૃથ્વીની મુસાફરી કરવા નીકળ્યા હોય એ રીતે વિચારવું જોઈએ કે જેટલું પાણી વાપર્યું છે એ પાછું આપવા પ્રયત્ન કરીએ. આજે આ પ્રયાસ નહીં થાય તો ભવિષ્યના મુસાફરોને પાણીની ગંભીર સમસ્યા થવાની છે એ નક્કી છે. સરકારો ઈચ્છે છે કે નવી બનતી સોસાયટીમાં પાણીની સમસ્યા દૂર કરવા વોટર રિચાર્જ કરવું ફરજિયાત છે પણ બિલ્ડર કદાચ ગંભીર ના હોય તો નાગરિક તરીકે આપણી પણ ફરજ છે કે વોટર હાર્વેસ્ટિંગ માટે જાગૃત બને. પાણી અંગે અસંખ્ય લખાણો લખવામાં આવ્યાં છે, બધા લેખોમાં સરેરાશ એક જ વાત લખવામાં આવે છે પાણી બચાવો, પાણીનો સંગ્રહ કરો. રોજેરોજ ચેતવવામાં આવે છે એટલે કદાચ જાગૃતિ આવતી નથી, દરેકને એવું છે કે જ્યારે સમસ્યા થશે ત્યારે સોલ્યુશન કરીશું અથવા સરકારને ટેક્સ આપીએ છીએ તો એની જવાબદારી છે. આ જવાબદારીમાંથી છટકવાની વાતો છે, પાણી એક એવો વિષય છે જે આવનારી પેઢીઓ માટે સંઘર્ષનું કારણ બનશે. ભૂગર્ભમાં ઊંડે ઊતરીને કામચલાઉ પાણીની સમસ્યાનો નિકાલ કર્યો પણ નવી પેઢી માટે નીચે પણ બચશે નહીં તો પાણી ક્યાંથી લાવીશું? પાણી બાબતે જાગૃત થવાની જરૂર છે.

વિશ્વવનું પ્રથમ સાહિત્ય એવા ઋગ્વેદમાં ખેતી અને તેના માટે જરૂરી મેઘ માટે ઘણું લખાયું છે. આપણે ત્યાં એ પણ લખાયું છે કે પૃથ્વી અને આકાશ એક જ હતાં, પછી અલગ થયા. અલગ થતાં વરસાદ અને સૂર્ય ગાયબ થયા, દેવતાઓની હાજરીમાં સમાધાન થયા. આકાશી દેવતાઓની કૃપા માનવજાતને મળવા લાગી. મોટાભાગના વૈદિક દેવતાઓ પ્રકૃતિ સાથે જોડાયેલા હતાં, ઈન્દ્રથી મેઘ સુધી કહો કે વાયુથી પર્જન્ય. આ બધા દેવતાઓની સ્તુતિમાં પૃથ્વીની મોટી જરૂરિયાત પાણી સંતોષતું હતું. પર્જન્યના અનેક અર્થ છે, જેમાં એક અર્થ છે મેઘ થાય. પર્જન્ય માટે દુષ્કાળ વિસ્તારોમાંથી પ્રાર્થના પણ લખવામાં આવી છે, તો અતિ ભારે વરસાદ પછી રોકાઈ જવાની પ્રાર્થના પણ કરવામાં આવી છે. વરુણ દેવ હોય કે યજ્ઞ પરંપરા, આશય એક જ હતો કે મનુષ્ય પ્રકૃતિની નિકટ રહે, એનાં ખેતરો ધનધાન્યથી ભરપૂર રહે. પ્રાણીઓને પાણી મળે, કૂવાઓ અને નદીનાળાઓ ભરપૂર રહે.

તંત્રી લેખ...

શુક્રવાર, તા.૨૮ જૂન ૨૦૨૪

વિલંબનાં દુષ્પરિણામ

એ સારું છે કે નેશનલ ટેસ્ટિંગ એજન્સી એટલે કે એનટીએ તરફથી રદ્દ અને સ્થગિત કરવામાં આવેલ પરીક્ષાઓને ફરીથી આયોજિત કરવાની તૈયારી કરવામાં આવી રહી છે, ત્યાં જ આ એજન્સીની કાર્યપ્રણાલીમાં સુધાર માટે રચાયેલી ઉચ્ચ સ્તરીય સમિતિ પરીક્ષાઓને પારદર્શી બનાવવા માટે છાત્રો, વાલીઓ અને શિક્ષણવિદો સાથે વિચાર-વિમર્શ કરવા જઈ રહી છે, પરંતુ વધુ સારું થાત કે આ બધું બહુ પહેલાં કરી લેવાયું હોત. જો કેન્દ્રીય શિક્ષણ મંત્રાલય ત્યારે જ ચેતી જતું, જ્યારે પહેલી વાર એનટીએની કોઈ પરીક્ષાને લઈને પ્રશ્ન ઊભા થયા હતા, તો સંભવતઃ આજે જે સ્થિતિ બની, તે ન બનતી. કેન્દ્ર સરકાર અને વિશેષ રૂપે કેન્દ્રીય શિક્ષણ મંત્રાલયને એ આભાસ હોવો જોઈએ કે એનટીએની કાર્યપ્રણાલીમાં ખામીને કારણે ન માત્ર મેડિકલ કોલેજોની પ્રવેશ પરીક્ષા એટલે કે નીટની વિશ્વસનીયતાને લઈને ગંભીર સવાલ ઊભા થયા, બલ્કે એવા જ સવાલોની આશંકાને કારણે કેટલીક બીજી પરીક્ષાઓને રદ્દ અથવા સ્થગિત કરવી પડી. તેને કારણે લગભગ ૩૭ લાખ છાત્ર પ્રભાવિત થયા. આ એક બહુ મોટી સંખ્યા છે અને આશ્ચર્ય નહીં કે આ છાત્રો અને તેના વાલીઓના મનમાં સરકાર પ્રત્યે અસંતોષ હોય. જેમ કેન્દ્ર સરકાર કેન્દ્રીય સ્તરની પ્રતિયોગી પરીક્ષાઓની વિશ્વસનીયતા જાળવી રાખવા માટે સમયસર સજાગ ન થઈ, એવી જ ભૂલ કેટલીય રાજ્ય સરકારોથી પણ થઈ.

છેલ્લા કેટલાંક વર્ષોમાં વિભિન્ન રાજ્ય સરકારો દ્વારા આયોજિત કરવામાં આવેલ પ્રતિયોગી પરીક્ષાઓનાં પ્રશ્નપત્ર કાં તો લીક થઈ ગયાં અથવા તેનાં પરિણામોને લઈને સવાલ ઊભા થયા. કંઈક એવી જ પ્રતિયોગી પરીક્ષાઓ રહી, જે સમય પર સંપન્ન તો થઈ ગઈ, પરંતુ તેનાં પરિણામ નક્કી અવધિમાં જાહેર ન કરવામાં આવ્યાં. આશ્ચર્ય નહીં કે આ બધાં કારણોસર હાલમાં લોકસભા ચૂંટણીઓમાં ભાજપ વિરુદ્ધ માહોલ બન્યો હોય. એમ તો છેલ્લા કેટલાક વર્ષોમાં કદાચ જ એવી કોઈ રાજ્ય સરકાર રહી હશે, જેની પ્રતિયોગી પરીક્ષાઓનાં પ્રશ્નપત્ર લીક ન થયાં હોય, પરંતુ બીજાઓથી અલગ હોવાનો દાવો કરનારી ભાજપની કેન્દ્ર અને રાજ્ય સરકારો પાસેથી એ જ અપેક્ષિત હતું કે તેઓ આ બાબતો પર ક્યાંય વધારે સજાગતાનો પરિચય આપતી. કોઈ નથી જાણતું કે એવું કેમ ન કરવામાં આવ્યું? આખરે છાત્રોના હિતોની રક્ષા અને પ્રતિયોગી પરીક્ષાઓ પ્રત્યે તેમનો ભરોસો જાળવી રાખવા માટે હવે જે પગલાં ભરાઈ રહ્યાં છે, તે પહેલાં કેમ ન ભરી શકાયાં? ભાજપી નેતૃત્વ અને તેની સરકારોને એ આભાસ હોવો જોઈએ કે સમય પર યોગ્ય પગલાં ન ભરવાનાં કેવાં દુષ્પરિણામ હોય છે? બની શકે કે પરીક્ષાઓની વિશ્વસનીયતા સુનિશ્ચિત કરવા માટે વિભિન્ન સ્તરો પર જે પહેલ કરવામાં આવી રહી છે, તેના સાર્થક પરિણામ સામે આવી, પરંતુ પ્રશ્ન એ છે કે વિભિન્ન પરીક્ષાઓને રદ્દ અને સ્થગિત કરવા અથવા તેમનાં પરિણામ જાહેર કરવામાં વિલંબને કારણે લાખો છાત્રોને જે પરેશાની ઉઠાવવી પડી, તેની ભરપાઈ સંભવ છે?

વિલંબનાં દુષ્પરિણામ

એ સારું છે કે નેશનલ ટેસ્ટિંગ એજન્સી એટલે કે એનટીએ તરફથી રદ્દ અને સ્થગિત કરવામાં આવેલ પરીક્ષાઓને ફરીથી આયોજિત કરવાની તૈયારી કરવામાં આવી રહી છે, ત્યાં જ આ એજન્સીની કાર્યપ્રણાલીમાં સુધાર માટે રચાયેલી ઉચ્ચ સ્તરીય સમિતિ પરીક્ષાઓને પારદર્શી બનાવવા માટે છાત્રો, વાલીઓ અને શિક્ષણવિદો સાથે વિચાર-વિમર્શ કરવા જઈ રહી છે, પરંતુ વધુ સારું થાત કે આ બધું બહુ પહેલાં કરી લેવાયું હોત. જો કેન્દ્રીય શિક્ષણ મંત્રાલય ત્યારે જ ચેતી જતું, જ્યારે પહેલી વાર એનટીએની કોઈ પરીક્ષાને લઈને પ્રશ્ન ઊભા થયા હતા, તો સંભવતઃ આજે જે સ્થિતિ બની, તે ન બનતી. કેન્દ્ર સરકાર અને વિશેષ રૂપે કેન્દ્રીય શિક્ષણ મંત્રાલયને એ આભાસ હોવો જોઈએ કે એનટીએની કાર્યપ્રણાલીમાં ખામીને કારણે ન માત્ર મેડિકલ કોલેજોની પ્રવેશ પરીક્ષા એટલે કે નીટની વિશ્વસનીયતાને લઈને ગંભીર સવાલ ઊભા થયા, બલ્કે એવા જ સવાલોની આશંકાને કારણે કેટલીક બીજી પરીક્ષાઓને રદ્દ અથવા સ્થગિત કરવી પડી. તેને કારણે લગભગ ૩૭ લાખ છાત્ર પ્રભાવિત થયા. આ એક બહુ મોટી સંખ્યા છે અને આશ્ચર્ય નહીં કે આ છાત્રો અને તેના વાલીઓના મનમાં સરકાર પ્રત્યે અસંતોષ હોય. જેમ કેન્દ્ર સરકાર કેન્દ્રીય સ્તરની પ્રતિયોગી પરીક્ષાઓની વિશ્વસનીયતા જાળવી રાખવા માટે સમયસર સજાગ ન થઈ, એવી જ ભૂલ કેટલીય રાજ્ય સરકારોથી પણ થઈ.

છેલ્લા કેટલાંક વર્ષોમાં વિભિન્ન રાજ્ય સરકારો દ્વારા આયોજિત કરવામાં આવેલ પ્રતિયોગી પરીક્ષાઓનાં પ્રશ્નપત્ર કાં તો લીક થઈ ગયાં અથવા તેનાં પરિણામોને લઈને સવાલ ઊભા થયા. કંઈક એવી જ પ્રતિયોગી પરીક્ષાઓ રહી, જે સમય પર સંપન્ન તો થઈ ગઈ, પરંતુ તેનાં પરિણામ નક્કી અવધિમાં જાહેર ન કરવામાં આવ્યાં. આશ્ચર્ય નહીં કે આ બધાં કારણોસર હાલમાં લોકસભા ચૂંટણીઓમાં ભાજપ વિરુદ્ધ માહોલ બન્યો હોય. એમ તો છેલ્લા કેટલાક વર્ષોમાં કદાચ જ એવી કોઈ રાજ્ય સરકાર રહી હશે, જેની પ્રતિયોગી પરીક્ષાઓનાં પ્રશ્નપત્ર લીક ન થયાં હોય, પરંતુ બીજાઓથી અલગ હોવાનો દાવો કરનારી ભાજપની કેન્દ્ર અને રાજ્ય સરકારો પાસેથી એ જ અપેક્ષિત હતું કે તેઓ આ બાબતો પર ક્યાંય વધારે સજાગતાનો પરિચય આપતી. કોઈ નથી જાણતું કે એવું કેમ ન કરવામાં આવ્યું? આખરે છાત્રોના હિતોની રક્ષા અને પ્રતિયોગી પરીક્ષાઓ પ્રત્યે તેમનો ભરોસો જાળવી રાખવા માટે હવે જે પગલાં ભરાઈ રહ્યાં છે, તે પહેલાં કેમ ન ભરી શકાયાં? ભાજપી નેતૃત્વ અને તેની સરકારોને એ આભાસ હોવો જોઈએ કે સમય પર યોગ્ય પગલાં ન ભરવાનાં કેવાં દુષ્પરિણામ હોય છે? બની શકે કે પરીક્ષાઓની વિશ્વસનીયતા સુનિશ્ચિત કરવા માટે વિભિન્ન સ્તરો પર જે પહેલ કરવામાં આવી રહી છે, તેના સાર્થક પરિણામ સામે આવી, પરંતુ પ્રશ્ન એ છે કે વિભિન્ન પરીક્ષાઓને રદ્દ અને સ્થગિત કરવા અથવા તેમનાં પરિણામ જાહેર કરવામાં વિલંબને કારણે લાખો છાત્રોને જે પરેશાની ઉઠાવવી પડી, તેની ભરપાઈ સંભવ છે?

ઓવૈસીને સાંસદ તરીકે ગેરલાયક ઠેરવવાથી કોઈ ફાયદો પણ નથી થવાનો.

ઓવૈસીને ગેરલાયક ઠેરવવાથી અહમ સંતોષાય, બીજું કંઈ નહીં

ઓલ ઈન્ડિયા મજલિસ-એ-ઈત્તેહાદુલ મુસલમીન (એઆઈએમઆઈએમ)ના પ્રમુખ અને હૈદરાબાદના લોકસભા સાંસદ અસદુદ્દીન ઓવૈસીએ સાંસદ તરીકેની નવી ઈનિંગ શરૂ કરતાં જ બખેડો શરૂ કરી દીધો છે. પચીસ જૂને નવા ચૂંટાયેલા સાંસદોનો શપથ ગ્રહણ સમારોહ ચાલી રહ્યો હતો ત્યારે અસદુદ્દીન ઓવૈસીએ પણ સાંસદ તરીકે શપથ લીધા હતા. ઓવૈસી શપથ

પહેલાં બિસ્મિલ્લાહ બોલ્યા અને પછી ઉર્દૂમાં શપથ લીધા હતા. મોટા ભાગના મુસ્લિમો કંઈ પણ સારું કામ કરતાં પહેલાં બિસ્મિલ્લાહ બોલતા હોય છે તેથી તેની સામે કોઈએ વાંધો ના લીધો પણ શપથ લીધા પછી ઓવૈસી જે બોલ્યા તેના કારણે બખેડો થઈ ગયો.

ઓવૈસીએ 'જય ભીમ, જય મીમ, જય તેલંગણા, જય પેલેસ્ટાઈન અને તકબીર, અલ્લાહુ અકબર' એ ચાર નારા ધીમા પણ બધાંને સંભળાય એવા અવાજે બોલ્યા હતા. ઓવૈસીના નારા સાંભળીને ભાજપના ઘણા સાંસદો ઉકળી ઉઠ્યા અને સંસદમાં જ વિરોધ નોંધાવ્યો હતો. આ વિરોધ બાદ પ્રોટેમ સ્પીકર મહેતાબે ઓવૈસીના શબ્દોને રેકોર્ડમાંથી હટાવવાનો આદેશ આપી દીધો પણ ભાજપના સાંસદોએ ઓવૈસીને સાંસદપદેથી ગેરલાયક ઠેરવવાની માગણી સાથે હોહા ચાલુ રાખી. ઓવૈસીએ પેલેસ્ટાઈન તરફ વફાદારી બતાવીને સાંસદ તરીકેના નિયમનો ભંગ કર્યો હોવાના દાવા સાથે ભાજપના સાંસદો મચી પડ્યા છે.

સંસદની બહાર પણ આ મુદ્દો ગાજી રહ્યો છે. ભાજપના જી. કિશન રેડ્ડીએ સંસદમાં 'જય પેલેસ્ટાઈન'નો નારો લગાવવાને ગૃહના નિયમોની વિરુદ્ધ ગણાવીને ઓવૈસીની ટીકા કરી છે કે, ભારતમાં રહેતા હોવા છતાં ઓવૈસી 'ભારત માતા કી જય' બોલતા નથી એ શરમજનક કહેવાય. ભાજપ આઈટી સેલના વડા અમિત માલવિયાએ બંધારણની કલમ ૧૦૨ ની જોગવાઈઓ પોસ્ટ કરીને દાવો કર્યો છે કે, હાલના નિયમો મુજબ અસદુદ્દીન ઓવૈસીને વિદેશી રાજ્ય એટલે કે પેલેસ્ટાઈન પ્રત્યે વફાદારી દર્શાવવા બદલ લોકસભાના સભ્યપદથી અયોગ્ય ઠેરવી શકાય છે.

ઓવૈસી સામે ગૃહમાં જય પેલેસ્ટાઈન નારો લગાવવા બદલ રાષ્ટ્રપતિને ફરિયાદ કરીને સંસદસભ્યપદ રદ કરવાની માગ પણ કરવામાં આવી છે. સુપ્રીમ કોર્ટના વકીલ વિષ્ણુ શંકર જૈને રાષ્ટ્રપતિને ફરિયાદ કરી છે કે, અસદુદ્દીન ઓવૈસીએ બંધારણની કલમ ૧૦૨ અને ૧૦૩નો ભંગ કર્યો હોવાથી તેમનું સંસદસભ્યપદ રદ કરી દેવું જોઈએ. ઓવૈસીને 'વિદેશ પ્રત્યે નિષ્ઠા દર્શાવવા' માટે લોકસભાના સભ્યપદેથી ગેરલાયક ઠેરવવામાં આવી શકે છે.

ભાજપના નેતા આ બધી હોહા કરી રહ્યા છે ત્યારે નરેન્દ્ર મોદી સરકાર આ મામલે બહુ ઉત્સાહિત નથી. સંસદીય બાબતોના પ્રધાન કિરેન રિજિજુએ સધિયારો આપ્યો છે કે, ઓવૈસીની ટિપ્પણીઓના સંદર્ભમાં ગૃહના નિયમો શું છે તેની તપાસ કરાશે પણ આપણી પેલેસ્ટાઈન કે બીજા કોઈ દેશ સાથે કોઈ દુશ્મની નથી. કોઈ સભ્ય શપથ લેતી વખતે બીજા દેશની પ્રશંસા કરતા નારા લગાવે એ યોગ્ય છે કે નહીં એ માટે આપણે નિયમો તપાસવા પડશે. રિજિજુની વાત પરથી સ્પષ્ટ છે કે, મોદી સરકાર આ મુદ્દાને બહુ મહત્ત્વ આપવા માગતી નથી. પ્રોટેમ સ્પીકરે પહેલાં જ ઓવૈસીના શબ્દોને રેકોર્ડમાંથી કાઢી નાંખ્યા છે ને તેનાથી કમ સે ભાજપ હાઈકમાન્ડને સંતોષ છે.

ભાજપ હાઈકમાન્ડ આ મુદ્દાને બહુ મહત્ત્વ આપવા નથી માગતો તેનાં કારણો પણ સમજવા જેવાં છે. ભાજપના નેતા બંધારણની કલમ ૧૦૨ અને ૧૦૩નો હવાલો આપીને ઓવૈસીને સાંસદ તરીકે ગેરલાયક ઠેરવવાની માગ કરી રહ્યા છે પણ વાસ્તવમાં કલમ ૧૦૨ હેઠળ ગેરલાયક ઠેરવી શકાય એવું કશું ઓવૈસીએ કર્યું નથી.

ભારતીય બંધારણની કલમ ૧૦૨ હેઠળ સાસંદને ગેરલાયક ઠેકવવાની જોગવાઈઓ કરાઈ છે. આ જોગવાઈ પ્રમાણે, કોઈ સાંસદ ભારત સરકાર કે કોઈ રાજ્ય સરકારના લાભના હોદ્દા પર હોય તો ઓફિસ ઓફ પ્રોફિટના નિયમ હેઠળ તેમને ગેરલાયક ઠેરવી શકાય છે. કોઈ વ્યક્તિ નાદારી નોંધાવે તો પણ તેને ગેરલાયક ઠેરવી શકાય છે. સાંસદ ભારતનો નાગરિક નથી એવું સાબિત થાય કે પછી સ્વેચ્છાથી બીજા દેશની નાગરિકતા લીધી હોય કે કોઈ બીજા દેશ પ્રત્યે નિષ્ઠા ધરાવતા હોય કે તેને અનુસરતા હોય.

ઓવૈસીને આ છેલ્લા નિયમ પ્રમાણે ગેરલાયક ઠેરવવાની માગ કરાઈ છે. આ નિયમ પ્રમાણે, કોઈ વ્યક્તિ ભારત સિવાય કોઈ બીજા દેશ પ્રત્યે નિષ્ઠા રાખે તો તેને સંસદની સદસ્યતાથી અયોગ્ય જાહેર કરી શકાય. પણ આ નિયમ ઓવૈસીને લાગુ નથી પડતો. આ જોગવાઈમાં અનુપાલન અને નિષ્ઠા એ બે શબ્દો વપરાયેલા છે પણ જય પેલેસ્ટાઈન બોલવા માત્રથી ઓવૈસીની નિષ્ઠા પેલેસ્ટાઈન સાથે છે કે ઓવૈસી પેલેસ્ટાઈનને અનુસરે છે એવું સાબિત ના થાય. પોતાને ગેરલાયક ઠેરવવા સામે ઓવૈસી સુપ્રીમ કોર્ટમાં જાય તો ઓવૈસી બીજા દેશ તરફ નિષ્ઠા ધરાવે છે એવું કોઈ રીતે સાબિત ના કરી શકાય. કોઈ દેશ તરફ નિષ્ઠા ધરાવવી એ બહુ વ્યાપક અર્થઘટન સાથેના શબ્દો છે. એક નારો બોલવાથી એ સાબિત ના થાય.

બીજું એ કે, ઓવૈસી ભારત તરફ નિષ્ઠા નથી ધરાવતા એવું પણ સાબિત નથી થતું એ જોતાં ભાજપના નેતા હોહા કરે તેનાથી કશું વળવાનું નથી. બહુ બહુ તો લોકસભાના સ્પીકર ઓવૈસીના શબ્દો સામે વાંધો લઈને ફરી શપથ લેવાનું કહી શકે. અલબત્ત પ્રોટેમ સ્પીકરે પહેલાં જ રેકર્ડમાંથી શબ્દો કઢાવી દીધા છે એ જોતાં સ્પીકર તેમનું ગૌરવ જાળવવા એવું પણ ના કરે એવી પ્રબળ શક્યતા છે.

ઓવૈસીને સાંસદ તરીકે ગેરલાયક ઠેરવવાથી કોઈ ફાયદો પણ નથી થવાનો. હૈદરાબાદ લોકસભા બેઠક ઓવૈસીનો ગઢ છે ને ઓવૈસી ફરી ત્યાંથી સરળતાથી ચૂંટાઈ આવશે. ભાજપે છેલ્લી ચૂંટણીમાં ઓવૈસીને હરાવવા બહુ ધમાધમ કરેલી. માધવી લતા નામનાં કહેવાતાં હિંદુવાદી બહેનને ઉતારીને ભાજપ એવા દાવા કરતો હતો કે, આ વખતે ઓવૈસી હારી જશે પણ માધવીબેન જ ૩.૩૦ લાખ મતે હારી ગયાં. આ સંજોગોમાં ઓવૈસીને ગેરલાયક ઠેરવવાથી અહમ સંતોષવા સિવાય બીજું કશું સાબિત ના થાય ને આ અહમ સંતોષવા દેશની તિજોરી પર પેટાચૂંટણીનો બોજ ના નાંખી શકાય. ઓવૈસી પેલેસ્ટાઈનની જય બોલાવે તેનાથી ભારતને કોઈ ફરક પણ પડતો નથી કેમ કે ભારત પેલેસ્ટાઈનની વિરુદ્ધ નથી એવું મોદી સરકારે પોતે કહ્યું છે. ઓવૈસી પાકિસ્તાન કે ચીનની જય બોલ્યા હોત તો વાત અલગ હતી પણ જે દેશને મોદી સરકાર પોતે દુશ્મન નથી માનતી એ દેશની જય બોલાવવાના મુદ્દાની ચૂંથ કરવાની શું જરૂર?

પહેલાં આ નદી પર એક વિશાળ જળાશય બનાવવાના બહાને ચીને બાંગ્લાદેશની જમીન પર વહેતી તીસ્તા નદી પર વિકાસ કાર્યોમાં સહયોગ વધારવાની ઈચ્છા વ્યક્ત કરી હતી.

તીસ્તા સમજૂતી : ચીનને ભારતનો જવાબ

ચીનનો હસ્તક્ષેપ ભારત અને બાંગ્લાદેશમાં વહેતી તીસ્તા નદી પર દેખોતા ન હતો

અરસાથી ચીન બાંગ્લાદેશની તીસ્તા નદીના કાયાકલ્પના બહાને નદીના જળ પ્રબંધનની જવાબદારી આંચકી લેવાના પ્રયાસ કરી રહ્યું હતું, પરંતુ બાંગ્લાદેશનાં પીએમ શેખ હસીના અને ભારતીય વડાપ્રધાન નરેન્દ્ર મોદી વચ્ચે થયેલ દ્વિપક્ષીય મંત્રણાથી ચીનની કોશિશો પર વિરામ લાગી ગયું છે. બંને દેશોના શીર્ષ નેતાઓ વચ્ચે થયેલ બેઠકમાં એ સહમતિ બની છે કે તીસ્તા નદી જળ પ્રબંધન પર નિર્ણાયક મંત્રણા માટે જલ્દી ભારતની એક ટેકનિકલ ટીમ ઢાકાની મુલાકાત લેશે, જે નદીમાં જામેલ કાંપને સાફ કરવાની સાથે નદીના જૂના સ્વરૂપને પાછું લાવવા માટે રોડમેપ તૈયાર કરશે. બંને દેશોએ ગંગાજળ વહેંચણી સમજૂતીને નવેસરથી અમલમાં મૂકવા અને એક સમગ્ર કારોબારી સમજૂતી પર પણ વાતચીતનો નિર્ણય કર્યો છે. બેઠકમાં દસ મહત્ત્વપૂર્ણ સમજૂતીઓ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે.

ચીનનો હસ્તક્ષેપ ભારત અને બાંગ્લાદેશમાં વહેતી તીસ્તા નદી પર દેખોતા ન હતો, પરંતુ થોડા સમય પહેલાં આ નદી પર એક વિશાળ જળાશય બનાવવાના બહાને ચીને બાંગ્લાદેશની જમીન પર વહેતી તીસ્તા નદી પર વિકાસ કાર્યોમાં સહયોગ વધારવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. આ જાણકારી બાંગ્લાદેશના વિદેશ મંત્રાલયે આપી હતી, પરંતુ ભારત દ્વારા વાંધો ઉઠાવાતાં બાંગ્લાદેશે જેવાબ આપ્યો કે 'ચીની રાજદૂત યાઓ વેને બેજિંગથી ઢાકાને તીસ્તા જલભરાવ ક્ષેત્રના વિકાસ માટે કેટલાય પ્રસ્તાવ આપ્યા છે. તેમાં તીસ્તા નદીમાં બૃહદ સ્તરે સફાઈ કરવા, જળાશય અને તટબંધ બનાવવાનો પ્રસ્તાવ સામેલ છે.' અસલમાં તીસ્તા નદી ભારતીય રાજ્ય સિક્કિમ અને પશ્ચિમ બંગાળથી થઈને બાંગ્લાદેશમાં પ્રવેશ કરે છે. તેને સિલિગુડી કોરિડોર કે ચિકન નેક કહેવામાં આવે છે. પશ્ચિમ બંગાળમાં સ્થિત ૨૮ કિમીની ભૂમિનું આ સંકીર્ણ ક્ષેત્ર છે. તે ભારતના પૂર્વોત્તર રાજ્યોને બાકી ભારત સાથે જોડે છે. ભૂટાનનું સામ્રાજ્ય આ જ કોરિડોરના ઉત્તરમાં આવેલું છે. તે ભારત માટે અત્યંત સંવેદનશીલ ક્ષેત્ર છે. તેથી ભારત આ ક્ષેત્રમાં કોઈપણ બહાને ચીનનો હસ્તક્ષેપ નથી ઈચ્છતું. આ પરિયોજન ૧૫૨ લગભગ ૮ હજાર ૩૦૦ કરોડ રૂપિયા ખર્ચ થવાની સંભાવના છે. ચીને આ કાર્યને સો ટકા પોતાની મૂડી પર કરવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. ચીનને આ કામનો કોન્ટ્રાક્ટ મળવાનો મતલબ આ ક્ષેત્રમાં દખલની સાથે નદીના જળપ્રવાહનો ડેટા પણ હાંસલ થઈ જાત. ચીન સાથે ભારતના સંબંધો કટુતા અને વિશ્વાસના બનેલા હોવાને કારણે ભારત ચીનની હાજરી પોતાની સીમાઓની આસપાસ નથી ઈચ્છતું. વિશેષજ્ઞોનું માનવું છે કે ચીની ભાગીદારીથી આ નદી પર ભારત-બાંગ્લાદેશ વચ્ચે જળ વહેંચણીને લઈને ચાલી રહેલ વિવાદ વધુ વકરી શકે છે. જોકે ૨૦૦૯માં વડાંપ્રધાન શેખ હસીનાના સત્તા બર બેઠા બાદથી જ જળ વહેંચણી પર સહમતિથી સમજૂતીની વાત ચાલી રહી છે. બંને પડોશી દેશ તત્કાલીન વડાપ્રધાન મનમોહન સિંહની ૨૦૧૧માં કરવામાં આવેલ બાંગ્લાદેશની યાત્રા દરમ્યાન સમજૂતી પર હસ્તાક્ષર માટે લગભગ તૈયાર હતા, પરંતુ પશ્ચિમ બંગાળનાં મુખ્યમંત્રી છેલ્લા સમયે સમજૂતી વિરુદ્ધ ઊભાં થઈ ગયાં અને નક્કી પ્રસ્તાવને રદ્દ કરી દેવામાં આવ્યો. હવે શેખ હસીના અને નરેન્દ્ર મોદીની ૨૦૨૨માં પરસ્પર થયેલ વાતચીત બાદ કુશિયારા નદી સંદર્ભે અંતરિમ જળ વહેંચણી સમજૂતી પર હસ્તાક્ષર પણ થઈ ગયા છે. ૧૯૯૬માં ગંગા નદી જળ સંધિ બાદ આ પ્રકારની આ પહેલી સમજૂતી છે. તેને અત્યંત મહત્ત્વપૂર્ણ સમજૂતી માનવામાં આવે છે. તે અસમ અને બાંગ્લાદેશના સિલહટ ક્ષેત્રને લાભાન્વિત કરશે. ૫૪ નદીઓ ભારત અદ્ધે બાંગ્લાદેશની સીમાઓને આરપાર જાય છે અને સદીઓથી બંને દેશોના કરોડો લોકોની આજીવિકાનું મુખ્ય સાધન બની છે. તેમ છતાં તીસ્તા નદીની જળ વહેંચણીને અંતિમ રૂપ અત્યાર સુધી નથી આપી શકાયું. નદીઓના જળ વહેંચણી વિવાદ આંતરરાષ્ટ્રીય સ્તર પર જ નહીં, રાષ્ટ્રીય સ્તર પર પણ વિવાદનો વિષય બની ગયો છે. બ્રહ્મપુત્રથી લઈને ચીન સાથે, તીસ્તાનો બાંગ્લાદેશ સાથે, ઝેલમ, સતલજ તથા સિંધુનો પાકિસ્તાન સાથે અને કોસીને લઈને નેપાળ સાથે વિરોધાભાસ છે. ભારત અને બાંગ્લાદેશ વચ્ચે સંબંધોમાં ખટાશ સીમા ક્ષેત્રમાં કેટલાક ભૂખંડો, માનવ વસ્તીઓ અને તીસ્તા નદીની જળ વહેંચણી ને લઈને પેદા થતી રહી છે. જોકે બંને દેશો વચ્ચે થયેલ ભૂસીમા સમજૂતી દ્વારા આ વિવાદ પર તો લગભગ વિરામ લાગી ગયો, પરંતુ તીસ્તાની ગૂંચવણ યથાવત છે. વડાપ્રધાન મોદી ૨૦૧૫માં બાંગ્લાદેશ યાત્રા પર ગયા હતા, ત્યારે ઢાકામાં દ્વિપક્ષીય મંત્રણા થઈ હતી, પરંતુ તીસ્તાની ગૂંચવણ ઉકલી ન હતી. વિદેશ નીતિમાં ડંકો વગાડનાર નરેન્દ્ર મોદી પાસે આશા એટલે વધારે છે, કારણ કે શેખ હસીના બંને દેશોમાં પરસ્પર દોસ્તીની મજબૂત ગાંઠ બાંધવાના ઉદ્દેશ્યથી ભારત આવતાં રહે છે. આશા એટલા માટે પણ છે, કારણ કે ૨૦૧૬માં મોદીના નેતૃત્વમાં ભારત સરકારે બાંગ્લાદેશ સાથે કેટલીક વસ્તીઓ અને ભૂક્ષેત્રોની અદલાબદલીમાં સફળતા પ્રાપ્ત કરી હતી. તીસ્તાના ઉદ્ગમ સ્રોત પૂર્વી હિમાલયમાં સ્થિત સિક્કિમ રાજ્યનાં ઝરણાં છે. આ ઝરણાં એકત્રિત થઈને નદી રૂપે બદલાઈ જાય છે. નદી સિક્કિમ અને પશ્ચિમ બંગાળથી વહેતી બાંગ્લાદેશમાં પહોંચીને બ્રહ્મપુત્રમાં ભળી જાયછે. તેથી સિક્કિમ અને પશ્ચિમ બંગાળના પાણી સાથે જોડાયેલા હિત આ નદી સાથા ગાઢ સંબંધ રાખે છે. તીસ્તા સિક્કિમ રાજ્યના લગભગ સમગ્ર મેદાની ક્ષેત્રોમાં વહેતી બાંગ્લાદેશની સીમામાં લગભગ ૨૮૦૦ ચો.કિમી ક્ષેત્રમાં વહે છે. પરિણામે આ ક્ષેત્રોના રહેવાસીઓ માટે તીસ્તાનું પામી આજીવિકા માટે વરદાન બનેલું છે. આ જ રીતે પશ્ચિમ બંગાળ માટે પણ તે બાંગ્લાદેશ જેટલું જ મહત્ત્વ ધરાવે છે. ભારત-બાંગ્લાદેશ વચ્ચે દ્વિપક્ષીય સહયોગની શરૂઆત આ દેશના અસ્તિત્વમાં આવવાના વર્ષ ૧૯૭૧માં જ થઈ હતી. ૧૯૮૩માં બંને દેશો વચ્ચે એક તદર્થ જળ હિસ્સેદારી પર સંધિ થઈ હતી, જે અંતર્ગત ૩૯ અને ૩૬ ટકા જળ વહેંચણી નક્કી થઈ હતી. આ સમજૂતી દ્વારા તીસ્તા નદીનું જળ વિતરણની સમાન વહેંચણીનો પ્રસ્તાવ જ નવી દ્વિપક્ષીય સંધિઓનો અત્યાર સુધીનો આધાર બનેલો છે. જો આ સમજૂતી થઈ જાય છે તો તેનું વ્યૂહાત્મક હિત પણ ભારત માટે મહત્ત્વપૂર્ણ છે. ભારતનું ઉત્તર-પૂર્વી ક્ષેત્રમાં બાંગ્લાદેશની આર્થિક કમજોરીને કારણે બાંગ્લાદેશી ઘૂસણખોરોની નિરંતરતા બનેલી છે. બાંગ્લાદેશમાં લગભગ ૧૦ લાખ મ્યાંમારથી વિસ્થાપિત રોહિંગ્યા શરણાર્થી ઘૂસી ગયા છે. તેઓ સીમાવર્તી રાજ્યોમાં જનસંખ્યાનું ગણિત બગાડી રહ્યા છે. તેથી તીસ્તા અને અન્ય નદીઓની જળ વહેંચણી પર કોઈ નિર્ણાયક સ્થિતિ બની જાય છે તો બાંગ્લાદેશમાં ખેતી અને જળ આધારિત રોજગાર મળવા લાગશે, પરિણામે ભારતમાં ઘૂસણખોરી અટકવાની આશા રાખી શકાશે. બંને દેશોએ સંધિ ઉપરાંત સંયુક્ત રૂપે પૂર અને દુકાળની આપદાથી નિરાકરણના ઉપાય શોધવા પણ આસાન રહેશે.

કેમ કે જમીન પરની ઘણી આંખોના આંસુઓથી વાદળ બંધાયાં હોય છે.

તું ચાસ પાડી, ભર કદમ વરસાદ પડશે કોરી છે પાટી, લે કલમ વરસાદ પડશે

વાદળની બુંદો માટીને તો મહેકતી કરે છે, પરંતુ દિલના છાના ખૂણે સંઘરેલી યાદો પાંપણોને પણ વહેતી કરી દે છે.

પ્રતિ વર્ષ ગરમીનું પ્રમાણ દિન-પ્રતિદિન વધતું જાય છે. ગ્લોબલ વોર્મિંગની અસરને કારણે ઉનાળો વધુને વધુ આકરો થતો જાય છે. પ્રત્યેક ઉનાળામાં એવું થાય કે આના કરતાં ગત વર્ષે ઓછી ગરમી હતી. ૪૫ ડિગ્રી તાપમાન સામાન્ય બનતું જાય છે. ચામડી દાઝી જાય તેવી ગરમી સહન કરવા માટે આપણે એસી, કૂલર, પંખા વગેરેના શરણે જઈએ છીએ. મધ્યરાત્રિ સુધી ઠંડક થશે એની રાહમાં જાગીએ છીએ અને અગાશીમાં સૂવા જઈએ છીએ. મોટાભાગે સુખી ઘરના લોક એસીનો ખૂબ ઉપયોગ કરે છે, જે સરવાળે વૈશ્વિક તાપમાન વધવા માટેના ઘણા બધા કારણોમાંનું એક કારણ બની રહે છે. એસી દ્વારા મેળવેલી ઠંડક ત્યારબાદ આવતા વીજળીના બિલને કારણે વરાળ બનીને ઊડી જાય છે. ચરોતર આમ તો સૌથી વધુ લીલોતરી ધરાવતા જિલ્લાઓમાં અગ્રક્રમે આવે છે, પરંતુ આ વખતે અહીં પણ અન્ય જિલ્લાઓ જેટલી જ ગરમી અને ઉકળાટ અનુભવાયો. દુકાળમાં અધિક માસ એવી કહેવતને સાચી સાબિત કરે એ રીતે વરસાદના આગમનના એંધાણ ક્યાંય દેખાતા નથી. હવે તો વરસાદ મોડો આવશે કે ખેંચાશે એવી અવળવાણી બોલનારને થપ્પડ મારવા જેટલી ગરમી ચડી ગઈ છે! કાળઝાળ ગરમીને સહન કર્યા બાદ આવતો વરસાદ ઈશ્વરની ભેટ જેવો અમૂલ્ય લાગે છે. ધોધમાર વરસાદ પછીની ઠંડક અનેક એસીને ભેગા કરીએ તો પણ મેળવી શકાય નહીં એવી હોય છે. ઉનાળામાં તપેલી ધરતી પર વરસાદની પહેલી બુંદ પડતાં મહેકી ઉઠતી ધરતીની સુગંધ દુનિયાના કોઈ પરફ્યૂમમાંથી મળતી નથી. કુદરતની કમાલ કહો કે પરમતત્ત્વનો પ્રસાદ, માટીની મહેંકનું વર્ણન પણ કરી શકાતું નથી, એટલે તો કોઈ શાયરે લખી નાખ્યું છે કે - 'આજે અત્તરના ભાવ ગગડી ગયા, વરસાદે માટીને પહેલું આલિંગન જો આપ્યું...' વરસાદ જીવનની અદ્ભૂત ફિલોસોફી સમજાવે છે. જેટલા વધુ તપીશું એટલું વધુ પામીશું. તપ્યા પછી વરસતી અવકાશી બુંદ ધરતીની પ્રતીક્ષાનું મહાકાવ્ય જ છે! ઉનાળાની કાળઝાળ ગરમીમાં ધખતી ધરા ધીરજ રાખી વરસાદની રાહ જુએ છે. પોતાના વજૂદને જાળવી રાખવા માટે ધીરજ જ રામબાણ ઈલાજ છે એવું કુદરત આપણને શીખવે છે. પરંતુ નઘરોળ માનવજાત કંઈ શીખતી જ નથી. કુદરત પાસે અખૂટ ભંડાર ભર્યા છે. હરીભરી વસુંધરાનું વરદાન આપણને જ મળ્યું છે, પરંતુ આપણા અવિચારીપણાથી આપણે નંદનવન જેવી પૃથ્વીનું નિકંદન કાઢી નાખવા બેઠા છે. પ

આ ફિલ્મમાં મૃણાલ ઠાકુર પણ જોવા મળશે

શ્રીલીલા વરુણ-ડેવિડ ધવન સાથે ડેબ્યુ કરશે

વરુણ ધવન ને ડેવિડ ધવન ફરી એક વખત એક કોમેડી ફિલ્મ લઈને આવી રહ્યા છે. 'મેં તેરા હિરો' અને 'જુડવા ૨'ની સફળતા બાદ પિતા પુત્રની આ જોડી ત્રીજી વખત ફિલ્મ સાથે લઈને આવી રહ્યા છે. જે, હજુ આ ફિલ્મના નામ અંગે કોઈ જાહેરાત કરવામાં આવી નથી. તેનું શૂટિંગ જુલાઈ ૨૦૨૪માં શરૂ કરવાનું આયોજન છે. આ ડેવિડ ધવન જેના માટે જાણીતા છે, તેવી ઓરિજનલ કોમેડીથી ભરપૂર ફિલ્મ હશે. આ ફિલ્મમાં સાઉથ ઈન્ડિયન એક્ટ્રેસ શ્રીલીલા હિન્દી ફિલ્મોમાં ડેબ્યુ કરવા જઈ રહી છે, જે વરુણ ધવનની પ્રેમિકાના રોલમાં જોવા મળશે. કેટલાંક અહેવાલો અનુસાર શ્રીલીલાનું કાસ્ટિંગ ફિલ્મને નવી તાજગી આપશે. આ ફિલ્મ સાથે જોડાયેલા એક સૂત્રના જણાવ્યા અનુસાર, "ડેવિડ ધવનની બધી કોમેડી ફિલ્મોની જેમ આ પણ એક લવ ટ્રાએંગલ છે, જેમાં કન્ફ્યુઝનના કારણે હિરોના જીવનમાં રમૂજ ઊભી થાય છે." ડેવિડ ધવને શ્રીલીલાને લૉંચ કરવા માટે એક અતિશય મનોરંજક રોલ લખ્યો છે. જોકે, આ ફિલ્મમાં શ્રીલીલા એક જ હિરોઈન નથી. લવ ટ્રાએંગલમાં બીજી હિરોઈનના રોલમાં મૃણાલ ઠાકુર જોવા મળશે. વરુણ આ ફિલ્મમાં મૃણાલ ઠાકુર અને શ્રીલીલા બંને સાથે રોમાન્સ કરતો જોવા મળશે. આ ફિલ્મ રમેશ તૌરાની અને ટિપ્સ એન્ટરટેઈન્મેન્ટ દ્વારા પ્રોડ્યુસ કરવામાં આવશે, જેમાં મનિષ પૌલ પણ જોવા મળશે. 'જુગ જુગ જીઓ' પછી ફરી વરુણ અને મનિષ એકસાથે કામ કરતા જોવા મળશે. આ ફિલ્મ સિવાય વરુણ ધવન હજુ 'બૅબી જોહન', 'સન્ની સંસ્કારી કી તુલસી કુમારી'માં કામ કરી રહ્યો છે. આ ઉપરાંત વરુણ રાજ એન્ડ ડીકેની 'સિટાડેલઃ હની બની'માં પણ જોવા મળશે.

આ ફિલ્મ સાથે જોડાયેલા એક સૂત્રના જણાવ્યા અનુસાર, "ડેવિડ ધવનની બધી કોમેડી ફિલ્મોની જેમ આ પણ એક લવ ટ્રાએંગલ છે, જેમાં કન્ફ્યુઝનના કારણે હિરોના જીવનમાં રમૂજ ઊભી થાય છે." ડેવિડ ધવને શ્રીલીલાને લૉંચ કરવા માટે એક અતિશય મનોરંજક રોલ લખ્યો છે.

'પિલ'માં ફાર્મા ઈન્ડસ્ટ્રીની પોલ ખોલશે રીતેશ દેશમુખ

ટેલિવિઝના નાના પડદાથી દૂર રહેવાનું પસંદ કરતા ફિલ્મ સ્ટાર્સ ઓટીટી પ્લેટફોર્મ પર આગમન કરવામાં ખચકાટ અનુભવતા નથી

ટેલિવિઝના નાના પડદાથી દૂર રહેવાનું પસંદ કરતા ફિલ્મ સ્ટાર્સ ઓટીટી પ્લેટફોર્મ પર આગમન કરવામાં ખચકાટ અનુભવતા નથી. આ યાદીમાં હવે રીતેશ દેશમુખનો પણ સમાવેશ થયો છે. 'હે બેબી', 'ટોટલ ધમાલ' અને 'એક વિલન' જેવી અનેક યાદગાર ફિલ્મોમાં મહત્ત્વનો રોલ કરનારા રીતેશે ઓટીટી પ્લેટફોર્મ પર આગમન કર્યું છે. તેમની પહેલી વેબ સિરીઝ 'પિલ' ૧૨ જુલાઈથી સ્ટ્રીમ થવાની છે, જેમાં ફાર્માસ્યુટિકલ ઈન્ડસ્ટ્રીમાં ચાલતા ગોરખધંધાની પોલ ખોલવામાં આવશે. રીતેશની પહેલી વેબ સિરીઝ જિયો સિનેમા પર સ્ટ્રીમ થવાની છે. તેનું મોશન પોસ્ટર તાજેતરમાં શેર કરવામાં આવ્યું હતું. આ પોસ્ટરમાં રીતેશના કેરેક્ટર અને સ્ટોરીની ઝલક જોવા મળે છે. ફાર્માસ્યુટિકલ સેક્ટરમાં ચાલતા ગોરખધંધા તથા અનૈતિક કામગીરીઓની પોલ ખોલવા માગતા વ્હિસલ બ્લોઅરનો રોલ રીતેશે કર્યોછે. રોની સ્ક્રૂવાલાના પ્રોડક્શન હાઉસે બનાવેલી આ સિરીઝમાં સત્ય અને અસત્ય વચ્ચેની લડાઈ જોવા મળશે. રીતેશ દેશમુખ છેલ્લે મરાઠી ફિલ્મ વેદમાં જોવા મળ્યા હતા. 'પિલ' ઉપરાંત અજય દેવગન સાથે 'રેઈડ'માં પણ રીતેશ દેશમુખ છે. સોનાક્ષી સિંહા સાથેની 'કાકુડા'માં રીતેશનો મહત્ત્વનો રોલ છે. આ ફિલ્મ ૧૨ જુલાઈએ ઝીપ પર રિલીઝ થવાની છે. અક્ષય કુમાર અને અભિષેક બચ્ચન સાથે 'હાઉસફુલ ૫'માં પણ રીતેશ નક્કી હોવાનું કહેવાય છે.

યુનિવર્સલ સ્ટુડિઓઝ ગ્લોબલ કટ કર્યા પછી પણ રિલીઝ અટકી

હોલિવૂડના જાણીતા કલાકાર દેવ પટેલ દ્વારા 'મંકી મેન' નામની ફિલ્મ ડિરેક્ટ કરવામાં આવી છે,જેમાં એક ક્રૂર કાલ્પનિક ભારતીય દૃષ્ટિકોણની વાર્તા રજૂ કરવામાં આવી છે. પરંતુ આ ફિલ્મ હજુ ભારતમાં કોઈએ જોઈ નથી, કારણ કે સેન્ટ્રલ બોર્ડ ઓફ ફિલ્મ સર્ટિફિકેશને આ ફિલ્મ પર અધિકૃત રીતે પ્રતિબંધ મુક્યા વિના જ એડવાઈઝરી પેનલ સમક્ષ ફિલ્મનું સ્ક્રિનિંગ ન ગોઠવીને ફિલ્મની રિલીઝને અટકાવી દીધી છે. સૂત્રો દ્વારા મળેલી માહિતી અનુસાર, યુનિવર્સલ સ્ટુડિઓઝ દ્વારા મૂળ ફિલ્મમાં પહેલાંથી જ અમુક કટ કરાવવામાં આવ્યા છે, જેમાં રાજકારણ અને ધર્મ વચ્ચેના સંબંધ પર વધુ પડતો ભાર આપતાં દૃશ્યોને કાપીને ફિલ્મને થોડી હળવી કરવાનું સૂચન કરવામાં આવ્યું હતું. ૫ એપ્રિલે વિશ્વકક્ષાએ વિવિધ સ્ટ્રિમિંગ પ્લેટફોર્મ પર જે ફિલ્મ રિલીઝ થઈ છે, તે આ સૂચિત કટ દૂર કરીને બતાવવામાં આવી છે. તે ઉપરાંત યુનિવર્સિલ સ્ટુડિઓઝ દ્વારા આ ફિલ્મમાં જે પોલિટિકલ બેનર દર્શાવાયા છે, તે કેસરીમાંથી લાલ કલરનાં કરી દેવાયા છે. યુનિવર્સિલ પિક્ચર્સ આ ફિલ્મને ભારતમાં ૧૯ એપ્રિલે થિએટરમાં રિલીઝ કરવા વિચારતું હતું, પરંતુ એ રિલીઝ થઈ શક્યું નહીં. સૂત્ર દ્વારા મળતી માહિતી મુજબ સેન્સર બોર્ડ ફિલ્મને મંજૂર કરી શકે કે પ્રતિબંધ મૂકી શકે છે, તેણે એક્ઝામિનિંગ કમિટી સમક્ષ 'મંકી મેન'નું સ્ક્રિનિંગ ગોઠવ્યું નથી. જાણીતા અભિનેતા મકરંદ દેશપાંડે આ ફિલ્મમાં એક મોટા ધર્મગુરુનો રોલ કરે છે, આ ફિલ્મમાં તેમનાં પાત્રની એન્ટ્રી થાય છે, એ જ દૃશ્ય ગ્લોબલ રિલીઝમાંથી કાપી નાંખવામાં આવ્યું છે. એપ્રિલ મહિનામાં મકરંદ દેશપાંડેએ એક ઈન્ટરવ્યૂમાં જણાવેલું કે, મિસ્ટર પટેલ 'મંકી મેન'ના ડિરેક્ટર અને એક પ્રોડ્યુસર પણ છે તેણે મકરંદ દેશપાંડેને ફિલ્મના પ્રિમીયરમાં કહ્યું, કે 'રાજકીય' કારણોસર ફિલ્મમાં કટ કરવામાં આવ્યો છે. આ સીન જ ફિલ્મના મેસેજ અને પાત્રનો આત્મા હતો. આ ઉપરાંત એક બાળક હિન્દીમાં પ્રાર્થના કરે છે, દેવ પટેલ જ્યારે શક્તિબાબા (મકરંદ દેશપાંડે)ને મારે છે, ત્યારે પાછળ હનુમાનજીનું લંકાદહનનું ચિત્ર પાછળ દેખાય છે. એલજીબીટી કમ્યુનિટી વિરુદ્ધ એક આંદોલન દર્શાવાયું છે, જેમાં એક રિલીઝ થયેલી હિન્દી ફિલ્મમાંથી સીએએના વિરોધ માટે દર્શાવેલા દૃશ્યોમાં ઉપયોગ કરવામાં આવ્યો હતો. આ દૃશ્યો ફિલ્મમાંથી દૂર કરાયા છે, આ સિવાય બાબા શક્તિના ઘણા ડાયલોગ કટ કરવામાં આવ્યા છે.

બોલીવુડમાં સફળ અભિનેતા અસફળ નેતા

ભલે આ વખતે પણ ૨૦૧૯ની જેમ ૧૫ ફિલ્મી કલાકારો ચૂંટણી જીતીને સંસદમાં પહોંચી ગયા હોય, પરંતુ એકાદ સિવાય ભાગ્યે જ કોઈ ભવિષ્યમાં ચમકી શકશે. કારણ કે ચૂંટણી પ્રચાર દરમિયાન ભલે ફિલ્મ સ્ટાર્સ ચમકતાં હોય, પરંતુ ભારતીય રાજનીતિના ઈતિહાસમાં જો દક્ષિણ ભારતના અમુક સ્ટાર્સને છોડી દઈએ તો, ફિલ્મ સ્ટાર્સ રાજકારણમાં હંમેશાંથી પોતાની છાપ છોડવા માટેતરસતા રહ્યા છે. તે પછી સુપરસ્ટાર અમિતાભ બચ્ચન હોય કે જુનિયર હી-મેન સની દેઓલ. જે પ્રકારની વાહવાહી તેમને સિલ્વર સ્ક્રીન પર મળી છે, એ પ્રકારની વાહવાહી રાજકારણમાં મેળવવા માટે હંમેશાંથી ઝંખે છે. આ બધું યાદ કરવાનું તાત્કાલિક કારણ એ છે કે હિમાચલમાં મંડીથી કૉંગ્રેસના વિક્રમાદિત્ય સિંહને ૭૪,૦૦૦ થી વધુ મતોથી હરાવીને સંસદમાં પહોંચેલી કંગના રનૌત તેના ઔપચારિક રાજકીય પ્રવાસના દસમા દિવસે હાંફવા લાગી છે. આ દરમિયાન તેણે મીડિયા સાથે વાત કરતા સ્પષ્ટ કહ્યું કે ફિલ્મો કરવી ઘણી સહેલી છે, રાજનીતિ એ વધુ અઘરું કામ છે.

કંગના રનૌત ભલે સાંસદ બન્યાના માત્ર ૧૦ દિવસમાં આ નિષ્કર્ષ પર પહોંચી ગઈ હોય અને તેણે તેને ખૂબ જસ્પષ્ટ રીતે વ્યક્ત કરી હોય, પરંતુ તેના કરતાં વધુ ધર્મેન્દ્ર અને અમિતાભ બચ્ચન જેવા સુપરસ્ટાર્સને રાજકારણ મુશ્કેલ લાગ્યું છે. આ જ કારણ છે કે બંને પોતાનો પ્રથમ કાર્યકાળ પણ યોગ્ય રીતે પૂર્ણ કરી શક્યા નથી. અમિતાભ બચ્ચને માત્ર દોઢ વર્ષમાં જ પોતાના હાથ ઊંચા કરી દીધા અને આખરે રાજીનામું આપીને રાજકારણથી દૂર ચાલ્યા ગયા અને ધર્મેન્દ્રએ પણ ૨૦૦૪માં ભાજપ વતી રાજસ્થાનની બિકાનેર લોકસભા બેઠક પરથી ચૂંટણી જીત્યા બાદ તેમનો ૫ વર્ષનો કાર્યકાળ પૂરો કરી શક્યા નહી. વર્ષ ૨૦૦૮માં જ ધર્મેન્દ્રએ સાંસદ પદેથી રાજીનામું આપી, રાજકારણના મેદાનમાંથી એવી રીતે ભાગ્યા જેમ હારેલો કુસ્તીબાજ કુસ્તીના મેદાનમાંથી ભાગી જાય. જો કે તેમની પત્ની હેમા માલિનીને રાજનીતિથી બિલકુલ વાંધો નથી. મથુરા લોકસભા મતવિસ્તારમાંથી તેઓ આ વર્ષે સતત ત્રીજી વખત ચૂંટણી જીત્યાં છે અને ખુશ છે કે મથુરાના લોકો તેના પર વિશ્વાસ મૂકી રહ્યા છે.

પરંતુ આ પરિવારના ત્રીજા રાજકીય સ્ટાર અને બોલીવૂડમાં જુનિયર હી-મેન કહેવાતા સની દેઓલનો રાજકારણમાં રેકોર્ડ તેના પિતા કરતાં પણ ખરાબ રહ્યો છે. વર્ષ ૨૦૧૯માં ભાજપે તેને પંજાબના ગુરુદાસપુરથી ટિકિટ આપી હતી અને તેમણે ત્યાં કૉંગ્રેસના મજબૂત ઉમેદવાર સુનીલ જાખડને ૮૨,૪૫૯ મતોથી હરાવ્યા હતા. શાનદાર જીત નોંધાવી હોવા છતાં, રાજકારણમાં તેમનો રેકોર્ડ ખૂબ જ નબળો હતો. પાંચ વર્ષ સુધી સાંસદ રહ્યા હોવા છતાં તે દરમિયાન તેઓ થોડા જ દિવસ લોકસભામાં ગયા, અને રાષ્ટ્રપતિ અને ઉપરાષ્ટ્રપતિની ચૂંટણી વખતે મતદાન કરવા માટે પણ સંસદમાં ગયા ન હતા. તેમના સંસદીય ક્ષેત્રના લોકો તેમનાથી એટલા નારાજ હતા કે તેમના ગુમ થવાના કાયદેસર પોસ્ટર લગાવી દીધા હતા. બોલીવૂડના જે બે સ્ટાર્સે રાજકારણમાં થોડીક સહજતા અને જવાબદારી બતાવી છે, તેમાં એક હતા સુનીલ દત્ત અને બીજા હતા વિનોદ ખન્ના. બંને ચૂંટણી જીત્યા અને સરકારમાં પ્રધાન પણ બન્યા.

વિનોદ ખન્ના એકમાત્ર એવા ફિલ્મ સ્ટાર હતા જેમણે ચાર વખત લોકસભાની ચૂંટણી જીતી હતી.

તેમણે એક જવાબદાર અને ગંભીર સાંસદ તરીકે પોતાની ભૂમિકા ભજવવાનો પ્રયાસ પણ કર્યો હતો. મોડે સુધી કામ કરવું અને સંસદમાં ઘણા પ્રકારના મૂળભૂત પ્રશ્નો પૂછવા એ વિનોદ ખન્નાની વિશેષતા હતી. દક્ષિણ સિનેમાના કલાકારો ખાસ કરીને એમ.જી. રામચંદ્રન, એનટી રામારાવ, એમ કરુણાનિધિ અને જય લલિતા રાજકારણના એવા સુપરસ્ટાર સાબિત થયા કે રાજકારણમાં એમના જેવી લોકપ્રિયતા રાજકારણીઓને પણ નહીં મળી હોય.

આવી જ હાલત અમુક ટીએમસી સ્ટાર્સની છે, જેમાં શતાબ્દી રોય અને રચના બેનર્જીનું નામ ખાસ ઉલ્લેખ કરી શકાય છે. આ બંનેએ સંસદમાં માત્ર ઉચ્ચ સ્તરની હાજરી જ નથી નોંધાવી પરંતુ સંસદમાં તેમણે તેમના પ્રશ્નો દ્વારા મોટું રચનાત્મક યોગદાન આપ્યુંછે. આ વખતે જીતીને સંસદમાં પહોંચેલા ૧૫ સાંસદોમાં સુરેશ ગોપી અને પવન કલ્યાણ જેવા સ્ટાર્સ પણ છે, જેમણે ચૂંટણીની શરૂઆત પહેલા જ જોરદાર હાજરી આપી હતી, સાથે સમાજમાં તેમના કામને પણ ગંભીરતાથી લેવામાં આવ્યું છે.આ વખતે જે સ્ટાર્સ જીત્યા છે તેમાં કેરળમાં ભાજપ માટે પહેલીવાર લોકસભા જીતનાર સુરેશ ગોપી, રામાયણ સિરીયલમાં રામની ભૂમિકા ભજવનાર અરુણ ગોવિલ, ભોજપુરી ફિલ્મ સ્ટાર રવિ કિશન, બોલીવૂડના શત્રુઘ્ન સિંહા, હેમા માલિની, કંગના રનૌત ઉપરાંત ચિરાગ પાસવાન અને આંધ્ર પ્રદેશના પવન કલ્યાણનો સમાવેશ થાય છે, જેઓ હવે આંધ પ્રદેશના નાયબ મુખ્ય પ્રધાન છે. આ વખતે ટીએમસીમાંથી જીતેલી ફિલ્મી હસ્તીઓમાં જૂન મલિયા, સયાની ઘોષ, શતાબ્દી રોય, રચના બેનર્જી અને દેવ અધિકારીનો સમાવેશ થાય છે. સવાલ એ છે કે મોટી સંખ્યામાં મતો સાથે વિજય હાંસલ કરવા છતાં ફિલ્મ સ્ટાર્સ રાજકારણમાં ફ્લોપ શો કેમ સાબિત થાય છે? કદાચ આનું કારણ એ છે કે ફિલ્મોમાં જે કંઈ થાય છે તે અભિનય છે, ત્યાં આ લોકો પોતાનું વર્ચસ્વ સ્થાપિત કરી લે છે, પરંતુ રાજકારણમાં અભિનયની સાથે વાસ્તવિકતામાં પણ ઘણું બધું કરવું પડે છે. તેથી જ તેમનો પ્રભાવ અહીં સ્થાપિત નથી કરી શકાતો.તેથી જ, જ્યાં અમિતાભ બચ્ચનથી લઈને ધર્મેન્દ્ર સુધી તેમની રાજકારણની એક ટર્મ પૂરી થાય તે પહેલાં જ દૂર ભાગી જાય છે, ત્યાં કંગના રનૌત જેવી વ્યક્તિ, જે દરેક મુદ્દા પર જોરદાર ટિપ્પણી કરે છે અને અભિનયમાં ચાર રાષ્ટ્રીય પુરસ્કારો જીતી ચૂકી છે, તે સાંસદ બન્યાના માત્ર ૧૦ દિવસના અનુભવ પછી જ હાંફવા લાગી છે અને માન્યું કે રાજકારણ ફિલ્મો કરતાં વધુમુશ્કેલ છે.

સુરત જિલ્લા ડિઝાસ્ટર ઓથોરિટી દ્વારા વિમાન હાઈજેક અંગે મોકડ્રીલ

વહેલી સવારે ચાર આતંકીઓના વિમાન હાઈજેક કરવાના પ્રયાસને નિષ્ફળ બનાવતા ચેતક કમાન્ડો

સુરત, તા.૨૮

જિલ્લા ડિઝાસ્ટર ઓથોરિટી અને સુરત એરપોર્ટ ઓથોરિટીના સંયુક્ત ઉપક્રમે સુરત એરપોર્ટ ખાતે સવારે એન્ટી હાઈજેકીંગ મોકડ્રીલ યોજાઈ હતી. ચાર આતંકવાદીઓએ એરપોર્ટમાં ઘુસી ૬ મુસાફરોને બંધક બનાવ્યા હતા, પરંતુ ચેતક કમાન્ડો તેમજ ઝેંજીહ્વના જવાનોએ મક્કમ મુકાબલો કરી આતંકીઓને જીવતા પકડ્યા હતા. જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન કમિટીના અધ્યક્ષ અને કલેકટરશ્રી ડો.સૌરભ પારધીના માર્ગદર્શન હેઠળ આયોજિત મોકડ્રીલમાં એરપોર્ટ અથોરિટી દ્વારા મોકડ્રીલનું આયોજન સફળતાપૂર્વક પાર પાડ્યું હતું. વહેલી સવારે ૬.૩૦ વાગે વિમાન હાઈજેક કરવાના ઈરાદે ચાર આતંકીઓ મુસાફરના વેશમાં કાર સાથે સુરત એરપોર્ટના છ-૨ ગેટ પર પહોંચ્યા હતા. સિક્યોરિટીએ અટકાવતા અચાનક તેમણે એ.કે. ૪૭ રાઈફલ દ્વારા ઝેંજીહ્વ ના સિક્યોરિટી ગાર્ડને ઘાયલ કરી અંદર ઘુસી ગયા હતા. જેની જાણકારી સુરત એરપોર્ટ ઓથોરિટીને થતા તત્કાલ આ અંગેની વિગતો સુરત શહેર પોલીસ, જિલ્લા કલેકટર, પ્રાંત અધિકારીને કરવામાં આવી હતી. સુરત પોલીસ તથા ઝેંજીહ્વ દ્વારા સમગ્ર એરપોર્ટને કોર્ડન કરવામાં આવ્યો હતો. પ્રાંત અધિકારી અને નાયબ કલેકટરશ્રી વી.જે.ભંડારીએ તત્કાલ એરપોર્ટ આવીને કંટ્રોલરૂમમાંથી આંતકીઓ સાથે વાતચીત કરી હતી. જેમાં

અનુસંધાન પાના ૭ પર

ઓલપાડ તાલુકાની ૩ શાળાઓમાં ૪૯૪ વિદ્યાર્થીઓને પ્રવેશ કરાવયો

વિકાસ કમિશનર હિતેશ કોયાએ બાળકોને શાળા પ્રવેશ કરાવ્યો

સુરત, તા.૨૮

''ઉજવણી ઉલ્લાસમય શિક્ષણની થીમ'' શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવનો પ્રારંભ થયો છે. જેના ભાગરૂપે સુરત જિલ્લાના ઓલપાડ ખાતે વિકાસ કમિશનર હિતેશ કોયાએ ઓલપાડ તાલુકાની અસ્નાબાદ પ્રા.શાળા ખાતે ૧૭ ભૂલકાઓ, સરસ પ્રા.શાળામાં ૧૪ ભૂલકાઓ સાથે મહાદેવશાસ્ત્રિ વિદ્યાલય હાઈસ્કૂલમાં ૪૯૪ વિદ્યાર્થીઓને પ્રવેશ અપાવ્યો હતો.

આ પ્રસંગે કમિશનર હિતેશ કોયાએ બાળકોને સંબોધતા જણાવ્યું કે, દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ કાર્યક્રમની શરુઆત કરાવી હતી. ૨૧માં રાજ્યવ્યાપી શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમના કારણે ખૂબ સારા પરિણામો સાથે ડ્રોપ રેસિયામાં સુધારો થયો છે. નોકરી, ધંધો કે ઉદ્યોગ કરવા માટે શિક્ષણ ખૂબ જરૂરી છે. બાળકોના પોષણ માટે પણ સરકાર ખૂબ ચિંતિત છે જેના માટે અનેક યોજનાઓ અમલમાં મુકવામાં આવી છે. વધુમાં તેમણે વાલીઓને જણાવ્યું કે, બાળક જ્યારે શાળામાં પ્રવેશ ત્યાર પછી વાલીઓની પણ કસોટી શરૂ થઈ

અનુસંધાન પાના ૭ પર

માંગરોળ તાલુકાની ત્રણ શાળાના ૪૩ ભૂકાઓનું નામાંકન કરાયું

પ્રવેશ મેળવનાર બાળકોને સ્કુલબેગ, નોટબુક, ફળો, રમકડાની કીટનું વિતરણ કરાયું

સુરત, તા.૨૮

શિક્ષણને વેગ આપવા તેમજ દીકરીઓને શિક્ષણ માટે પ્રોત્સાહન આપવાના ઉદ્દેશ સાથે આ વર્ષે 'ઉજવણી.. ઉલ્લાસમય શિક્ષણ'ની થીમ સાથે સુરત જિલ્લા સહિત રાજયભરમાં કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવનો શુભારંભ થયો છે. જેના ભાગરૂપે બીજા દિવસે ધારાસભ્યશ્રી ગણપતસિંહ વસાવાએ માંગરોળ તાલુકાની ત્રણ શાળાઓમાં આંગણવાડી, બાળવાટિકા અને ધો.૧ના ૪૩ ભૂલકાઓનું નામાંકન કરાવ્યું હતું.

આ પ્રસંગે ધારાસભ્યશ્રીએ જણાવ્યું હતું કે,વડાપ્રધાનશ્રીએ શરૂ કરાયેલા શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવને કારણે દિકરીઓના શિક્ષણમાં ઉત્તરોઉત્તર વધારો થયો છે. તેમજ પૂર્વ પ્રાથમિક શિક્ષણ છોડીને જતાં બાળકોનું પ્રમાણ ઘટ્યું છે. જેથી ગામ અને તાલુકામાં શિક્ષણનું પ્રમાણ વધે અને આખા સમાજનો વિકાસ થાય.આ અવસરે ધારાસભ્યશ્રીએ પ્રથમ વખત શાળાનું પગથિયું ચઢતા ભૂલકાઓને નોટબુક, બેગ, વૉટરબોટલ સહિતની અન્ય ભેટ આપી તેઓને પ્રોત્સાહન આપ્યું હતું. ચાંદણિયા પ્રાથમિક શાળામાં બાલવાટિકામાં ૦૭, ગીજરમ પ્રાથમિક શાળામાં આંગણવાડીમાં ૦૪, બાલવાટિકામાં ૦૭, ધો.૧માં ૦૩,શાહ નવાપરા પ્રાથમિક શાળામાં આંગણવાડીમાં ૦૨, બાલવાટિકામાં ૨૦ એમ કુલ

અનુસંધાન પાના ૭ પર

મહુવાની વિવિધ શાળાઓમાં ૩૩૫ બાળકોનો શાળામાં પ્રવેશ

મહુવા તાલુકાના કોસ ગામે ભૂલકાઓના કંકુ પગલાથી આંગણવાડી પાવન બની

સુરત, તા.૨૮

સમગ્ર રાજયભરમાં કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ શિક્ષાનો એક અનન્ય અવસર બની રહ્યો છે. શાળાના શિક્ષકો તેમજ બાલવાટિકાના બહેનો હોંશે હોંશે બાળકોને શાળા, આંગણવાડીના પટાંગણમાં આવકારી રહ્યા છે. ત્યારે સુરત જિલ્લાના મહુવા તાલુકાના કોસ અને અનાવલ ખાતે સુરત જિલ્લા પંચાયત ઉપપ્રમુખ રોહિતભાઈ પટેલના હસ્તે નાના-નાના ભૂલકાઓને આંગળી પકડી આંગણવાડીમાં પ્રવેશ કરાવી નામાંકન કરાવ્યું હતું. મહુવા તાલુકાની કોસ મુખ્ય પ્રાથમિક શાળા ખાતે આંગણવાડીમાં ૩ અને બાલવાટિકામાં ૧૯ ભૂલકાઓ,

અનુસંધાન પાના ૭ પર

શિવાંગી ચૌધરીએ ૨ પ્રા. શાળાઓમાં ૪૨ ભુલકાઓને શાળા પ્રવેશ કરાવ્યો

સર્વોદય વિદ્યાલય ખાતે ધો.૯માં ૧૩૩ અને ધો.૧૧માં ૭૭ વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવ્યો

સુરત, તા.૨૮

સુરત જિલ્લાના ઓલપાડ ખાતે ગુજરાત વહીવટ વિભાગના ઉપસચિવ શ્રીમતિ શિવાંગી ચૌધરીની ઉપસ્થિતિમાં ''ઉજવણી ઉલ્લાસમય શિક્ષણની થીમ'' પર શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળણવી મહોત્સવના બીજા દિવસે ઓલપાડ તાલુકાની તેનાનીરાંગ પ્રાથમિક શાળામાં બાળવાટિકામાં ૨, બરબોધન પ્રા.શાળામાં આંગણવાડીમાં ૮, ૨૬ બાલવાટિકા અને ધો.૧માં ૪ મળી ૪૦ ભૂલકાઓને પ્રવેશ અપાવ્યો હતો. સાથે એસએમટી કે.બી.ટી. પટેલ સર્વોદય વિદ્યાલય ખાતે ધો.૯માં ૧૩૩ અને ધો.૧૧માં ૭૭ વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવ્યો હતો.

આ કાર્યક્રમમાં ઉપસ્થિત ઊપસચિવશ્રી શિવાંગી ચૌધરીએ જણાવ્યું કે, નવી શિક્ષણ નીતિથી બાળકોનો સર્વાગી વિકાસ થશે. કન્યાઓમાં શિક્ષણનું પ્રમાણ વધવાની સાથે પૂર્વ પ્રાથમિક શિક્ષણ લેનારા બાળકોની સંખ્યામાં પણ વધારો થશે તેમ જણાવી પ્રવેશ મેળવવારા તમામ ભુલકાઓ, વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવી હતી.

આ કાર્યક્રમમાં ઓલપાડના મામલતદાર લક્ષ્મણભાઈ ચૌધરીએ જણાવ્યું કે, સરકાર દ્વારા બાળકોને

અનુસંધાન પાના ૭ પર

એકલેરા, ગવિયર અને ડીંડોલીની પ્રાથમિક શાળા પ્રવેશ ઉત્સવ યોજાયા

શાળા પ્રવેશોત્સવ દેશના ઉજ્જવળ ભવિષ્યનો પણ ઉત્સવ : સંદીપભાઈ દેસાઈ

સુરત, તા.૨૮

રાજયભરમાં 'ઉજવણી.. ઉલ્લાસમય શિક્ષણની..' થીમ પર આયોજિત શાળા પ્રવેશોત્સવ-કન્યા કેળવણી મહોત્સવના બીજા દિવસે ચોર્યાસી વિધાનસભાના ધારાસભ્ય સંદિપભાઈ દેસાઈએ ચોર્યાસી તાલુકાના એકલેરા, ગવિયર અને શહેરના ડીંડોલીની પ્રાથમિક શાળાઓમાં કુલ ૨૬૦ ભૂલકાઓને કુમકુમ તિલક, મોં મીઠું કરાવી ઉત્સાહભેર શાળા પ્રવેશ કરાવ્યો હતો. ધારાસભ્યશ્રીએ પ્રથમ વખત શાળાનું પગથિયું ચઢતા ભૂલકાઓને નોટબુક, સ્કુલબેગ, વૉટરબોટલ, રમકડા, ચોકલેટ સહિતની કીટ આપી પ્રોત્સાહિત કર્યા હતા. ખાસ કરીને જિંદગીમાં સૌપ્રથમવાર શાળાએ આવેલા બાળકોના શાળાપ્રવેશને યાદગાર બનાવવા ભૂલકાઓના ચરણ ધોયા, રૂમાલ પર કુમકુમ પગલાં પડાવી બાળકોને તેની ભેટ આપી હતી.

ચોર્યાસી તાલુકાના એકલેરા પ્રા.શાળામાં બાલવાટિકામાં ૩૬ અને ધો-૧ માં ૦૭ એમ કુલ ૪૩, રૂસ્તમજી મોદી પ્રા.શાળા નં.૧૦૯, ડુમસ રોડ, ગવિયર ગામમાં બાલવાટિકામાં ૧૯ અને ધો.૧ માં ૭ એમ કુલ ૨૬ તેમજ ડીડોલીની કવિ સુરેશ દલાલ શાળા ક.૨૫૭માં બાલવાટિકામાં ૮૦ અને ધો-૧ માં ૧૧૧ મળી કુલ ૧૯૧ મળી કુલ ૨૬૦ બાળકોને ધારાસભ્યશ્રીએ

અનુસંધાન પાના ૭ પર

કામરેજ તાલુકામાં ૩૮ બાળકોનું આંગણવાડીમાં નામાંકન કરાયું

૨૫૦ બાળકોનો બાળવાટિકામાં પ્રવેશ

સુરત, તા.૨૮

નવી શિક્ષણનીતિ ૨૦૨૦ અંતર્ગત પૂર્વ પ્રાથમિક શિક્ષણને બાળકના સર્વાંગી વિકાસ માટે પ્રાધાન્ય આપતા રાજ્યસરકારના પ્રોજેકટ ''પા પા પગલી'' અંતર્ગત આંગણવાડીમાં આવતા ૩ થી ૫ વર્ષના બાળકોને જીવનના મહત્વના વર્ષોમાં તેમના ગુણવતાપૂર્ણ જીવન માટેનો મજબુત પાયો બંધાય તેમજ બાળકોનો સર્વાગી વિકાસ થાય અને તેઓ બાલવાટિકાના શિક્ષણ માટે સજ્જતા કેળવે તે હેતુથી વર્ષ ૨૦૦૩થી શાળા પ્રવેશોત્સવનો શુભારંભ કરવામાં આવ્યો હતો.

સુરત જિલ્લાના કામરેજ તાલુકા ખાતે ૩૮ બાળકોને આંગણવાડીમાં અને ૨૫૦ બાળકોને બાળવાટિકમાં પ્રવેશ કરાવાયો હતો. આ ભૂલકાઓને શિક્ષણ માટે પ્રોત્સાહન આપવાના હેતુસર મહાનુભાવોના હસ્તે ચિત્રપોથી, ગણવેશ સહિત ઉપહાર આપવામાં

અનુસંધાન પાના ૭ પર

ઉમરપાડાથી પીનપુર ચોકડી સુધીના ટ્રાફિક રૂટ ડાયવર્ટ

સુરત, તા.૨૮

સુરત જિલ્લાના ઉમરપાડા તાલુકાના ઉમરપાડાથી ધાટા સુધી સી.સી. રોડ બનાવવાની કામગીરી કરવામાં આવનાર હોય જેથી ટ્રાફિક સરળતાથી ચાલે તેવા આશયથી અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ વિજય રબારીએ એક જાહેરનામા દ્વારા તા.૩૦/૦૭/૨૦૨૪ સુધીના સમય દરમ્યાન ઉમરપાડાથી પીનપુર ચોકડી સુધીના ટ્રાફિકને રૂટ ઉપર ડાયવર્ટ કર્યો છે. વૈકલ્પિક રસ્તા તરીકે ફોર વ્હીલર તથા ભારે વાહનોએ ઉપરપાડા ચોકડીથી જુના ઉમરપાડાના રસ્તાનો ઉપયોગ કરી શકશે. જયારે ટુ-વ્હીલર વાહન ચાલકો ઉમરપાડા ચોકડીથી ચીરપણનાકા રસ્તાનો ઉપયોગ કરી શકશે. આ હુકમનો ભંગ કરનાર મુજબ શિક્ષાને પાત્ર થશે.

ઉન-ગભેણીમાં શાળામાં બાળકોને પ્રવેશ કરવતા સચિવ એ.એચ. મન્સુરી

પ્રાથમિક શાળામાં ૫૦ બાળકોનું નામાંકન

સુરત, તા.૨૮

રાજ્ય સહિત સુરત જિલ્લામાં ઉજવાય રહેલા ત્રિ-દિવસીય શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમના બીજા દિવસે ઉન ગભેણી વિસ્તારની બે પાળીમાં ચાલતી ચંદ્રવદન ચુનીલાલ શાહ પ્રા.શાળા-૨૯૭ તેમજ અટલ બિહારી બાજપેયી પ્રા.શાળા-૩૪૭ ખાતે મહેસૂલ વિભાગના સંયુક્ત સચિવશ્રી એ.એચ.મન્સૂરી દ્વારા ૧૬૧ ભૂલકાઓને શાળામાં પ્રવેશ કરાવાયો હતો. જેમાં બંને પાળી મળીને આંગણવાડીના ૬, બાળવાટિકમાં ૧૦૫ અને ધો.૧ માં ૫૦ બાળકો સહિત કુલ ૧૬૧ બાળકોનું નામાંકન કરાયું હતું. મહાનુભાવો દ્વારા નાના ભૂલકાઓને બેગ, ગણવેશ, પુસ્તક અને સ્ટેશનરીની ભેટ આપી તેમનું સ્વાગત કરાયું હતું. આ પ્રસંગે મહેસૂલ વિભાગના સંયુક્ત સચિવશ્રીએ કહ્યું હતું કે, રાજ્ય સરકારના કન્યા કેળવણી મહોત્સવ

અનુસંધાન પાના ૭ પર

ભારતનો ટેક્સ ટુ જીડીપી રેપો ૧૧.૭ ટકા નોંધાવાની ધારણા

પ્રોફેશનલ્સને ઇન્કમ ટેક્ષ રિટર્ન અને ટેક્ષ ઓડિટ રિપોર્ટ વિશે યોજાયેલો વેબિનાર

સુરત, તા.૨૮

સુરત. ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી અને ધી સધર્ન ગુજરાત ઈન્કમ ટેક્ષ બાર એસોસીએશનના સંયુકત ઉપક્રમે દ્વારા બુધવાર, તા. ૨૬ જૂન, ૨૦૨૪ના રોજ સાંજે ૦૪:૦૦ કલાકે 'The Latest Changes in Income Tax Returns (ITR) fro the Assessment Year 2024-25 and Key Clauses of Tax Audit Reprot' વિષય પર વેબિનાર યોજાયો હતો. જેમાં અમદાવાદ સ્થિત પાવાગઢી શાહ એન્ડ એસોસિએટ્સના સી.એ. પલકભાઈ પાવાગઢીએ સુરતના ઉદ્યોગકારો અને પ્રોફેશનલ્સને ઈન્કમ ટેક્ષ રિટર્ન અને ટેક્ષ ઓડિટ રિપોર્ટ વિશે વિસ્તૃત જાણકારી આપી હતી. સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સના તત્કાલિન પૂર્વ પ્રમુખ શ્રી રમેશ વઘાસિયાએ વેબિનારમાં

અનુસંધાન પાના ૭ પર

બીજા દિવસે વઘઈના રંભાસ ખાતે યોજાયો શાળા પ્રવેશોત્સવ

ગુજરાત ઉર્જા વિકાસ નિગમના એમ.ડી. શ્રી જયપ્રકાશ શિવહરેએ બાળકોનું નામાંકન કર્યું

વઘઈ, તા.૨૮

શૈક્ષણિક સંકુલોની ઉત્તમ સુવિધાઓ ઉપલબ્ધ થયા બાદ ગ્રામજનો, વાલીઓ, અને શિક્ષકોને બાળકોમાં શિક્ષણ અને સંસ્કારના બીજનું વાવેતર કરવાનું આહવાન ગુજરાત ઉર્જા વિકાસ નિગમના એમ.ડી. શ્રી જયપ્રકાશ શિવહરેએ કર્યું હતું.ડાંગ જિલ્લા સાથેના જુના સંસ્મરણો વાગોળતા ગુજરાત ઉર્જા વિકાસ નિગમના મેનેજિંગ ડિરેક્ટર શ્રી પ્રકાશ શિવહરેએ, છેલ્લા એક દાયકામાં છેવાડાના જિલ્લામાં આવેલા પરિવર્તનો જોઈને ખુશી વ્યક્ત કરી હતી. તેમણે મિશન સ્કૂલ ઓફ એક્સિલન્સનું ગૌરવ ધરાવતી રંભાસ પ્રાથમિક શાળામાંથી ભણીગણીને કોઈ બાળક ગામનું નામ રોશન કરે તેવા સહિયારા પ્રયાસોની હિમાયત કરી હતી.રંભાસ પ્રાથમિક

અનુસંધાન પાના ૭ પર

ચેમ્બરનું પ્રતિનિધિ મંડળ સુરત ડાયમંડ બુર્સની મુલાકાતે પહોંચ્યું

ડાયમંડ બુર્સની ઇન્ડસ્ટ્રીયલ વિઝીટ લઇ તેના વિશે વિસ્તૃત જાણકારી મેળવી

સુરત, તા.૨૮

સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સના પ્રતિનિધિ મંડળે સુરત ડાયમંડ બુર્સની ઈન્ડસ્ટ્રીયલ વિઝીટ લઈ તેના વિશે વિસ્તૃત જાણકારી મેળવી

સુરત. ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ઉપ પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીની અધ્યક્ષતામાં ચેમ્બરની ઈન્ડસ્ટ્રીયલ ટૂર કમિટીના ચેરમેન શ્રી અરવિંદ બાબાવાલા તથા ચેમ્બરના સભ્યો મળી કુલ ૫૦થી વધુ સભ્યોના પ્રતિનિધિ મંડળે બુધવાર, તા. ૨૬મી જૂન, ૨૦૨૪ના રોજ સરસાણા ખાતે ખજોદ ચોકડી પાસે ડ્રીમ સિટીમાં આવેલા સુરત ડાયમંડ બુર્સની ઈન્ડસ્ટ્રીયલ વિઝીટ લીધી હતી.વિશ્વના ૯૦ ટકા ડાયમંડ

અનુસંધાન પાના ૭ પર

બાળકોને ઉચ્ચ કારકિર્દી માટે તૈયારી કરવાનુ આહવાન કરતા મુરલીકિષ્ણ

બીજા દિવસે સાકરપાતળ ખાતે શાળા પ્રવેશોત્સવ ઉજવાયો

વઘઈ, તા.૨૮

સાકરપાતળ ખાતે બાલવાડી અને ધોરણ-૧ માં પ્રવેશપાત્ર બાળકોને 'શાળા પ્રવેશોત્સવ' કાર્યક્રમના માધ્યમથી પ્રવેશ કરાવતા રાજ્ય સરકારના આદિજાતિ વિકાસ વિભાગના પ્રિન્સિપલ સેક્રેટરીશ્રી ડો.એસ.મુરલીકિષ્ણાએ, આદિવાસી સમાજના સર્વાંગીણ ઉત્કર્ષ માટે સતત પ્રયત્નશીલ રાજ્ય સરકારે વિવિધ યોજનાઓ અમલી

અનુસંધાન પાના ૭ પર

કોયલિપાડા ગામને પ્રા થમિક શાળાના નવા મકાની ભેટ મળી

વઘઈ, તા.૨૮

સો ટકા નામાંકન અને ઝીરો ટકા ડ્રોપ આઉટના પરિણામને સિધ્ધ કરવા માટેના અતિ મહત્વાકાંક્ષી કાર્યક્રમ એવા 'શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ'ના બીજા દિવસે, ડાંગ જિલ્લાના વઘઈ તાલુકાનાં કોયલિપાડા ગામે, ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક શ્રી વિજયભાઈ પટેલે ૩૯ જેટલા નવાગંતુક બાળકોને શાળા પ્રવેશ કરાવ્યો હતો.

કોયલિપાડા ગામે યોજાયો શાળા પ્રવેશોત્સવ

બાલ વાટિકામાં ૧૩ અને ધોરણ-૧ માં ૨૬ બાળકોનું નામાંકન કરાવતા શ્રી વિજયભાઈ પટેલે, વાલી સમિતિના સભ્યો, ગ્રામજનો, શિક્ષકો, વાલીઓ, અને બાળકો સમક્ષ, રાજય સરકારના શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમનો ઉદેશ સ્પસ્ટ કરી વાલીઓની જાગૃતિ, શિક્ષિત ભાવિ પેઢી માટે ખૂબ જ જરૂરી છે તેમ કહ્યું હતું.

કોયલિપાડાના ગ્રામજનો માટે ખૂબ ખુશીનો દિવસ છે. ભવ્ય ભૌતિક સુવિધા પ્રાપ્ત થતા, કમ સે કમ બે જેટલી ભાવિ પેઢીઓ અહીથી શિક્ષણ અને સંસ્કાર મેળવશે, તેમ જણાવતા શ્રી વિજયભાઈ પટેલે દીર્ઘદ્રષ્ટા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના કન્યા કેળવણીના માંગેલા વચનની પૂર્તિ આપણે સૌ કરી રહ્યા છે, તેમ જણાવ્યું હતું. સમાજને શિક્ષિત બનવાનું આહવાન ડો..બાબા સાહેબે પણ કર્યું છે ત્યારે, ડાંગ જેવા કહેવાતા છેવાડાના જિલ્લામાં સુધરેલા શિક્ષણના સ્તરને ઉલ્લેખ કરી નાયબ મુખ્ય દંડકશ્રીએ, એક વાલી ધરાવતા બાળકો માટેની 'પાલક માતા પિતા યોજના' નો ગામના જરૂયિાતમંદોને લાભ મળે તેવા માનવતાવાદી પ્રયાસો કરવાની પણ અપીલ કરી હતી.

ભૂતકાળની શિક્ષણની સ્થિતિનો ચિતાર રજૂ કરતાં શ્રી પટેલે બદલાયેલી પરિસ્થિતિનો લાભ લઈ, રાજ્ય સરકારની 'નમો લક્ષ્મી' અને 'નમો સરસ્વતિ' જેવી યોજનાઓની પણ સમજૂતી આપી હતી. શિક્ષણની સહિત દરેક ક્ષેત્રે ખૂટતી કડી માટે રાજ્ય સરકારની પ્રતિબદ્ધતા દોહરાવતા નાયબ મુખ્ય દાંડક્રીએ કોયલિપાડા ગામના માર્ગ અને પુલોના પ્રશ્ન સહિતના કામો આગામી દિવસોમાં શરૂ કરાશે, તેમ પણ કહ્યું હતું.

ચિકાર સી.આર.સી. હસ્તકની કોયલિપાડા પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતાં ૫૪ કુમાર, અને ૮૫ કન્યા મળી કુલ ૨૩૯ બાળકો માટે કોયલિપાડા પ્રાથમિક શાળાના કુલ રૂ.૨.૪૫ કરોડના ખર્ચે તૈયાર કરાયેલા નવનિર્મિત મકાનનું લોકાર્પણ કરતાં નાયબ મુખ્ય દંડક શ્રી વિજયભાઈ પટેલે, રાજ્ય સરકાર શૈક્ષણિક સુવિધાઓ માટે જરૂરી તમામ મદદ કરી રહી છે ત્યારે, શિક્ષકો અને વાલીઓ વિશેષ જાગૃતિ સાથે શિક્ષિત અને સંસ્કારી ભાવિ પેઢીના નિર્માણ માટે વિશેષ તકેદારી દાખવે તે આવશ્યક છે, તેમ જણાવ્યુ હતું.

કોયલિપાડા ગામના શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમમાં સ્થાનિક વાલી સમિતિના સભ્યો, પદાધિકારીઓ, કાર્યકરો, સેવાભાવી નાગરિકો, શાળાના બાળકો, નવા પ્રવેશ પામતા બાળકો વિગેરે ઉત્સાહપૂર્વક જોડાયા હતા. શાળાના આચાર્ય શ્રી હિતેન્દ્રભાઈએ શાળાના ભૌતિક અને શૈક્ષણિક વિકાસની રૂપરેખા રજૂ કરી હતી.

દરમિયાન બાળકોએ સમગ્ર કાર્યક્રમનું સંચાલન કરી વિજ્ઞાન અને ટેકનોલોજી, પર્યાવરણ જેવા વિષયે તેમના વિચારો રજૂ કર્યા હતા. મહાનુભાવોના હસ્તે શાળાના તેજસ્વી તારલાઓનું સન્માન, અને વૃક્ષારોપણ જેવા કાર્યક્રમો પણ યોજાયા હતા. ઉપસ્થિત ગ્રામજનોને માહિતી ખાતા દ્વારા રાજ્ય સરકારની જુદી જુદી કલ્યાણકારી યોજનાઓની પુસ્તિકાનું વિતરણ પણ કરાયું હતું.

દિલ્હી એરપોર્ટની
પહેલા પાનાનું ચાલુ

ટર્મિનલ ૧ પર છત ધરાશાયી થવાની માહિતી મળી. ત્રણ ફાયર એન્જિનને ઘટનાસ્થળે મોકલવામાં આવ્યા હતા.''

આ દુર્ઘટના બાદ કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રી રામ મોહન નાયડુ કિંજરાપુએ ઠ પર પોસ્ટ કરીને લખ્યું, 'દિલ્હી એરપોર્ટના ૧ પર છત તૂટી પડવાની ઘટના પર હું વ્યક્તિગત રીતે નજર રાખી રહ્યો છું. ઘટનાસ્થળે પ્રથમ બચાવ ટીમ કામ કરી રહી છે. ઉપરાંત, એરલાઈન્સને ૧ પર તમામ અસરગ્રસ્ત મુસાફરોને મદદ કરવાની સલાહ આપવામાં આવી છે. ઘાયલોને હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા છે. બચાવ કાર્ય હજુ પણ ચાલુ છે.

આ અકસ્માતની તસવીરો પણ સામે આવી છે, જેમાં ટર્મિનલની ભારે છત વાહનો પર પડી છે. કારમાં બેઠેલા લોકો પણ તેનાથી કચડાઈ ગયા હતા. તેને ભારે જહેમત બાદ બચાવી લેવામાં આવ્યા હતા. આ અકસ્માતમાં ત્રણ લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે, જેમને સારવાર માટે હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા છે.

દુર્ઘટનાને પગલે
પહેલા પાનાનું ચાલુ

રીતે ઘાયલ થયા હતા, જેમને સારવાર માટે હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. આ દુર્ઘટનાને કારણે, ટર્મિનલ ૧ પરથી ઉપડતી તમામ ફ્લાઇટ્સ રદ કરવામાં આવી છે અને સુરક્ષાના કારણોસર ચેક-ઇન કાઉન્ટર્સ બંધ કરી દેવામાં આવ્યા છે. ૧૨ મધ્યરાત્રિ (મધ્યરાત્રિ) થી ૧૬ આઉટગોઈંગ ફ્લાઇટ્સ અને ૧૨ ઇનકમિંગ ફ્લાઇટ્સ રદ કરવામાં આવી છે.

સ્પાઈસજેટે કહ્યું, ''ખરાબ હવામાન (ભારે વરસાદ)ને કારણે, સ્પાઈસજેટની ફ્લાઈટ્સ રદ કરવામાં આવી છે. અસુવિધા બદલ અમે દિલગીર છીએ અને તમારી સમજણની પ્રશંસા કરીએ છીએ. વૈકલ્પિક વિકલ્પો અથવા સંપૂર્ણ રિફંડ માટે કૃપા કરીને +૯૧ પર અમારો સંપર્ક કરો ૧૨૪ ૪૯૮૩૪૧૦/પર સંપર્ક કરો. +૯૧ (૦)૧૨૪ ૭૧૦૧૬૦૦ અથવા વધુ અપડેટ્સ માટે http://changes.spicejet.com ની મુલાકાત લો.

ઈન્ડિગોએ એમ પણ કહ્યું હતું કે પ્રતિકૂળ હવામાન પરિસ્થિતિઓને કારણે, દિલ્હી એરપોર્ટના ટર્મિનલ ૧ને માળખાકીય નુકસાનને કારણે ઈન્ડિગોની ફ્લાઈટ કામગીરીને અસર થઈ છે. આ કારણે દિલ્હીમાં ફ્લાઈટ્સ રદ કરવામાં આવી છે કારણ કે મુસાફરો ટર્મિનલમાં પ્રવેશી શકતા નથી. ટર્મિનલની અંદર પહેલાથી જ મુસાફરો તેમની આયોજિત ફ્લાઈટ્સ પર ચઢી શકશે, પરંતુ અન્ય મુસાફરોને વિકલ્પ આપવામાં આવશે.

આ બિનઆયોજિત પરિસ્થિતિને કારણે સમગ્ર નેટવર્કની કામગીરીને પણ અસર થઈ છે. ગ્રાહકોને સલાહ આપવામાં આવે છે કે તેઓ એરપોર્ટ જતા પહેલા તેમની ફ્લાઈટની સ્થિતિ પર નજર રાખે. ઈન્ડિગોના મુસાફરો તેમની મુસાફરી યોજનાઓ અંગે સહાયતા માટે ૦૧૨૪ ૬૧૭૩૮૩૮ અથવા ૦૧૨૪ ૪૯૭૩૮૩૮ પર કૉલ કરી શકે છે.

જિયો ટેલીકોમના
પહેલા પાનાનું ચાલુ

AI આધારિત જિયો ટ્રાન્સલેટ સર્વિસ પણ શરૂ કરવામાં આવી છે, જેના માટે યુઝર્સને દર મહિને ૯૯ રૂપિયા ચૂકવવા પડશે. જો કે, કંપની આ બંને સેવાઓ તેના વપરાશકર્તાઓને એક વર્ષ માટે મફતમાં ઓફર કરી રહી છે.

૨૩૯ રૂપિયાના પ્લાનમાં દરરોજ ૧.૫જીબી ડેટા મળે છે. તેની વેલિડિટી ૨૮ દિવસની છે. સૌથી સસ્તોક પ્રીપેડ પ્લારન ૧૫૫ રૂપિયાનો હતો, હવે તે ૧૮૯ રૂપિયામાં મળશે.

માસિક અને લોન્ચા ટર્મ રિચાર્જ પ્લાહનના ટેરિફમાં વધારો કરવા સાથે, કંપનીએ ડેટા એડ-ઓન પ્લાકનની કિંમતોમાં પણ વધારો કર્યો છે એટલે કે પ્લાફન કે જે પ્લાનન દરમિયાન ડેટા લિમિટ ખતમ થઈ ગયા પછી વધારાનો ડેટા લે છે. ૧જીબી ડેટા એડ ઓનનો ખર્ચ ૧૫ રૂપિયા હતો, હવે તમારે તેના માટે ૧૯ રૂપિયા ચૂકવવા પડશે.

અગાઉ, તમામ ટેલિકોમ કંપનીઓએ ડિસેમ્બજર ૨૦૨૧ માં તેમના ટેરિફમાં ૨૦% થી વધુનો વધારો કર્યો હતો. તે જ સમયે, જિયો એ ૨૦૧૬ માં લોન્ચે થયા પછી ૨૦૧૯ માં પ્રથમ વખત ટેરિફમાં વધારો કર્યો હતો. જિયોએ ૨૦૧૯માં ટેરિફમાં ૨૦-૪૦ટકાનો વધારો કર્યો હતો.

હવે અનુમાન લગાવવામાં આવી રહ્યું છે કે રિલાયન્સ્ જિયોના આ નિર્ણય બાદ દેશના વધુ બે ટેલિકોમ સર્વિસ પ્રોવાઈડર વોડાફોન-આઈડિયા (VI) અને એરટેલ પણ તેમના ટેરિફમાં વધારો કરી શકે છે. એરટેલના ચેરમેન સુનીલ મિત્તલ ઘણી વખત આની જરૂરિયાત પર વાત કરી ચૂક્યા છે.

મિત્તલે ઘણી વખત કહ્યું છે કે ભારતમાં વિશ્વમાં સૌથી સસ્તોખ ટેરિફ છે. આમાં વધારો કરવાની જરૂર છે, જેથી પ્રતિ વપરાશકર્તા સરેરાશ આવક રૂા. ૨૦૦ થી વધારીને રૂા. ૩૦૦ કરી શકાય.

કર્ણાટકમાં ઉભેલી
પહેલા પાનાનું ચાલુ

પોલીસે જણાવ્યું કે તપાસમાં જાણવા મળ્યું છે કે મૃતકો શિમોગા જિલ્લાના ભદ્રાવતી તાલુકામાં હોલેહોન્નુર પાસેના એમ્મીકહટ્ટી ગામના રહેવાસી હતા. કલબુર્ગી જિલ્લામાં ચિંચોલી માયમ્માની મુલાકાત લઈને પોતાના વતન ગામ પરત ફરી રહ્યા હતા, ત્યારે આ અકસ્મા?ત થયો હતો. મૃત્યુન પામેલા ૧૩ લોકોમાં એક બાળકનો પણ સમાવેશ થાય છે.

હાવેરીના એસપી અંશુકુમારે ઘટનાસ્થછળની મુલાકાત લીધી હતી. તેમણે કહ્યું કે ફાયર બ્રિગેડ અને પોલીસ કર્મચારીઓએ ટીટી વાહનમાંથી મૃતદેહોને બહાર કાઢયા અને ઘાયલોને જિલ્લા હોસ્પિલટલમાં સારવાર આપવામાં આવી રહી છે. ૧૩ લોકોના મોતના સમાચાર સાંભળીને એમ્મેગહટ્ટી ગામના લોકો આઘાતમાં છે અને ગામમાં શોકનો માહોલ છે. જણાવવામાં આવી રહ્યું છે કે મૃત્યુમ પામેલા તમામ લોકો એક જ ગામના છે.

ઝારખંડના પૂર્વ
પહેલા પાનાનું ચાલુ

દીધું અને કમાન તેમના નજીકના સહયોગી ચંપાઈ સોરેનને સોંપી. ત્યારથી તેમની પત્ની કલ્પના સોરેન પાર્ટીનું કામકાજ જોઈ રહ્યા છે.

ઝારખંડ હાઈકોર્ટે જમીન કૌભાંડ સંબંધિત મની લોન્ડરિંગ કેસમાં પૂર્વ સીએમ હેમંત સોરેનની જામીન અરજી મંજૂર કરી છે. જસ્ટિસ રંગન મુખોપાધ્યાયની કોર્ટે આ અરજી પર ત્રણ દિવસની ચર્ચા અને સુનાવણી પૂર્ણ કર્યા બાદ ૧૩ જૂને પોતાનો નિર્ણય સુરક્ષિત રાખ્યો હતો.

નીટ પેપર લીક
પહેલા પાનાનું ચાલુ

પણ આપી હતી. જોકે કાર્યવાહી શરૂ થતાં જ લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ NEET પેપર લીક મુદ્દે ચર્ચાની માગ કરતાં હોબાળો શરૂ થઈ ગયો હતો.

લોકસભાની કાર્યવાહી શરૂ થતાં જ વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ ગૃહમાં NEETનો મુદ્દો ઉઠાવ્યો હતો. રાહુલ ગાંધીએ NEET પર ચર્ચાની માંગ કરી હતી. તેની સામે સ્પીકર ઓમ બિરલાએ કહ્યું કે તમે રાષ્ટ્રપતિના સંબોધન પર ચર્ચા દરમિયાન કોઈપણ વિષયને ઉઠાવી શકો છો, તમે તમારા મંતવ્યો વિગતવાર રજૂ કરી શકો છો. રાહુલ ગાંધીએ સ્પીકરને બે મિનિટનો સમય આપવાની માંગ કરી હતી. તેના પર સ્પીકરે કહ્યું કે તમે બે મિનિટ નહીં પણ તમારી પાર્ટીનો પૂરો સમય લઈ લેજો. ત્યારબાદ સ્પીકરે સભ્યોને તેમના નામની સામે ચિહ્નિત કરેલા ફોર્મને ગૃહના ટેબલ પર મૂકવા કહ્યું. જેના પર વિપક્ષી સભ્યોએ સૂત્રોચ્ચાર અને હંગામો મચાવ્યો હતો. હંગામાને કારણે ગૃહની કાર્યવાહી બપોરે ૧૨ વાગ્યા સુધી સ્થગિત કરી દેવામાં આવી હતી.

દિલ્હીમાં અતિભારે
પહેલા પાનાનું ચાલુ

વરસાદ થતા ઠેર ઠેર પાણી ભરાયા હતા. એક તરફ દિલ્હીમાં અત્યાર સુધી પાણીનો પોકાર હતો ત્યારે હવે આખુ દિલ્હી પાણી પાણી થઇ ગયુ છે.

દિલ્હી અને એનસીઆર વિસ્તારોમાં ભારે વરસાદ બાદ જળબંબાકારની સ્થિતિ જોવા મળી હતી. દિલ્હીનો મોતી બાગ, ધૌલા કુઆન, શાંતિ પથ, મિન્ટો રોડ, મૂળચંદ માર્ગ." સિવાય નોઈડાના સેક્ટર ૬૨માં રસ્તાઓ પર ભારે પાણી જોવા મળ્યું હતું. રસ્તા પર પાણી જમા થવાના કારણે" ખાતે ભારે ટ્રાફિક જામ જોવા મળ્યો હતો. સમાચાર એજન્સીએ શેર કરેલા વીડિયોમાં રોડ રસ્તા પર પાણી ભરાવાને કારણે વાહનચાલકો મુશ્કેલીમાં મુકાયા હતા.

ડીમેટ એકાઉન્ટ
પહેલા પાનાનું ચાલુ

તે સમયે ૧.૨૬ કરોડ રૂપિયા હતી. અધિકારીએ જણાવ્યું હતું કે વેચાણની રકમ નકલી બેંક ખાતામાં જમા કરવામાં આવી હતી. પોલીસે જણાવ્યું કે આ ગુનામાં સંડોવાયેલા લોકોની ઓળખ માટે તપાસ ચાલી રહી છે.

તમને જણાવી દઈએ કે એક અઠવાડિયા પહેલા જ થાણેમાં એક વૃદ્ધ બિઝનેસમેન સાથે ૨૦ લાખ રૂપિયાની છેતરપિંડીનો મામલો સામે આવ્યો હતો. ગેમ ઝોનમાં બાળકો માટે મશીન સપ્લાય કરવાના નામે ૬૯ વર્ષીય વેપારીએ ૨૦ લાખ રૂપિયાથી વધુની છેતરપિંડી કરી હતી. વેપારી વિરુધવલ ઘાગ દ્વારા નોંધાવવામાં આવેલી ફરિયાદના આધારે પોલીસે પેઢી ચલાવતા આરોપી વિરુદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ ૪૨૦ (છેતરપિંડી) અને ૪૦૬ (વિશ્વાસનો ફોજદારી ભંગ) હેઠળ કેસ નોંધ્યો હતો.

ટીવી ડીબેટમાં
પહેલા પાનાનું ચાલુ

વર્ષીય ટ્રમ્પન આ તકનો ઉપયોગ કરી રહ્યા છે. લોકોને સમજાવવા માટે તેઓ તેમને ફોજદારી કેસમાં તેમની પ્રતીતિથી આગળ જોવા અને અર્થતંત્ર સહિત દેશ માટેની તેમની યોજનાઓ જોવા માટે કહી રહ્યા છે. મીડિયા અહેવાલો અનુસાર, ટ્રમ્પન અને બિડેને તેમની પ્રારંભિક વાતચીતમાં અર્થવ્યાવસ્થા પર ચર્ચા કરી હતી, જેમાં બંને નેતાઓએ મોંઘવારી, નોકરીઓ અને ટેક્સન નીતિ પર એકબીજા પર હુમલો કર્યો હતો. રિપોર્ટ્સ માં કહેવામાં આવી રહ્યું છે કે ચર્ચાના પહેલા અડધા કલાકમાં બિડેન થોડા નર્વસ દેખાયા હતા, જયારે ટ્રમ્પસ એનર્જીથી ભરેલા હતા, પરંતુ તેમણે પોતાના જવાબોમાં જૂઠનો પણ સહારો લીધો હતો. ટ્રમ્પેર કેપિટોલમાં રમખાણોમાં કોઈપણ ભૂમિકાનો ઇનકાર કર્યો છે અને હુલ્લડમાં દોષી ઠેરવવામાં આવેલા લોકોના વર્તનને ખતરનાક તરીકે સ્વીખકારવાનો ઇનકાર કર્યો છે.

તેજીને પગલે
પહેલા પાનાનું ચાલુ

બેન્કિંગ શેરોમાં ૨ ટકાથી વધુ ઉછાળો જોવા મળ્યો છે. નિફ્ટી ટેક અને ટેલિકોમ ઈન્ડેક્સ પણ ઝડપથી આગેકૂચ કરી રહ્યા છે. નિફ્ટી રિયાલ્ટી અને નિફ્ટી ઓટો ઈન્ડેક્સ ૦.૨ ટકા સુધી ઘટાડે કારોબાર થઈ રહ્યા છે. માર્કેટ નિષ્ણાતોએ વૈશ્વિક અને સ્થાનિક સ્તરે પોઝિટીવ પરિબળો તેમજ વિદેશી રોકાણકારો ફરી પાછું રોકાણ વધારી રહ્યા હોવાના અહેવાલે માર્કેટની તેજી આગામી થોડા સમય સુધી જારી રહેવાનો સંકેત આપ્યો છે. લાર્જ કેપ અને મીડ કેપ શેરોમાં બુલિશ ટ્રેન્ડ સાથે નિફ્ટી ટૂંકસમયમાં ૨૫૦૦૦નું લેવલ ક્રોસ કરશે તેવો આશાવાદ વ્યક્ત કરી રહ્યા છે.

જમ્મુથી અમરનાથ
પહેલા પાનાનું ચાલુ

કરતા તેમણે કહ્યું કે છેલ્લા ૩-૪ વર્ષમાં યાત્રા માટે ઘણી વ્યવસ્થા કરવામાં આવી છે અને આ વખતે પણ જમ્મુ-કાશ્મીર પ્રશાસને તમામ જરૂરી વ્યવસ્થા કરી છે. આ ઉપરાંત સુરક્ષા પણ વધારી દેવામાં આવી છે.

આજે પ્રથમ સમૂહ જમ્મુના બેઝ કેમ્પ ભગવતી નગરથી બાલતાલ અને પહેલગામ માટે રવાના થયો છે. આ યાત્રા ૨૯ જૂનથી શરૂ થશે. યાત્રાના રૂટ પર સુરક્ષા દળોની તૈનાતી વધારી દેવામાં આવી છે. આ સાથે ડ્રોન અને ૩૬૫ એંગલ સીસીટીવી કેમેરા દ્વારા પેસેન્જર વાહનો પર નજર રાખવામાં આવી રહી છે. જમ્મુ-શ્રીનગર હાઈવે પર દરેક ૫૦૦ મીટર અને એક કિલોમીટરના અંતરે સુરક્ષા ચોકીઓ ઉભી કરવામાં આવી છે.

અમરનાથ યાત્રા માટે શ્રદ્ધાળુઓ ખૂબ જ ઉત્સાહિત છે. મુસાફરોએ કહ્યું કે અમે પહેલીવાર દર્શન કરવા જઈ રહ્યા છીએ. બાબાએ અમને બોલાવ્યા છે અને અમે લોકોને પણ કહેવા માંગીએ છીએ કે તેઓ કોઈ પણ ચિંતા કર્યા વિના બાબાના દર્શન કરવા આવે. મહત્વનું છે કે ૨૭ જૂને લેફ્ટનન્ટ ગવર્નર મનોજ સિન્હાએ યાત્રાની સુરક્ષા વ્યવસ્થા અંગે એક બેઠક યોજી હતી જેમાં યાત્રા દરમિયાન તમામ પ્રકારની સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવે તેની ખાતરી કરવામાં આવી હતી. તે પણ સુનિશ્ચિત કરવામાં આવ્યું હતું કે ડોકટરો, નર્સો અને રાહત અને બચાવ ટીમો તૈનાત કરવામાં આવે.. લેફ્ટનન્ટ ગવર્નરે કહ્યું કે તીર્થયાત્રીઓ જમ્મુ અને કાશ્મીરના બ્રાન્ડ એમ્બેસેડર છે.

સુરત જિલ્લા
છઠ્ઠા પાનાનું ચાલુ

આંતકીઓએ એ.ટી.એસ. દ્વારા ધરપકડ કરાયેલા અને જેલમાં બંધ આતંકીઓને મુક્ત કરવાની, એક હેલિકોપ્ટર તેમજ રૂા.૨૦૦ કરોડની ડિમાન્ડ કરી હતી. આખરે ચેતક કમાન્ડો શ્રી ગોહિલની આગેવાનીમાં કમાન્ડોએ તકનો લાભ લઈ આતંકીઓને ઝબ્બે કર્યા હતા અને તેમની પાસેથી ચાર એ.કે. ૪૭ રાઈફલ કબ્જે કરવામાં આવી હતી.

આતંકવાદીઓ સાથે મૂઠભેડમાં આતંકીઓએ ૧૫ રાઉન્ડ ફાયરીગ કર્યું હતું. જેનો કમાન્ડોએ મજબૂતાઈથી મુકાબલો કર્યો હતો. સર્ચ ઓપરેશન દરમિયાન તમામ છ બંધકોને સુરક્ષિત મુક્ત કરાવવામાં સફળતા મળી હતી. કોઈ જાનહાનિ વિના ઓપરેશન સફળતાપૂર્વક પાર પાડવામાં આવ્યું હતું.

મોકડ્રીલ દરમિયાન જિલ્લા વહીવટીતંત્ર, સિટી પોલીસ દ્વારા એરપોર્ટથી સિવિલ સુધી ગ્રીન કોરિડોર, એરપોર્ટની ફરતે પૂરતો પોલીસ બંદોબસ્ત, એરપોર્ટ પાસે ટ્રાફિક મેનેજમેન્ટ સરળતાથી કરીને મોકડ્રીલને સફળ બનાવી હતી.

મોકડ્રીલમાં એસ.ઓ.જી.ના ડી.સી.પી. શ્રી રાજદિપસિંહ નકુમ, કાઈમ ડી.સી.પી. શ્રી બી.પી. રોજીયા, ઝોન-૬ ના ડી.સી.પી. શ્રી આર.ટી.પરમાર, મામલતદારશ્રી પંકજ મોદી, ઈંજીહ્વના ડે. કમાન્ડન્ટ આશિષ રાવત, સુરત એરપોર્ટ જનરલ મેનેજર ચંદ્રકાંત સંકુશલે, ફાયર, સિટી પોલીસ અને રાજ્યની સંબંધિત ઓથોરિટીના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ઓલપાડ તાલુકાની
છઠ્ઠા પાનાનું ચાલુ

જાય છે. બાળકો પર ધ્યાન આપી શાળાની પ્રવૃત્તિઓ પર ધ્યાન આપી શાળાના શિક્ષકોને બાળકોના અભ્યાસ અને ચાલચલગત વિશે પૂછવું જોઈએ. બાળકોના અભ્યાસ પર શિક્ષકોને પણ પોતાનું યોગદાન ખૂબ જરૂરી છે એમ તેમણે ઉમેરી બાળકોને શુભેચ્છા પાઠવી હતી.

આ અવસરે કમિશનરશ્રી તથા અન્ય મહાનુભાવોના હસ્તે શાળામાં વૃક્ષારોપણ કરાયું હતું. આ પ્રસંગે ઓલપાડ પ્રાંત અધિકારી પાર્થ તલસાણિયા, ઇ.ટીડીઓ નરેશભાઇ, નાયબ મામલતદાર રાજેશભાઈ, સુરત જિ. પ્રાથમિક શિક્ષણ સંઘના પ્રમુખ કિરીટ ભાઈ, તા.પંચાયતના સભ્ય અંજુબેન, સરપંચ આનંદભાઈ શાળાના આચાર્ય અમિતભાઈ પટેલ, મોટી સંખ્યામાં વાલીઓ, વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

માંગરોળ તાલુકાની
છઠ્ઠા પાનાનું ચાલુ

પ્રાથમિક શાળામાં ૪૩ બાળકોએ પ્રવેશ મેળવ્યો હતો આ પ્રસંગે નગરપાલિકા પ્રમુખશ્રી કપિલાબેન પરમાર, જિલ્લા સંગઠન પ્રમુખશ્રી ભરતભાઇ રાઠોડ, અગ્રણીઓ કિશનભાઇ પટેલ, દિપકભાઇ વસાવા, જગદીશભાઇ ગામીત, શિક્ષકો સહિત મોટી સંખ્યામાં વાલીઓ અને બાળકો ઉપસ્થિત રહ્યા હતા.

અકલેરા
છઠ્ઠા પાનાનું ચાલુ

શાળામાં પ્રવેશ સહ નામાંકન કરાવ્યું હતું. આ પ્રસંગે ધારાસભ્યશ્રીએ શાળામાં પ્રવેશ મેળવનાર બાળકોને ઉજ્જવળ ભવિષ્યની તેમના જીવન ઘડતરની શરૂઆતની શુભેચ્છાઓ પાઠવતાં જણાવ્યું કે આજે શિક્ષણ ક્ષેત્રે ક્રાંતિકારી આમૂલ પરિવર્તન આવ્યું છે એ વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીએ રાજયમાં શરૂ કરાવેલા કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવને આભારી છે. વડાપ્રધાનશ્રીએ શાળા પ્રવેશોત્સવને ઉત્સવમાં રૂપમાં ઉજવવાની નવી સંસ્કૃતિ વિકસાવી બાળકોને ગર્વ થાય અને હોંશે-હોંશે શિક્ષણ મેળવવા શાળાએ જાય એવા પ્રયાસો કર્યા હતા, જેના ઉત્સાહજનક પરિણામો મળી રહ્યા છે. શાળા પ્રવેશોત્સવ માત્ર શિક્ષણનો ઉત્સવ નથી.. એ વિદ્યાર્થીના, તેના પરિવારના, આપણા રાજ્ય અને દેશના ઉજ્જવળ ભવિષ્યનો પણ ઉત્સવ છે એમ જણાવી પરિવારને ગર્વ થાય અને સમાજ તેમજ દેશને ઉપયોગી થાય એવી કારકિર્દીમાં બાળકોને આગળ વધવા પ્રોત્સાહન આપ્યું હતું.

આ કાર્યક્રમમાં શૈક્ષણિક કીટ અને શાળામાં દાન આપનાર દાતાઓ અને તેજસ્વી, સિદ્ધિપ્રાપ્ત બાળકોનું ધારાસભ્યશ્રીએ સન્માન કર્યું હતું. સાથે સાથે તેમણે શાળામાં વૃક્ષારોપણ કરી પ્રકૃત્તિ સંરક્ષણનો સંદેશ આપ્યો હતો. આ પ્રસંગે શાળાના સ્ટાફ, દાતાઓ, અગ્રણીઓ, વાલીઓ, ભુલકાઓ ઉપસ્થિત રહ્યા હતા.

મહુવાથી
છઠ્ઠા પાનાનું ચાલુ

કાનજી ફળિયા કોસ પ્રાથમિક શાળા ખાતે બાલવાટિકામાં ૩ જ્યારે અનાવલ ગામની કે.એલ.પટેલ હાઈસ્કૂલ ખાતે ધો. ૯ના ૨૦૦ અને ધો. ૧૧ના ૧૧૦ બાળકો મળીને કુલ ૩૩૫ બાળકોને વાજતે ગાજતે મહાનુભાવોના હસ્તે શાળા પ્રવેશ અપાવ્યો હતો.

કામરેજ
છઠ્ઠા પાનાનું ચાલુ

આવ્યા હતા. તેમજ સંકલિત બાળ વિકાસ યોજના કચેરી કામરેજ તરફથી આંગણવાડીના બાળકોને ચિત્રપોથી અને યુનોફોર્મની ભેટ પ્રોત્સાહન રૂપે આપવામાં આવી હતી.

શિવાંગી
છઠ્ઠા પાનાનું ચાલુ

સરળતાથી સમજાય તે પ્રકારનો અભ્યાસક્રમ તૈયાર કરાયો છે. વાલીઓને સંબોધીને તેઓએ કહ્યું કે, આપણા બાળકોને શાળામાં મોલકીએ ત્યારે તેનું ધ્યાન રાખવું પણ જરૂરી છે. સમયાંતરે બાળકોને શાળામાંથી આપવામાં આવતી પ્રવૃતિઓ પર ધ્યાન આપવું જોઈએ. તેમજ બાળકોને સમય ફાળવી તેમના અભ્યાસ તેમજ શાળા વિશે જાણકારી રાખવી જોઈએ.સાથે જ આજના સમયમાં બાળકોને મોબાઈલથી દૂર રાખવા આહ્વાન કર્યું હતું.

ભારતનો
છઠ્ઠા પાનાનું ચાલુ

સર્વેને આવકારી સ્વાગત પ્રવચન કર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, એક અહેવાલ મુજબ, ભારતનો ટેક્ષ ટુ જીડીપી રેશિયો ૨૦૨૪–૨૫ માં જીડીપીના ૧૧.૭ ટકાની વિક્રમી ઊંચી સપાટીએ પહોંચવાની ધારણા છે. જે વધુ સમાન પ્રત્યક્ષ કરવેરામાં ઉછાળાને કારણે થશે. ગત વર્ષે ટેક્ષ ટુ જીડીપી રેશિયો ૧૧.૬ ટકા અને વર્ષ ૨૦૨૨–૨૩માં ૧૧.૨ ટકા હતો. આ મુખ્યત્વે પ્રત્યક્ષ કર ૨૦૨૨–૨૩માં જીડીપીના ૬.૧ ટકાથી વધીને આ વર્ષે ૬.૬ ટકા અને આવતા વર્ષે ૬.૭ ટકા થવાને કારણે છે. સરકાર દ્વારા જાહેર કરાયેલા આંકડાઓ અનુસાર, એસેસમેન્ટ ઈયર ૨૦૨૩–૨૪માં ૮.૧૮ કરોડ લોકોએ ઈન્કમ ટેક્ષ રિટર્ન ફાઈલ કર્યા હતા, જે ગત વર્ષ એસેસમેન્ટ ઈયર ૨૦૨૨–૨૩ની તુલનામાં ૯ ટકા વધુ રિટર્ન ફાઈલ કરવામાં આવ્યા હતા.

ચેમ્બરનું
છઠ્ઠા પાનાનું ચાલુ

સુરત ખાતે બને છે, પરંતુ ડાયમંડના વ્યાપાર માટે વેપારીઓને મુંબઈ જવું પડે છે, આથી મુંબઈ ખાતે ઓફિસો ધરાવતા રાષ્ટ્રીય તેમજ આંતર રાષ્ટ્રીય કક્ષાના ટ્રેડર્સને હવે ટ્રેડીગ હબ તરીકેનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર સુરત ડાયમંડ બુર્સમાં ઉભું કરવામાં આવ્યું છે. ચેમ્બરના પ્રતિનિધિ મંડળે સુરત ડાયમંડ બુર્સ ખાતે વિવિધ ઓફિસો, વેપારીઓ માટે ઉભી કરાયેલી સગવડો, બેંકો, પાક'ગ વ્યવસ્થા અને સિકયુરિટી સિસ્ટમ વિશે જાણકારી પ્રાપ્ત કરી હતી. અહી પ્રવેશદ્વારથી કોઈપણ વ્યકિત તેના ઓફિસ સુધી ઓછામાં ઓછી છ મિનિટમાં પહોંચી શકે છે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે તેના વિશે પણ પ્રતિનિધિ મંડળે અભ્યાસ કર્યો હતો.

ઉન-ગભેણીમાં
છઠ્ઠા પાનાનું ચાલુ

અને શાળા પ્રવેશોત્સવ મિશનનો હેતુ મહત્તમ બાળકોને પૂર્વ પ્રાથમિક શિક્ષણ માટે પ્રોત્સાહન આપવાનું છે. જેનો સુરત શહેર ખાતે ખૂબ સારો પ્રતિસાદ

સાંધ્ય દૈનિક

પ્રતાપ દર્પણ

શુક્રવાર, તા.૨૮ જૂન ૨૦૨૪ | મોબાઈલ : ૯૮૨૫૫ ૩૨૫૦૫, E-mail : pratap_darpan@yahoo.co.in

સુરત, તાપી, નવસારી અને વલસાડમાં સાર્વત્રિક મહેર વરસાવતા મેઘરાજા

સૌથી વધુ ઉમરગામમાં બે અને વાપીમાં દોઢ ઈંચ વરસાદ ઝીંકાયો

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૨૮

દક્ષિણ ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન સુરત જિલ્લામાં ઓલપાડમાં છ એમ એમ અને ચોર્યાસી તાલુકા માં સાત એમ એમ વરસાદ વરસ્યો હોવાનું જાણવા મળે છે આ સિવાય તમામ તાલુકાઓ માં વરસાદનો વિરામ રહ્યો છે નવસારી જિલ્લામાં જોઈએ તો નવસારી તાલુકામાં એક એમએમ અને ચીખલી તાલુકામાં ચાર એમ એમ જ્યારે ખેરગામ તાલુકામાં ત્રણ એમએમ વરસાદ વરસ્યો છે. તાપી જિલ્લામાં વાલોડમાં ૧૭ એમએમ અને નિઝર તાલુકામાં ૧૯ એમ.એમ તેમજ કુકરમુંડા તાલુકામાં ૯ એમએમ અને વ્યારામાં સામાન્ય એક એમએમ વરસાદ નોંધાયો છે ખૂબ જ મહત્વની બાબત છે કે છેલ્લા ત્રણ દિવસથી ભરપૂર વનરાજી થી આચ્છાદિત ડાંગ

અનુસંધાન પાના ૭ પર

સુરત શહેરમાં સવારે પોણો, અડધો ઈંચ જેટલો વરસાદ

સવારથી બપોર સુધી ઠેર-ઠેર વરસાદ

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૨૮

દક્ષિણ ગુજરાતમાં કેટલાક તાલુકાઓમાં સવારથી વરસાદી માહોલ જોવા મળી રહ્યો છે નવસારીમાં સવારથી ૧૨ વાગ્યા સુધીમાં નવસારી ૪ એમએમ જ્યારે જલાલપુરમાં ૧૨ એમ એમ વરસાદ વરસ્યો છે. ડાંગ જિલ્લામાં આજે પણ સવારથી વરસાદી માહોલ

અનુસંધાન પાના ૭ પર

સુરત શહેરમાં આજે સવારે જોરદાર વરસાદ પડતાં રસ્તાઓ પર વાહનોની ગતિ ધીમી પડી ગઈ હતી. મેટ્રો રેલ્વેની કામગીરી વચ્ચે જોરદાર વરસાદ પડતાં રિંગરોડ ઉધના દરવાજા વિસ્તારમાં ભારે ટ્રાફિક જામના દૃશ્યો સર્જાયા હતા અને સવારે કામ-ધંધા અર્થે નિકળેલા વાહનચાલકો ટ્રાફિક જામમાં અટવાય પડ્યાં હતાં.

સુરતમાં ચોમાસાના આગમન સાથે વરસાદી માહોલ જામ્યો છે. આજે સવારે જોરદાર વરસાદ પડતાં સુરત શહેરની ફૂટપાથ પર છત્રીઓનું વેચાણ પણ શરૂ થઈ ગયું છે. ફૂટપાથ પર વેચવા માટે મુકવામાં આવેલી છત્રીઓની આ તસ્વીર છે.

દક્ષીણ ગુજરાતમાં જોરદાર વરસાદ પડતા વાતાવરણ ઠંડુ

સુરતમાં સવારનું તાપમાન એક ડીગ્રી નીચું નોંધાયું

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૨૮

સુરત શહેર જિલ્લા ઉપરાંત સમગ્ર દક્ષીણ ગુજરાતમાં જોરદાર વરસાદ વરસી રહ્યો છે. સર્વત્ર મેઘરાજાએ મહેર વરસાવતા ચારેય તરફ શીત લહેર વ્યાપી ગઈ છે. સુરતમાં વરસાદને પગલે તાપમાનમાં એક ડીગ્રીનો ઘટાડો થવા સાથે ભેજના પ્રમાણમાં વધારો થયો છે. સુરતમાં આજે સવારથી જોરદાર વરસાદી માહોલ વ્યાપતા તાપમાનનો પારો ગગડી ગયો છે. હવામાન વિભાગે જણાવ્યા મુજબ આજે વહેલી સવારે તાપમાન ઘટીને ૨૬.૯ ડીગ્રી નોંધાયું છે. જે ગઈકાલે સવારે ૧૭.૮ ડીગ્રી નોંધાયું હતું. છેલ્લા ૨૪ કલાકમાં મહત્તમ તાપમાન ૩૩ ડીગ્રી જણાવાયેલું છે. વરસાદને પગલે વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૮૯ ટકા ઉંચુ નોંધાયું છે અને દક્ષીણ દિશા તરફથી છ કિમીની ઝડપે પવન ફૂંકાય રહ્યો છે. સુરતમાં આજે શુક્રવારે સવારથી

અનુસંધાન પાના ૭ પર

વરસાદને પગલે વેસુ રોડ પર મોટુ હોર્ડિંગ્સ તૂટી પડ્યું

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૨૮

આજે સવારે વેસુ પોલીસ સ્ટેશન પાસે એક મોટું હોરડીનગ્સ તૂટી પડતા ફાયર બ્રિગેડના જવાનોએ તેને સાઈડ પર ખસેડીને કબજો અથવા ઝોનને સોંપવામાં આવ્યો હોવાની વિગત ફાયર બ્રિગેડે આપી હતી. ફાયર બ્રિગેડ સૂત્રોના જણાવ્યા અનુસાર, આજે સવારે વિશુ વિસ્તારમાં પવનના સુસ્વાટા સાથે વરસાદ પડતા વેસુ પોલીસ સ્ટેશન પાસે નું એક મોટું હોરડીનગ્સ તૂટી પડ્યું હતું. આ બનાવની જાણ ફાયર બ્રિગેડને કરવામાં આવતા વિશુ ફાયર સ્ટેશન ના ફાયર જવાનોએ હોર્ડિંગ્સ નો કાટમાળ ખસેડીને તેનો કબજો અઠવા ઝોનને સુપ્રત કર્યો હતો.

ઉકાઈમાં નવા પાણીની આવક શરૂ થતા ડેમની સપાટી વધી

કોઝવેની જળ સપાટીમાં પણ થોડો વધારો

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૨૮

સુરત સહિત સમગ્ર દક્ષિણ ગુજરાતમાં મેઘરાજાનું આગમન ધીમે ધીમે શરૂ થઈ ચૂક્યું છે ત્યારે છેલ્લા ૨૮કલાકમાં શહેરના વિવિધ વિસ્તારોમાં છૂટો છવાયો વરસાદ પડ્યો હતો. જોકે ગઈકાલે સવારે ૬:૦૦ વાગ્યાથી આજે સવારે ૮:૦૦ વાગ્યા સુધીમાં ફ્લડ કન્ટ્રોલ રૂમમાં વરસાદના જે આંકડા નોંધવામાં આવ્યા છે તે જોતા સેન્ટ્રલ ઝોન માં૧ એમએમ, રાંદેર ઝોનમાં ૦૧એમએમ, કતારગામ ઝોનમાં ૨એમ એમ, વરાછા એ જોનમાં ૦૩એમએમ, વરાછા બી ઝોન મા ૦૧એમ એમ , લિંબાયત ઝોન માં ૦૧એમએમ, ઉધના ઝોન મા ૦૪ એમ એમ .અને અથવા ઝોનમાં ૦૧ એમ.એમ. વરસાદ પડ્યો હતો. ઉકાઈ ડેમનું જળસ્તર આજે સવારે ૩૦૫ .૪૭ફૂટ અને કોઝવે નું જળસ્તર ૪.૮૮મીટર નોંધાયું હતું.

મોટા વરાછામાં ઝેર પીને મહિલાની અત્મહત્યા

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૨૮

મોટા વરાછામાં મહિલાએ ઝેર પીને આત્મહત્યા કરી લીધી હતી.

ઉત્રાણ પોલીસ પાસેથી મળતી માહિતી મુજબ, મૂળ ભાવનગર જિલ્લાના પરવડી ગામના વતની અને હાલ મોટાવરાછા સુદામા ચોક પાસે આવેલ શ્રીનિધિ રેસીડેન્સીમાં રહેતા સંજય સવાણી ઓનલાઈન ઘર-વખરી તથા રસોડાનો સામાન વહેંચવાનો વ્યવસાય કરી પત્ની કિંજલ (૩૫ વર્ષ) તેમજ એક પુત્રનું ભરણપોષણ કરે છે. સંજયભાઈની પત્ની કિંજલએ ૨૪ જૂનના સવારે ઘરમાં ઝેર પીને આત્મહત્યા માટે પ્રયાસ કર્યો હતો. જેની જાણ સંજયને

અનુસંધાન પાના ૭ પર

કરંજ-પુણા ખાડી બ્રીજ પાસેની સોસાટીના ડીમોલીશન પર વડી અદાલતની મનાઈ

ડીમોલીશન અંગે વચગાળાનો સ્ટે લાગુ કરતી ગુજરાત હાઈકોર્ટ

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૨૮

પુણા કરંજ ને જોડતી કાળી પાસે આવેલી અસંખ્ય સોસાયટીના ડિમોલિશન કરવાની સામે સ્થાનિક રહીશોએ હાઈકોર્ટમાં પિટિશન ફાઈલ કરી હતી. જેની સુનાવણીના અંતે ગુજરાત હાઈકોર્ટના વિદ્વાન જસ્ટિસ એ ડિબોલીશન પર વચગાળાનો મનાઈ હુકમ આપી પોતાના ચુકાદામાં એવું જણાવ્યું હતું કે વરાછા ઝોન ના અધિકારીઓએ સ્થાનિક સોસાયટીના રહીશોને પહેલા સાંભળવાના હતા અને ત્યારબાદ જ તેઓને ખાલી કરવાની નોટિસ આપવાની હતી. સ્થાનિક સોસાયટી ના રહીશો તરફે સુરતના એડવોકેટ ઝમીર શેખ ઉપસ્થિત રહ્યા હતા.

આ કેસની ટૂંક વિગતો એવી છે કે પોણા કરંજને જોડતી ખાડીને બોક્સ પેક કરવાની કામગીરી ઘણા લાંબા સમયથી ચાલી રહી છે. આ કામગીરી અંતર્ગત પુણાના ઈશ્વર નગર ખાતે માંડ અઠવાડિયા પહેલા નડતરરૂપ નિર્માણનું ડિબોલીશન શરૂ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ સ્થાનિક રહીશોએ ગુજરાત હાઈકોર્ટમાં ડિમોલિશનની કાર્યવાહી સામે દાખલ કરી મનાઈ હુકમની માંગણી કરતા વિદ્વાન જસ્ટિસ છે વચગાળાનો મનાઈ હુકમ આપ્યો

અનુસંધાન પાના ૭ પર

સુરત શહેરમાં ઠેર-ઠેર અડધો-પોણો ઈંચ વરસાદ પડતાં અનેક માર્ગો પર વરસાદી પાણી ભરાય જવાથી સમસ્યા ઉદભવી હતી. સામાન્ય વરસાદમાં પણ સુરત શહેરનાં માર્ગો પર વરસાદી પાણી ફરી વળ્યાં હોવાનું આ તસ્વીરમાં નજરે પડે છે.

હોર્ડીંગ્સ પર લાગતા નકામા બની ગયેલા પ્લાસ્ટીકના ફ્લેક્સનો ઉપયોગ ચોમાસામાં વરસાદના પાણીથી બચવા માટે કરવામાં આવી રહયો છે. ચોમાસા દરમિયાન ચોકબજાર બ્રીજની ફૂટપાથ પર પ્લાસ્ટીકના ફ્લેક્સનું વેચાણ શરૂ કરી દેવામાં આવ્યું છે.

નિઃસંતાન વૃદ્ધિ દંપતિના ઘરે પોલીસે પતરાનો શેડ બનાવી દીધો

પી.આઈ. અતુલ સોનારા વૃદ્ધ લાચાર દંપતિની મદદે દોડી આવ્યા

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૨૮

રાંદેર પોલીસ સ્ટેશનમાં પોલીસ ઈન્સ્પેક્ટરના કાર્યકાળ દરમિયાન તત્કાલીન પીઆઈ અતુલ સોનારાએ કરેલી સેવાભાવી કામગીરી ફળશ્રુતિ બની છે. રાંદેરમાં તેમના કાર્યકાળ દરમિયાન અતુલ સોનારાએ એકથી વધુ વખત એવા સેવાના કાર્યો કર્યા છે જે આજે લાચાર લોકો માટે બહુજ ફળદાયક બની રહ્યા છે. પહેલા લોકો પોલીસ સ્ટેશન માત્ર ફોજદારી કેસ નોંધાવવા આવતા હતા. પરંતુ હવે જરૂરિયાત મંદો પોતાની આર્થિક કહો કે પછી કોઈ પણ જરૂરિયાત હોય સુરત પોલીસ પાસે મદદ માંગવા માટે આવી રહ્યા છે. અને સુરત પોલીસ તેમની જરૂરિયાતો સંતોષી રહી છે. ખરેખર તો આ સેવાના કાર્યો કરવાની પ્રેરણા સુરત પોલીસને એસ ઓ જીના વર્તમાન પીઆઇ અતુલ સોનારા પાસેથી મળી છે એવું પણ કહેવાય તો ખોટું નથી. તત્કાલીન પી.આઈ અતુલ સોનારાએ પોતાના રાંદેરના સ્ટાફને સેવાના કાર્યો કરવા તરત જ આગળ વધવા માટેનું શીખવી ગયા છે જે આજે સ્ટાફને ઘણું કામ લાગી રહ્યું છે. રાંદેર વિસ્તારમાં જ રહેતું સંતાન વગરનું વૃદ્ધ દમ્પતી

અનુસંધાન પાના ૭ પર

ડીંડોલીમાં મધુરમ આર્કેડમાં પીઝાની દુકાનમાં આગ લાગી

ફાયર બ્રિગેડે પહોંચીને આગ પર કાબુ મેળવ્યો

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૨૮

ડીંડોલી મધુરમ આરકેડ માં આવેલી એક પીઝા ની દુકાન માં આજે વહેલી સવારે સાડા પાંચ વાગ્યાના અરસામાં આકસ્મિક આગ લાગતા ડીંડોલી અને ડુભાલ ફાયર સ્ટેશનના ફાયર ઓફિસર અને ફાયર જવાનોએ ઘટના સ્થળે ઘસી ગઈ આગને બુજાવી નાખી હોવાનો બનાવ ફાયર બ્રિગેડ ના ચોપડે નોંધાયો હતો.

ફાયર બ્રિગેડ સૂત્રોના જણાવ્યા અનુસાર, ડીંડોલી મધુરમ આરકેડ માં એકબીજાની દુકાન આવેલી છે. આજે વહેલી સવારે પીઝાની દુકાનમાં કોઈક કારણોસર આગ લાગી હતી. આગના બનાવની જાણ ફાયર બ્રિગેડને કરવામાં આવતા ડુંભાલ અને ડીંડોલી વાયર સ્ટેશનના ફાયર ઓફિસરોને ઘટના સ્થળે પાણીના ટેન્કર અને ફાઈટર લઈને મોકલી આપવામાં આવ્યા હતા. જ્યાં તેઓએ પાણીનો છંટકાવ કરીને પીઝાની દુકાનમાં લાગેલી આગને બુજાવી નાખી હતી.

અનુસંધાન પાના ૭ પર

ઉત્રાણમાં દારૂના અડ્ડા પર સ્ટેટ વિજીલન્સ પોલીસે છાપો માર્યો

મુખ્ય બુટલેગરો ભાગી ગયા અને આઠ ઝડપાયા

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૨૮

ઉતરાણ આરોગ્ય કેન્દ્ર નજીક હળપતિ આવાસના રૂમ નંબર ૨૫૩ માં ચાલતા દારૂના ધંધા ઉપર વિજિલન્સ દ્વારા રેડ કરી ૮ બુટલેગરોને ઝડપી પાડવામાં આવ્યા હતા જ્યારે આ દારૂનો ધંધો ચલાવતા હિતેશ પટેલ અને સંજય માલિયાને વોન્ટેડ જાહેર કર્યા હતા.

ઉતરાયણ પોલીસ સ્ટેશનની હદમાં કતારગામ વિસ્તારમાં રહેતો બુટલેગર હિતેશ પટેલ અને સંજય માલ્યા ઉતરાયણ આરોગ્ય કેન્દ્ર નજીક હળપતિ આવાસના ઘરમાં દારૂ સંબંધિત ધંધો કરે છે. ગઈકાલે મોડીરાત્રીએ સ્ટેટ વિજિલન્સ ની ટીમ દ્વારા હિતેશ પટેલના ધંધા ઉપર રેડ કરવામાં આવી હતી. વિજિલન્સે ઘટના સ્થળેથી જયેશ મહેશ પટેલ વિશાલ મહેશ પટેલ યોગેશ શ્રીમંત ચંદા ભી કુ ઠાકોર રાઠોડ કિશોર

અનુસંધાન પાના ૭ પર

પુણામાં રત્નકલાકાર યુવકે કરેલો આપઘાત

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૨૮

પુણાગામમાં આર્થિક સંકડામણમાં રત્નકલાકારે ઝેર પીને આત્મહત્યા કરી લીધી હતી.

મૂળ અમરેલી જિલ્લાના સાવરકુંડલા તાલુકાના પિપાવા ગામના વતની અને હાલ પુણાગામ વિસ્તારમાં આવેલ શંકર સોસાયટીમાં રહેતા વિરેન્દ્ર શંભુભાઈ રૈયાણી (૪૩ વર્ષ) રત્નકલાકાર તરીકે નોકરી કરીને પરિવારનું ગુજરાન ચલાવતો હતો. ઘરના ખર્ચને લઈને છેલ્લાં ઘણાં સમયથી તે આર્થિક તનાવમાં

અનુસંધાન પાના ૭ પર

સોનાલી ડાઇંગ મિલમાંથી વાહન ચોરી કરનાર બે ચોર ઝડપાયા

ચોરીની બાઈક મળી આવતા બંનેની ધરપકડ

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૨૮

કડોદરા તારીખ ૨૮ કડોદરા ના તાતી થૈયા ખાતે આવેલ સોનાલી ડાઈંગ એન્ડ પ્રિન્ટિંગ મિલમાં મોટરસાયકલ ચોરીનો ભેદ ઉકેલ મોટરસાયકલ સાથે બે આરોપીયો ને પોલીસે પકડી પાડી કાર્યવાહી હાથ ધરી છે પોલીસ માંથી મલતી વિગતો મુજબ કડોદરા જીઆઈડીસી પોલીસ સ્ટાફ આજરોજ કરોડરા પોસ્ટે મિલકત સંબંધીત અને અન ડિટેક્ટ ગુના અંગે વોચ તપાસમાં હતા તે દરમિયાન હે કો હરેશ અને પોકો રૂડાભાઈ ને ખાનગી રહે બાતમી મળી હતી કે એક ચોરીની નંબર વગરની હીરો કંપનીની સ્પ્લેન્ડર પ્લસ મોટર સાઇકલ લઇ બે ઈસમો સહયોગ હોટલ તાતી થૈયા ગામથી સહયોગ હોટલ થઈ બારદોલી તરફ જનાર છે જે બાતમી ના આધારે પોલીસે સહયોગ હોટલની સામે

અનુસંધાન પાના ૭ પર

રૂ. ૧.૧૪ કરોડના ઠગાઈ કેસમાં આરોપીના જામીન નકારતી કોર્ટ

અફઝલ ઉર્ફે ડિમ્પુની અરજી ફગાવતી અદાલત

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૨૮

સુરત.તા.૨૭

મહીધરપુરા હીરા બજારના વેપારી પાસેથી હીરાનો માલ ખરીદી રૂ.૧.૧૪ કરોડનુ પેમેન્ટ નહી ચુકવનાર પોલીશડ ડાયમંડના વેપારી અફઝલશાહ ઉર્ફે ડિમ્પુ કાદરીના જામીન જેએમએફસી કોર્ટે ફગાવી દીધા હતા. અફઝલશાહ ઉર્ફે ડિમ્પુ સામે ઠગાઈનો પણ ગુનો નોંધાયો હતો. આ ગુનામાં પણ તે જેલવાસ ભોગવી રહ્યો છે. મુળ ફરિયાદી તરફે વકીલ નદીમ ચૌધરીએ દલીલો કરી હતી.

આ કેસની વિગત એવી છે કે, ગોપીપુરા બડેખા ચકલા કાદરી એપાર્ટમેન્ટમાં રહેતા અફઝલ શાહ ઉર્ફે ડિમ્પુ અકબરશાહ સિકંદરશાહ કાદરી પોલીશડ ડાયમંડ લે-વેચ અને કન્સ્ટ્રકશનના વ્યવસાય સાથે સંકળાયેલો છે. અફઝલ શાહે વચેટીયા હીરા દલાલ હરીશ લહેરી મારફતે મહિધરપુરા હીરા બજારમાં હીરા લે-વેચનો ધંધો કરતા જીગર શૈલેષ પટેલ(રહે.રવિકિરણ

અનુસંધાન પાના ૭ પર